
# વિકલાંગ વ્યક્તિઓ માટે સેવારત સંસ્થાઓની માહિતી પુસ્તિકા



## સાબરકાંઠા જિલ્લો
ગુજરાત

# અનુક્રમણિકા


- પ્રસ્તાવના
- માહિતી પુસ્તિકાનો ઉપયોગ કેવી રીતે કરવો?
- સંસ્થાઓની યાદી
- સંસ્થાઓની વિશિષ્ટ માહિતી

| | | |
|---|---|---|
| ૧. | પુનર્વસન સંસ્થાઓ | ૧ |
| ૭. | હોસ્પિટલો | ૧૭ |
| ૮. | વિકાસલક્ષી સંગઠનો/સંસ્થાઓ | ૨૪ |

- સેવાઓની વિષય સૂચિ
- પરિશિષ્ટો

| | | |
|---|---|---|
| ૧. | વિકલાંગ વ્યક્તિઓ માટેની યોજનાઓ | ૫૪ |
| ૨. | વિકલાંગ વ્યક્તિઓ માટેના અધિનિયમો અને વિધેયક | ૭૨ |
| ૩. | વિકલાંગ વ્યક્તિઓ માટે ટેલિફોન સહાય સેવા (હેલ્પ લાઇન) | ૭૮ |
| ૪. | વિકલાંગ વ્યક્તિઓ માટેના આયુક્તશ્રીનું કાર્યાલય | ૭૯ |

- પ્રતિભાવ માટેનું નમૂનાપત્રક ૮૧

# પ્રસ્તાવના

ભારતમાં વિકલાંગતાના સંખ્યાપ્રમાણ વિશે અનેક અંદાજો છે. વસ્તી ગણતરી ૨૦૦૧ દર્શાવે છે કે વિકલાંગતાની અસર પામેલી વસ્તી કુલ વસ્તીના ૨.૨ ટકા છે. વિશ્વ આરોગ્ય સંગઠન (ડબ્લ્યુએચઓ) આ આંકડો કુલ વસ્તીના ૫થી ૬ ટકા જેટલો મૂકે છે જ્યારે અન્ય અહેવાલો આ આંકડાને ૧૦ ટકા જેટલો ઊંચો દર્શાવે છે.[૧] આ લોકોમાં હંગામી (કામચલાઉ કે ટૂંકા ગાળા માટે) વિકલાંગ જનોને ઉમેરીએ તો આ આંક ઘણો ઉંચો થશે.

હંગામી અને કાયમી વિકલાંગતાઓ ધરાવતાં બન્ને જનોને દવાખાનાઓ, કસરત ઉપચાર કેન્દ્રો તેમ જ સહાયકો અને સહાયક સાધનો અને ઉપકરણો જેવી સેવાઓ મેળવવાની જરૂર રહે છે. વધુમાં વિકલાંગતાઓ ધરાવતા લોકો તેઓને શિક્ષણ, વ્યાવસાયિક તાલીમ અને રોજગારી માટેની સહાયતા ક્યાંથી મળી શકે તે પણ જાણવા માંગે છે. આ સેવાઓનાં સ્થાન કયાં છે અને તેઓને કેવી રીતે મેળવવી તેના વિશેની માહિતી વારંવાર સમુદાય આધારિત સંગઠનો કે જેઓ વિકલાંગ વ્યક્તિઓના સંપર્કમાં હોય છે તેમની પાસેથી તરત જ હાજરમાં મળતી નથી. ગ્રામ કક્ષાએ કાર્ય કરતાં સંગઠનો અને પુનર્વસન પૂરું પાડનારાઓ વચ્ચે મોટા ભાગે અપૂરતું સંકલન અને સંબંધ જોડાણ હોય છે.

આ માહિતી પુસ્તિકા એવી રીતે તૈયાર કરવામાં આવી છે કે જેથી તે માહિતી અને સંબંધ જોડાણ વચ્ચેની આ ખાઈ પૂરવાના સેતુ તરીકે સેવા (કામ) આપી શકે. તેનો સંસ્થાઓ/સંગઠનો અને વ્યક્તિઓ દ્વારા માત્ર સેવાઓ સુધી પહોંચવા માટે એટલું જ નહીં પરંતુ લઘુતમ ધોરણ અને ગુણવત્તાની સેવાઓ માગવાના આધાર તરીકે પણ ઉપયોગ કરી શકાય છે. અમે આશા રાખીએ છીએ કે સુધારા–વધારા કરેલી માહિતી સુધીની પહોંચ વિકલાંગ વ્યક્તિઓનું સમાજમાં સંમિલન થવાને પ્રોત્સાહન આપવાનો માર્ગ બનાવશે. અમે આ માહિતીની અન્ય લોકો સાથે આપ–લે કરવાને અરજ કરીએ છીએ.

ગુજરાતના સાબરકાંઠા જિલ્લાભરમાં પુનર્વસન સંસ્થાઓ, વિકાસલક્ષી સંસ્થાઓ, દવાખાનાઓ દ્વારા અપાતી અને કેટલાક ચાવીરૂપ સરકારી સહાયથી ચાલતા કેન્દ્રો/સંગઠનો દ્વારા પણ આપવામાં આવતી સેવાઓ વિશેની માહિતીને કાળજીપૂર્વક સંકલિત કરવાનો આ અમારો પ્રથમ પ્રયાસ છે. સરકારની યોજનાઓ અને વિધેયકનું વિહંગાવલોકન પણ કરવામાં આવ્યું છે જેની નેમ એ છે કે વિકલાંગ વ્યક્તિઓ અને તેઓની સંભાળ લેનારાઓ તેઓના અધિકારો વિશે જાણી શકે.

---

[૧] ઈ–હેલાન્ડર, પ્રેજ્યુડાઈસ એન્ડ ડિગ્નીટીઃ એન ઇન્ટ્રોડક્શન ટુ કમ્યુનિટી બેઝ્ડ રીહેબિલિટેશન, યુએનડીપી, ૧૯૯૨.

વિકલાંગ વ્યક્તિઓની માત્ર શૈક્ષણિક અને આર્થિક જરૂરિયાતોને જ નહી પરંતુ તેઓની સામાજિક અને મનોવૈજ્ઞાનિક/ભાવાત્મક જરૂરિયાતોને પણ લક્ષ્ય બનાવે તેવી સેવાઓની બહોળી વ્યાપ મર્યાદા વિશેની માહિતી સંકલિત કરવાનો પણ અમે વિશેષ પ્રયત્ન કર્યો છે. 'માહિતી પુસ્તિકાનો ઉપયોગ કેવી રીતે કરવો' વિશેની નોંધ અને સેવાઓની 'વિષયસૂચિ' વાંચકોને તેઓ જે માહિતી શોધવા માંગતા હોય તે જોવામાં મદદ કરવા માટે આપેલી છે.

ઉપયોગ કરનારાઓની મહત્તમ સંખ્યાને પહોંચવા માટે આ માહિતી એક જ સમયે એક સાથે અંગ્રેજી અને ગુજરાતી બન્નેમાં પ્રકાશિત કરવામાં આવી રહી છે. કોઈ પણ રીતે આ માહિતી સર્વ વિગતોને આવરી લેતી અને સંપૂર્ણ નથી. આ માહિતી પુસ્તિકામાંની વિગતો પ્રતિભાવ મળશે તે આધારે પુનરાવર્તિત કરી શકાશે. અમે ઉપયોગ કરનારાઓને તેઓની ટીકા–ટિપ્પણીઓ અને એવી માહિતી જે આમાં રહી ગઈ હોય પરંતુ અત્યંત આવશ્યક હોય તે અમને જણાવવા વિનંતી કરીએ છીએ. માહિતી પુસ્તિકાના અંતે 'પ્રતિભાવ માટેનું નમૂનાપત્રક' આપેલું છે જેનો પ્રતિભાવ આપવાના હેતુ માટે ઉપયોગ કરી શકાશે.

# માહિતી પુસ્તિકાનો ઉપયોગ કેવી રીતે કરવો

## શા માટે તમારે આ વિભાગ વાંચવો જ જોઈએ?

અમે વાંચકોને આ માહિતી પુસ્તિકાનો મહત્તમ લાભ મેળવવાનું તેઓને શક્ય બને તે માટે આ વિભાગ વાંચવાને વિનંતિ કરીએ છીએ. નીચે આપેલી વિગતો વાંચવાથી તમને તે અંગે સમજવામાં મદદ થશે:

અ. આ માહિતી પુસ્તિકામાંથી કોણ લાભ મેળવશે

બ. નીચેના પાનાઓમાં તમે કઈ વિગતો જોઈ શકો છો.

ક. આ માહિતી કેવી રીતે વર્ગીકૃત કરવામાં આવી છે અને રજૂ કરવામાં આવી છે તેમ જ તેને જે રીતે રજૂ કરી છે તે રીતે રજૂ કરવાનું અમે શા માટે પસંદ કર્યું છે.

ડ. વિષય સૂચનો ઉપયોગ કેવી રીતે કરવો અને તમે મેળવવા માંગતા છે તે સેવાઓનું સ્થાન કેવી રીતે શોધવું.

## ક. આ પુસ્તિકામાંથી કોને લાભ મળશે?

- વિકલાંગતાઓ ધરાવતી વ્યક્તિઓ અને તેઓની સાર–સંભાળ લેનારાઓ
- પુનર્વસન સંસ્થાઓ, વિકાસ સંગઠનો અને સરકારી કાર્યશીલ વિભાગોના કાર્યરત કર્મચારીગણો.
- વ્યાવસાયિકો
- શિક્ષણ સંસ્થાઓ અને શિક્ષણવિદો અને
- કોઈ પણ વ્યક્તિ જે વિકલાંગતાઓ ધરાવતી વ્યક્તિઓ સાથે અથવા તેઓને માટે કાર્ય કરતી હોય

## ખ. માહિતી પુસ્તિકા કઈ વિગતો સમાવે છે?

સામાન્ય રીતે વિકલાંગ વ્યક્તિઓ માટેની માહિતી પુસ્તિકા તેઓને માટે અને તેઓની સાથે કાર્ય કરતી પુનર્વસન સંસ્થાઓ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ વિશેની માહિતીને સમાવે. તેમ છતાં, આ માહિતી પુસ્તિકામાં જે વિકાસ સંગઠનો વિકલાંગ વ્યક્તિઓ માટે સીધી જ સેવાઓ પૂરી પાડતા ન હોય પરંતુ, આ સેવાઓ માટે સંકલન, માહિતી સંદર્ભ વિનિમય (રેફરલ) અને સંબંધ જોડાણ કરતા હોય તેઓને સમાવવાનો પણ અમે પ્રયાસ કર્યો છે. આવાં સંગઠનો તૃણમૂળ (ગામ) કક્ષાએ કાર્ય કરતા હોવાથી વિકલાંગ વ્યક્તિઓ માટે તેઓનો સંપર્ક કરવાનું અને તેઓને આવશ્યક હોય તેવી વિશિષ્ટ સેવાઓ વિશે તેમની પાસેથી માહિતી મેળવવાનું વધુ સહેલું થઈ શકે છે. વધુમાં, આ વિકાસ સંગઠનોમાંના કેટલાક તો વિકલાંગતાને સ્પર્શતી સમસ્યાઓ વિશે સામગ્રીઓનું પ્રકાશન કરવામાં અથવા તેમના વિશે હિમાયત કરવામાં ગળાડૂબ રોકાયેલાં છે.

જિલ્લાઓમાં આવેલી કેટલીક હોસ્પિટલો દ્વારા અને અન્ય સ્વૈચ્છિક સંગઠનો/સંસ્થાઓ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ વિશેની માહિતીનો પણ આમાં સમાવેશ કરવામાં આવ્યો છે. અમે આશા રાખીએ છીએ કે આ વિગતો માત્ર જે વ્યક્તિઓ જન્મથી જ વિકલાંગ છે તેઓને માટે જ ઉપયોગી થશે એટલું જ નહીં પરંતુ જેઓ જીવનમાં મોડેથી વિકલાંગ થઈ હોય અથવા જેઓ હાલમાં ટૂંકા ગાળા માટે હંગામી વિકલાંગ બની હોય તેઓને માટે પણ ઉપયોગી નીવડશે.

પરિશિષ્ટોમાં વિકલાંગ વ્યક્તિઓ માટેની કેટલીક સરકારી યોજનાઓ અને તેઓને માટે કેટલાક અધિનિયમો તેમ જ વિધેયક વિશે પણ માહિતી આપવામાં આવી છે.

### *આવરી લીધેલી સંસ્થાઓના પ્રકાર*

નીચેના પ્રકારની સંસ્થાઓ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ વિશેની માહિતી સમાવવાનો અહીં પ્રયત્ન કરવામાં આવ્યો છેઃ

૧. પુનર્વસન સંસ્થાઓ
૨. હોસ્પિટલો
૩. વિકાસ સંસ્થાઓ

આ મથાળાઓ એકીની સંખ્યાના બધાં પાનાઓ ઉપર જોવાં મળે છે. આ વિગત તમને સંસ્થાઓના ખાસ પ્રકારને શોધવામાં મદદ કરશે. દરેક વર્ગ પ્રકારમાં અનેક સંસ્થાઓ વિશે માહિતી આપવામાં આવી છે જેઓ જિલ્લામાં કાર્ય કરતી હોય. આપેલા વર્ગ પ્રકારમાં સંસ્થાઓને અક્ષરમાળાના અક્ષરોના ક્રમે ગોઠવવામાં આવી છે.

### *સંસ્થાઓની વિશિષ્ટ માહિતી*

દરેક સંસ્થા માટે નીચેની બાબતો વિશે વિગતો આપેલી છેઃ

- **સંપર્ક માટેની વિગતો**
- **વિકલાંગતાના પ્રકાર** જેમણે સંસ્થા સેવાઓ પૂરી પાડતી હોય
- **આવરી લેવાયેલો ભૌગોલિક વિસ્તાર**
- **આપવામાં આવતી સેવાઓનું સ્વરૂપઃ** આ દિવસ દરમ્યાનની સાર–સંભાળના કેન્દ્રો અથવા છાત્રાલય જેવી નિવાસી સગવડો અથવા દર્દીઓ માટે અંદર રહેનારાઓની અને બહારનાઓની સુવિધાઓના રૂપમાં છે.
- **સેવાઓ મેળવવા માટેના માપદંડઃ** આ મથાળા નીચે તમને આ સેવાઓ છોકરાઓ/પુરુષો, છોકરીઓ/સ્ત્રીઓ અથવા બન્નેને માટે છે કે કેમ તેની માહિતી જોવા મળશે. કેટલાક કિસ્સાઓમાં સંસ્થા દ્વારા કેટલીક સેવાઓ (દા.ત છાત્રાલયની સગવડ) કોઈ એક ખાસ જૂથને માટે હોઈ શકે છે જ્યારે અન્ય સેવાઓ સૌને આપવામાં આવતી હોઈ શકે છે. આ વિભાગ સંસ્થા જેઓને

માટે સેવાઓ આપતી હોય તે વય–જૂથોને અને તેના દ્વારા સેવા પૂરી પાડવા માટેના અન્ય કોઈ ખાસ માપદંડ (ધોરણ)નો ઉપયોગ કરાતો હોય તે પણ દર્શાવે છે. ઉદાહરણ તરીકે, કેટલીક સંસ્થાઓ માત્ર એવી વ્યક્તિઓને જ પ્રવેશ આવે છે જેઓએ શૌચની તાલીમ લીધી હોય.

- **સેવાઓના પ્રકારઃ** તેમનું નીચેના મથાળાઓ હેઠળ વધુ આગળ વર્ગીકરણ કરવામાં આવ્યું છે.
  - પૂર્વ તૈયારીની સેવાઓ
  - નિવારણ (રોકથામ)ની સેવાઓ
  - ઉપચારલક્ષી સેવાઓ
  - શૈક્ષણિક સેવાઓ
  - વ્યાવસાયિક તાલીમ અને રોજગાર સંબંધી સેવાઓ
  - સામાજિક ટેકા–સહાય સેવાઓ
  - સક્ષમતાવર્ધન/ તાલીમ સેવાઓ
  - સંસ્થાના સાધનો
  - સહાયકો અને સાધનો અને ઉપકરણો
  - પુનર્વસન સાથે સંકળાયેલ સેવાઓ
  - તાત્કાલિક સેવાઓ

આ વર્ગીકરણ પુનર્વસનની અથવા અન્ય જરૂરિયાતો જેમના સુધી આ ખાસ સેવાઓ પહોંચાડવાનું ધારેલું છે તેઓને પરાવર્તિત કરે છે. સંસ્થા આ સેવાઓ પ્રત્યક્ષ/ સીધી આપી શકે છે અથવા તે વ્યક્તિઓને આ સેવાઓ ક્યાંથી ઉપલબ્ધ થાય છે તેના વિશે માહિતી આપીને મદદ કરી શકે છે અથવા પુનર્વસન સેવાઓ આપનાર સાથે તેઓના વતી સંકલન કરે છે અને તેઓની સાથે તેઓનું ઉચિત સંબંધ જોડાણ કરી આપે છે. દરેક સંસ્થા માટે તમને કહેવામાં આવેલા માત્ર એવા જ સેવાઓના વર્ગ પ્રકાર જોવા મળશે જે તેણે આવરી લીધા હોય છે.

## ગ. માહિતી કેવી રીતે રજૂ કરવામાં આવી છે?

### *દ્વિભાષી રજૂઆત*

માહિતી પુસ્તિકાની વિગતો એક જ સમયે એક સાથે અંગ્રેજી અને ગુજરાતીમાં બંનેમાં રજૂ કરવામાં આવી છે: (એકની પાછળ એક)

### *માહિતીનો ક્રમાનુક્રમ*

માહિતી પુસ્તિકામાં માહિતી વ્યાપક રીતે ૫ વિભાગોમાં રજૂ કરવામાં આવી છે.

ક. **સંસ્થાઓની યાદીઃ** જે ક્રમ સંખ્યામાં તેઓને દર્શાવી હોય તે ક્રમમાં

ખ. **સંસ્થાઓની વિશિષ્ટ માહિતીઃ** દરેક સંસ્થા માટે તેઓનાં ધ્યાનબિંદુ, જ્યાં કેન્દ્રિત હોય તે વિસ્તારો અને તેઓ વિકલાંગતાઓ ધરાવતી વ્યક્તિઓને જે સેવાઓ પૂરી પાડતી હોય

તેમના વિશે વિગતો આપવામાં આવેલી છે. બધી જ સંસ્થાઓને અનુક્રમવાર નંબર આપવામાં આવેલા છે.

ગ. **સેવાઓની વિષયસૂચિઃ** પરિશિષ્ટો પહેલાં અને સંસ્થાઓની યાદી પછી વિષયસૂચિ આપવામાં આવી છે. આ વિષયસૂચિમાં વિશિષ્ટ સેવાઓની યાદીને અક્ષરમાળાના અનુક્રમમાં સમાવી છે. આ સેવાઓ પૂરી પાડનારી સંસ્થાઓના ક્રમ નંબર દરેક સેવા અથવા નોંધ સામે આપેલા છે. ઉદાહરણ તરીકે, જો તમે તમારા બાળક માટે વિકલાંગતાની આકારણી કરાવવા માંગતા હો તો તમે 'અ' હેઠળ આકારણી માટે તપાસ કરી શકો છો અને ત્યારપછી વિગતો માટે તેની સામે જે સંસ્થાઓના ક્રમાંક જણાવેલા છે તેઓમાં તપાસ કરવી. અથવા જો તમે દૃષ્ટિ ક્ષતિ પામેલી વ્યક્તિઓ માટે કઈ સંસ્થાઓ સેવાઓ પૂરી પાડે છે તે જાણવા માંગતા હો તો તમે 'દ' હેઠળ તપાસ કરી શકો છો અને વધુ વિગતો મેળવવા માટે તમારે દર્શાવેલી સંસ્થાઓમાં તપાસ કરવી જોઈએ. કૃપા કરી નોંધ લો કે જો તમે 'સહાયકો, સાધનો અને ઉપકરણો', 'યંત્ર સાધનો' અને 'ઉપચારો' વિશે માહિતી શોધી રહ્યા હો તો તમારે 'સ' 'યં' અથવા 'ઉ' હેઠળ સંદર્ભ જોવાની જરૂર રહેશે. આ મથાળાઓ હેઠળ યાદી ઘણીબધી લાંબી હોવાથી તમામ સહાયકો, સાધનો અને ઉપકરણો/યંત્ર સાધનો/ઉપચારો વિશેની માહિતી અમે તેઓના લાગતા–વળગતા અક્ષરમાળાના અક્ષરો હેઠળ ભેગી કરેલી છે.

ઘ. **પરિશિષ્ટોઃ** સરકારી યોજનાઓ તેમ જ અધિનિયમો અને વિધેયક જ વિકલાંગ વ્યક્તિઓના અધિકારો દર્શાવવા ધારે છે. તેમની માહિતી પરિશિષ્ટોમાં આપેલી છે.

વિકલાંગતા વિશેની યોજનાઓ અને અધિનિયમોની વિગતવાર માહિતી ઘણા અન્ય શ્રોત (પ્રાપ્તિસ્થાનો)માંથી ઉપલબ્ધ છે. તેથી, અમારા ગુજરાતી વાચકો માટે તેઓને વિહંગાવલોકન પૂરું પાડવા આ માહિતી સંક્ષિપ્ત રૂપમાં રજૂ કરવામાં આવી છે. જે વાચકો અંગ્રેજી સાથે વધુ પરિચિત છે તેઓને માટે આ માહિતી વેબસાઈટ ઉપર પણ ઉપલબ્ધ છે. તેથી અમે અહીંયા માહિતીની માત્ર યાદી જ કરી છે અને તમે જ્યાં મેળવી (જોઈ) શકો તે વેબસાઈટ જણાવી છે.

ચ. **પ્રતિભાવ માટેનું નમૂનાપત્રકઃ** માહિતી પુસ્તિકાના અંતે પ્રતિભાવ આપવા માટેનું નમૂનાનું પત્રક છે જે ભરવા માટે અને અમને મોકલી આપવા માટે અમે તમને વિનંતી કરીએ છીએ. તમારા સૂચનો અને ટીકા–ટિપ્પણીઓ અમારી હવે પછીની આ પ્રકાશનની છપાઈમાં સુધારા–વધારા કરવાનું શક્ય બનાવશે.

# સંસ્થાઓની યાદી

| ક્રમ | સંસ્થાનું નામ | પાના નં. |
|---|---|---|

**પુનર્વસન સંસ્થાઓ**

| | | |
|---|---|---|
| ૧. | હિંમતનગર નાગરીક સહકારી બેંક બહેરા-મૂંગા વિદ્યાલય | ૧ |
| ૨. | મંદબુદ્ધિના બાળકો માટેની નિવાસી સંસ્થા | ૨ |
| ૩. | જીવન દ્વાર રક્તપિત્ત પુનઃસ્થાપના કેન્દ્ર | ૪ |
| ૪. | લાયન્સ ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર (વિકલાંગો માટે) | ૫ |
| ૫. | નેશનલ એસોસિએશન ફોર ધ બ્લાઈન્ડ | ૬ |
| ૬. | સહયોગ કુષ્ઠ યજ્ઞ ટ્રસ્ટ | ૮ |
| ૭. | બહેરા-મૂંગા શાળા | ૧૦ |
| ૮. | શેઠ શ્રી જે. બી. ઉપાધ્યાય ડેફ એન્ડ ડમ્બ સ્કૂલ | ૧૨ |
| ૯. | શ્રી પી. વી. મેહતા આંખની હોસ્પિટલ | ૧૩ |
| ૧૦. | શ્રી વી. એચ. ગાંધી ડેફ એન્ડ ડમ્બ સ્કૂલ | ૧૪ |
| ૧૧. | વિકલાંગ હાઇસ્કૂલ | ૧૫ |

**હોસ્પિટલો**

| | | |
|---|---|---|
| ૧૨. | દેસાઈ એમ. સી. એન્ડ એન. એમ. દલાલ જનરલ હોસ્પિટલ | ૧૭ |
| ૧૩. | ડૉ. રસિકલાલ શાહ સાર્વજનિક હોસ્પિટલ | ૧૮ |
| ૧૪. | શેઠ કસ્તુરભાઈ લાલભાઈ હોસ્પિટલ | ૧૯ |
| ૧૫. | શ્રી આત્મવલ્લભ હોસ્પિટલ એન્ડ એમ. ડી.શાહ મેડિકલ ઈન્સ્ટિટ્યુટ | ૨૦ |
| ૧૬. | શ્રીમંત ફતેહસિંહરાવ ગાયકવાડ જનરલ હોસ્પિટલ | ૨૧ |
| ૧૭. | સર પ્રતાપ જનરલ હોસ્પિટલ (સિવિલ હોસ્પિટલ) | ૨૨ |

| ક્રમ | સંસ્થાનું નામ | પાના નં. |
|---|---|---|
| | **વિકાસ સંસ્થાઓ** | |
| ૧૮. | અનાર્ડે ફાઉન્ડેશન | ૨૪ |
| ૧૯. | દિવ્ય જ્યોતી સેવા આશ્રમ–સિસોદરા | ૨૫ |
| ૨૦. | ગાયત્રી વિકલાંગ માનવ મંડળ | ૨૬ |
| ૨૧. | ગ્રામ વિકાસ સેવા ટ્રસ્ટ | ૨૭ |
| ૨૨. | લાયન્સ ક્લબ ઓફ તલોદ | ૨૮ |
| ૨૩. | લોકસેવા યુવા ટ્રસ્ટ | ૨૯ |
| ૨૪. | નરોત્તમ લાલભાઈ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ | ૩૦ |
| ૨૫. | નવગુજરાત ચેરિટેબલ ટ્રસ્ટ | ૩૧ |
| ૨૬. | ન્યુ ગુજરાત ગ્રામ વિકાસ કોમ્પ્યુટર એજ્યુકેશન સોસાયટી | ૩૨ |
| ૨૭. | પરખ ટ્રસ્ટ | ૩૩ |
| ૨૮. | સદવિચાર પરિવાર–હિંમતનગર | ૩૪ |
| ૨૯. | સદવિચાર પરિવાર–ઈડર | ૩૫ |
| ૩૦. | સદવિચાર પરિવાર–મોડાસા | ૩૬ |
| ૩૧. | સેવા મંડળ – મેઘરજ | ૩૭ |
| ૩૨. | શ્રી આંબેડકર એજ્યુકેશન ટ્રસ્ટ | ૩૮ |
| ૩૩. | શ્રી ભવાની એજ્યુકેશન ટ્રસ્ટ | ૩૯ |
| ૩૪. | શ્રી રામ ભક્ત સંસ્કાર મંડળ | ૪૦ |
| ૩૫. | શ્રી સાધના કેળવણી મંડળ | ૪૧ |
| ૩૬. | ધ મોડાસા મહિલા ગૃહ ઉદ્યોગ સહકારી મંડળ લિ. | ૪૨ |
| ૩૭. | વિનોબા આશ્રમશાળા–વડથલી | ૪૩ |
| ૩૮. | યુવા ચેતના | ૪૪ |

# સંસ્થાઓની વિશિષ્ટ માહિતી

# પુનર્વસન સંસ્થાઓ

## ૧. હિંમતનગર નાગરીક સહકારી બેંક બહેરા-મૂંગા વિદ્યાલય

| | |
|---|---|
| **સંપર્ક સરનામું** | કેનાલ પાસે, મોતીપુરા, હિંમતનગર,<br>જિ. સાબરકાંઠા-૩૮૩૦૦૧.<br>ફોનઃ ૦૨૭૭૨-૨૨૯૪૨૨, (ઘર) ૨૩૫૫૬૦ |
| **આચાર્ય** | શ્રી જયંતિભાઈ એમ. પટેલ |
| **ઉપલબ્ધ સેવાઓ** | શ્રવણક્ષતિ અને વાણી ક્ષતિ માટે |
| **આવરી લેવાતો ક્ષેત્રવિસ્તાર** | ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્ર |
| **સેવાઓનું સ્વરૂપ** | કેન્દ્ર આધારિત<br>‣ દિવસ દરમ્યાન સાર-સંભાળ<br>‣ છાત્રાલય |
| **સેવાઓ મેળવવા માટેના માપદંડ** | ૫થી ૧૭ વર્ષની વય વચ્ચેની દરેક માટે ઉપલબ્ધ |

### ઉપલબ્ધ સેવાઓના પ્રકાર

| | |
|---|---|
| *પૂર્વતૈયારીની સેવાઓ:* | • વહેલાસરની નિશ્ચિત ઓળખ અને અંતરક્ષેપણ |
| *નિવારણ (રોકથામ)ની સેવાઓ:* | • જનજાગૃતિના કાર્યક્રમો |
| *ઉપચારલક્ષી સેવાઓ:* | • વાણી ઉપચાર (સ્પીચ થેરાપી)<br>• શ્રવણ ઉપચાર (હિયરીંગ થેરાપી) |
| *શૈક્ષણિક સેવાઓ:* | • પ્રાથમિક શિક્ષણ<br>• વિશેષ શિક્ષણ આપનારાઓ<br>• ગ્રંથાલયઃ શ્રાવ્ય કેસેટો અને પુસ્તકો |
| *વ્યાવસાયિક તાલીમ અને રોજગારલક્ષી સેવાઓ:* | • સિવણ<br>• કારકિર્દી સલાહ-સૂચન (કાઉન્સેલીંગ)<br>• કોમ્પ્યુટર તાલીમ |

*સામાજિક ટેકા–સહાયની સેવાઓ:*
- લગ્નસંબંધી સેવાઓ
- વૈવાહિક જીવન અંગે સલાહ–સૂચન (કાઉન્સેલીંગ)
- કુટુંબ માટે સલાહ–સૂચન (કાઉન્સેલીંગ) અને માર્ગદર્શન

*સહાયકો, સાધનો અને ઉપકરણો:*
- શ્રવણ ઉપકરણોનું વિતરણ

*પુનર્વસન સાથે સંકળાયેલી સેવાઓ:*
- યોજનાનો લાભ અને/અથવા પ્રમાણપત્ર મેળવવા માટે મદદ
- પ્રમાણપત્રીકરણ માટે શિબિરોનું આયોજન
- શ્રવણક્ષતિ અને વાણી ક્ષતિ ધરાવતી વ્યક્તિઓને અનુકૂલન તાલીમ
- વિકલાંગતાની આકારણી
- કાનૂની સહાય

**કામકાજના દિવસો** રવિવાર અને જાહેર રજાઓ સિવાયના દિવસો

## ૨. મંદબુદ્ધિના બાળકો માટેની નિવાસી સંસ્થા

*સાબરકાંઠા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત*

**સંપર્ક સરનામું**
બસ સ્ટેન્ડની બાજુમાં, દેવચંદનગર,
હિંમતનગર,
જિ. સાબરકાંઠા–૩૮૩૦૦૧.
ફોનઃ ૦૨૭૭૨–૨૪૩૪૪૪, ૨૪૫૫૩૨

**મેનેજિંગ ટ્રસ્ટી** ડૉ. વી. એ. ગોપલાણી

**ઉપલબ્ધ સેવાઓ** મંદબુદ્ધિતા અને મગજનો લકવો (સેરેબ્રલ પોલ્સી) ધરાવતી વ્યક્તિઓ માટે

**આવરી લેવાતો ક્ષેત્રવિસ્તાર** સમગ્ર ગુજરાત

**સેવાઓનું સ્વરૂપ**
- કેન્દ્ર આધારિત
  - દિવસ દરમ્યાન સાર–સંભાળ
  - માત્ર પુરુષો માટે છાત્રાલયની સગવડ
- બહાર પહોંચની સેવાઓઃ લાંબી રજાઓ દરમિયાન કર્મચારીગણ દ્વારા મંદબુદ્ધિતા ધરાવતા બાળકોની ઓળખ

| | |
|---|---|
| **સેવાઓ મેળવવા માટેના માપદંડ** | ૮થી ૨૦ વર્ષની વય વચ્ચેના દરેક માટે ઉપલબ્ધ |

**ઉપલબ્ધ સેવાઓના પ્રકાર**

| | |
|---|---|
| *નિવારણ (રોકથામ)ની સેવાઓ:* | • જનજાગૃતિના કાર્યક્રમો |
| *ઉપચારલક્ષી સેવાઓ:* | • કસરત ઉપચાર (ફિઝિઓથેરાપી)<br>• વાણી ઉપચાર (સ્પીચ થેરાપી)<br>• શ્રવણ ઉપચાર<br>• મનોવૈજ્ઞાનિક ઉપચાર<br>• વ્યાવસાયિક ઉપચાર (ઓક્યુપેશનલ થેરાપી) |
| *શૈક્ષણિક સેવાઓ:* | • ગ્રંથાલયઃ શ્રાવ્ય કેસેટો અને પુસ્તકો |
| *વ્યાવસાયિક તાલીમ અને રોજગારલક્ષી સેવાઓ:* | • પૂર્વવ્યાવસાયિક– દૈનિક જીવનની પ્રવૃત્તિઓ સંખ્યા ગણવાનું અને શબ્દો બનાવવાનું શિખવવામાં આવે છે.<br>• કારકિર્દી સલાહ–સૂચન (કાઉન્સેલીંગ) |
| *સામાજિક ટેકા–સહાયની સેવાઓ:* | • કુટુંબ માટે સલાહ–સૂચન (કાઉન્સેલીંગ) અને માર્ગદર્શન |
| *સંસ્થાના સાધનો:* | • પ્રકાશનઃ 'હેલ્થ એજ્યુકેશન' અંગ્રેજીમાં માસિક ધોરણે |
| *સહાયકો, સાધનો અને ઉપકરણો:* | • બગલઘોડીઓ, કમરપટ્ટા સાથેના જોડાઓ (કેલીપર્સ) અને ત્રણ પૈડાંવાળી સાઈકલોનું વિતરણ |
| *પુનર્વસન સાથે સંકળાયેલી સેવાઓ:* | • યોજનાનો લાભ અને/અથવા પ્રમાણપત્ર મેળવવા માટે મદદ<br>• પ્રમાણપત્રીકરણ માટે શિબિરોનું આયોજન<br>• વિકલાંગ વ્યક્તિઓને અનુકૂલન તાલીમ<br>• વિકલાંગતાની આકારણી |
| **કામકાજના દિવસો** | બધા દિવસો; વહીવટી વિભાગ રવિવારે બંધ રહેશે. |

# ૩. જીવન દ્વાર રક્તપિત્ત પુનઃસ્થાપના કેન્દ્ર

*ચર્ચ ઓફ નોર્થ ઈન્ડિયા-ગુજરાત ડાયોસિસ દ્વારા સંચાલિત*

| | |
|---|---|
| **સંપર્ક સરનામું** | આઈપી મિશન કમ્પાઉન્ડ,<br>સ્ટેશન રોડ, પ્રાંતિજ,<br>જિ. સાબરકાંઠા-૩૮૩૨૦૫.<br>ફોનઃ ૦૨૭૭૦-૨૩૦૯૦૯ |
| **નિયામક** | ફાધર આલ્બર્ટ કારપેન્ટર |
| **ઉપલબ્ધ સેવાઓ** | કુષ્ઠ રોગથી અસર પામેલા તેમ જ તેનાથી સાજા થયેલા વ્યક્તિઓ માટે |
| **આવરી લેવાતો ક્ષેત્રવિસ્તાર** | સમગ્ર ભારત |
| **સેવાઓનું સ્વરૂપ** | કેન્દ્ર આધારિતઃ કુષ્ઠ રોગની અસર પામેલી તેમ જ તેનાથી સાજા થયેલી વ્યક્તિઓ માટે નિવાસ સ્થાન |
| **સેવાઓ મેળવવા માટેના માપદંડ** | ૫ વર્ષની વયથી ઉપરના દરેક માટે ઉપલબ્ધ |

**ઉપલબ્ધ સેવાઓના પ્રકાર**

| | |
|---|---|
| *વ્યાવસાયિક તાલીમ અને રોજગારલક્ષી સેવાઓ:* | • કારકિર્દી સલાહ-સૂચન (કાઉન્સેલીંગ) |
| *સામાજિક ટેકા-સહાયની સેવાઓ:* | • લગ્નસંબંધી સેવાઓ<br>• વૈવાહિક જીવન અંગે સલાહ-સૂચન (કાઉન્સેલીંગ) |
| *પુનર્વસન સાથે સંકળાયેલી સેવાઓ:* | • યોજનાનો લાભ અને/અથવા પ્રમાણપત્ર મેળવવા માટે મદદ<br>• દર્દીઓની નારોલ કુષ્ઠ રોગ દવાખાનામાં વિકલાંગતાની આકારણી અને ઉપચાર માટે ભલામણ કરવામાં આવે છે. |

| | |
|---|---|
| **કામકાજના દિવસો** | બધા દિવસો |

## ૪. લાયન્સ ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર (વિકલાંગો માટે)

*લાયન્સ ક્લબ સોસાયટી, મોડાસા દ્વારા સંચાલિત*

**સંપર્ક સરનામું** — એસ. ટી. ડેપોની પાછળ, મોડાસા,
જિ. સાબરકાંઠા–૩૮૩૩૧૫
ફોનઃ ૦૨૭૭૪–૨૪૬૮૦૧

**પ્રમુખ** — ડૉ. ટી. બી. પટેલ
**મંત્રી** — શ્રી ઈન્દ્રવદન જોષી

**પૂરી પાડવામાં આવતી સેવાઓ** — હલનચલનની ક્ષતિ અને શ્રવણ ક્ષતિ ધરાવતી વ્યક્તિઓ માટે

**આવરી લેવાતો ક્ષેત્ર વિસ્તાર** — ગુજરાત, રાજસ્થાન અને મધ્ય પ્રદેશ

**સેવાઓનું સ્વરૂપ**
- કેન્દ્ર આધારિતઃ
  - દિવસ દરમ્યાન સાર–સંભાળ
  - છાત્રાલય
- બહાર પહોંચની સેવાઓ

**સેવાઓ મેળવવા માટેના માપદંડ** — ૧૫થી ૨૫ વર્ષની વય વચ્ચેના દરેક માટે ઉપલબ્ધ

**ઉપલબ્ધ સેવાઓના પ્રકાર**

*નિવારણ (રોકથામ)ની સેવાઓ:*
- જનજાગૃતિના કાર્યક્રમો

*શૈક્ષણિક સેવાઓ:*
- ઔદ્યોગિક વ્યવસાય
- વ્યવસાય નિષ્ણાત
- ગ્રંથાલયઃ પુસ્તકો
- જરૂરિયાત આધારિત અભ્યાસક્રમો અને પાઠ્યપુસ્તકો તૈયાર કરવા

*વ્યાવસાયિક તાલીમ અને રોજગારલક્ષી સેવાઓ:*
- આઈટીઆઈમાં આઠ (૮) ઉદ્યોગોને લગતું વ્યાવસાયિક પ્રશિક્ષણ (દરેક માટે દશ બેઠકો) જેમ કે, દ્વિચક્રી વાહન સમારકામ, મોટર રિવાઈન્ડીંગ, દરજીકામ, નળને લગતું કામ, છાપકામ, વાળ અને ચામડીની માવજત, કપડાં બનાવવા, ઈલેક્ટ્રીક અને કોમ્પ્યુટરની તાલીમ
- કારકિર્દી સલાહ–સૂચન

- નોકરી દાતાઓને તાલીમ આપવી, સંવેદિત કરવા અને તેમની સાથે સંબંધો બાંધવા
- ધીરાણ માટે સહાય

*સંસ્થાના સાધનો:*
- દરેક ઉદ્યોગ માટે અલગ કારખાનું

*સહાયકો, સાધનો અને ઉપકરણો:*
- શ્રવણ ઉપકરણો, બગલઘોડીઓ, કમરપટ્ટા સાથેના જોડા (કેલીપર્સ) અને ત્રણ પૈડાંવાળી સાઈકલોનું વિતરણ

*પુનર્વસન સાથે સંકળાયેલી સેવાઓ:*
- યોજનાનો લાભ અને/અથવા પ્રમાણપત્ર મેળવવા માટે મદદ
- પ્રમાણપત્રીકરણ માટે શિબિરોનું આયોજન
- વિકલાંગ વ્યક્તિઓને અનુકૂલન તાલીમ

**કામકાજના દિવસો** રવિવાર અને જાહેર રજાઓ સિવાયના દિવસો

## ૫. નેશનલ એસોસિએશન ફોર ધ બ્લાઈન્ડ

*સાબરકાંઠા જિલ્લા શાખા*

**સંપર્ક સરનામું** પંચાલ ભુવન, સત્યમ ઓટો સેન્ટર પાસે, શ્રીનગર, રોડ નં. ૧૦, ઈડર, જિ. સાબરકાઠા–૩૮૩૪૩૦.
ફોનઃ ૦૨૭૭૮–૨૫૦૨૯૮, (ઘર) ૨૫૦૨૭૬

**માનદ્ સામાન્ય મંત્રી** પ્રો. ભાસ્કર વાય. મહેતા

**પૂરી પાડવામાં આવતી સેવાઓ** કુષ્ઠ રોગની અસર પામેલી તેમ જ કુષ્ઠ રોગથી સાજા થયેલી વ્યક્તિઓ સિવાયના દરેક વિકલાંગ વ્યક્તિઓ માટે

**આવરી લેવાતો ક્ષેત્ર વિસ્તાર** સાબરકાંઠા જિલ્લો અને રાજસ્થાન

**સેવાઓનું સ્વરૂપ**
- કેન્દ્ર આધારિત
  – દિવસ દરમ્યાન સાર–સંભાળ
  – દૃષ્ટિ ક્ષતિ ધરાવતી છોકરીઓ માટે છાત્રાલય
- બહાર પહોંચની સેવાઓ: બીજી સેવાઓ સાથે સમુદાય આધારિત પુનર્વસન (સીબીઆર) અષ્ટાવક્ર યોજનાનું મેઘરજ તાલુકામાં અમલીકરણ

**સેવાઓ મેળવવા માટેના માપદંડ** દરેક માટે ઉપલબ્ધ

## ઉપલબ્ધ સેવાઓના પ્રકાર

| | |
|---|---|
| *પૂર્વતૈયારીની સેવાઓ:* | વહેલાસરની નિશ્ચિત ઓળખ અને અંતરક્ષેપણ |
| *નિવારણ (રોકથામ)ની સેવાઓ:* | • જનજાગૃતિના કાર્યક્રમો |
| *ઉપચારલક્ષી સેવાઓ:* | • કસરત ઉપચાર (ફિઝિઓથેરાપી)<br>• વાણી ઉપચાર (સ્પીચ થેરાપી)<br>• મનોવૈજ્ઞાનિક ઉપચાર |
| *શૈક્ષણિક સેવાઓ:* | • પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ<br>• વિકલાંગ બાળકો માટેની સંકલિત શિક્ષણ યોજનાનું અમલીકરણ (આઈઈડીસી)<br>• વિશેષ શિક્ષણ આપનારાઓ<br>• ગ્રંથાલયઃ શ્રાવ્ય કેસેટો અને બ્રેઈલમાં વાંચન સામગ્રી<br>• પાઠ્યપુસ્તકો તૈયાર કરવાઃ શ્રાવ્ય કેસેટો અને બ્રેઈલ નમૂનાના રૂપમાં |
| *વ્યાવસાયિક તાલીમ અને રોજગારલક્ષી સેવાઓ:* | • સ્વ-રોજગારલક્ષી વ્યવસાયો માટે પ્રશિક્ષણ<br>• ધીરાણ આપવું<br>• સૂક્ષ્મ શાખ (માઈક્રોક્રેડિટ)<br>• ધીરાણ માટે સહાય<br>• કારકિર્દી સલાહ-સૂચન (કાઉન્સેલીંગ) |
| *સામાજિક ટેકા-સહાયની સેવાઓ:* | • લગ્નસંબંધી સેવાઓ<br>• વૈવાહિક જીવન અંગે સલાહ-સૂચન (કાઉન્સેલીંગ) |
| *ક્ષમતાવર્ધન અંગેની તાલીમ:* | • લાભાર્થીઓ, ક્ષેત્રીય કાર્યકર્તાઓ અને નિરીક્ષકો માટે |
| *સંસ્થાના સાધનો:* | • પ્રકાશનઃ ગુજરાતીમાં ૫ સ્મરણીકાઓનો સમૂહ, 'ટેઈલર બોર્ડ' અંગ્રેજીમાં, 'ભારતીય બ્રેઈલ ન્યુમરીકલ કોડ'નું અંગ્રેજી અને હિન્દીમાંથી ગુજરાતીમાં અને બ્રેઈલમાં ભાષાંતર |
| *સહાયકો, સાધનો અને ઉપકરણો:* | • ત્રણ પૈડાંવાળી સાઈકલો, વ્હીલચેર, બગલઘોડીઓ અને કમરપટ્ટા સાથેના જોડાઓ (કેલીપર્સ)નું વિતરણ; ભાડેથી/ઉછીનાથી પણ ઉપલબ્ધ<br>• કિંમતથી કિંમત વેચાણ (ભાવે ભાવથી વેચાણ) |

| | |
|---|---|
| *પુનર્વસન સાથે સંકળાયેલી સેવાઓ:* | • યોજનાનો લાભ અને/અથવા પ્રમાણપત્ર મેળવવા માટે મદદ<br>• પ્રમાણપત્રીકરણ માટે શિબિરોનું આયોજન<br>• વિકલાંગ વ્યક્તિઓને અનુકૂલન તાલીમ<br>• વિકલાંગતાની આકારણી માટે માહિતી સંદર્ભ વિનિમય (રેફરલ)<br>• દૃષ્ટિક્ષતિ ધરાવતી વ્યક્તિઓ માટે વાચક<br>• દૃષ્ટિક્ષતિ અને હલનચલનની ક્ષતિ ધરાવતી વ્યક્તિઓ માટે લહિયા<br>• કાનૂની સહાય |
| **કામકાજના દિવસો** | રવિવાર અને જાહેર રજાઓ સિવાયના દિવસો |

## ૬. સહયોગ કુષ્ઠ યજ્ઞ ટ્રસ્ટ

| | |
|---|---|
| **સંપર્ક સરનામું** | મુ.પો. રાજેન્દ્રનગર, તા. હિંમતનગર,<br>જિ. સાબરકાંઠા–૩૮૩૨૭૬.<br>ફોનઃ ૦૨૭૭૨–૨૫૪૩૩૭,<br>મોબાઈલ– ૯૮૨૫૦૧૧૧૮૫ |
| **મેનેજિંગ ટ્રસ્ટી** | શ્રી સુરેશભાઈ સોની<br>શ્રી સુભાષભાઈ ઠક્કર |
| **પૂરી પાડવામાં આવતી સેવાઓ** | મુખ્યત્વે કુષ્ઠ રોગ અને મંદબુદ્ધિ તથા તે સાથે સંકળાયેલી અન્ય કોઈ પણ વિકલાંગતા માટે |
| **આવરી લેવાતો ક્ષેત્રવિસ્તાર** | સમગ્ર ભારત |
| **સેવાઓનું સ્વરૂપ** | • કેન્દ્ર આધારિતઃ નિવાસની સુવિધા<br>• બહાર પહોંચની સેવાઓ |
| **સેવાઓ મેળવવા માટેના માપદંડ** | દરેક માટે ઉપલબ્ધ |

**ઉપલબ્ધ સેવાઓના પ્રકાર**

| | |
|---|---|
| *પૂર્વતૈયારીની સેવાઓ:* | • વહેલાસરની નિશ્ચિત ઓળખ અને અંતરક્ષેપણ–હાલમાં ડાંગ જિલ્લામાં કુષ્ઠ રોગ ધરાવતી વ્યક્તિઓ માટે |

*નિવારણ (રોકથામ)ની સેવાઓ:*
- જનજાગૃતિના કાર્યક્રમો

*ઉપચારલક્ષી સેવાઓ:*
- કસરત ઉપચાર (ફિઝિઓથેરાપી)
- વાણી ઉપચાર (સ્પીચ થેરાપી)
- મનોવૈજ્ઞાનિક ઉપચાર
- મંદબુદ્ધિતા ધરાવતી વ્યક્તિઓ માટે વ્યાવસાયિક ઉપચાર (ઓક્યુપેશનલ થેરાપી)

*શૈક્ષણિક સેવાઓ:*
- માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ
- ગ્રંથાલયઃ શ્રાવ્ય કેસેટો અને પુસ્તકો

*વ્યાવસાયિક તાલીમ અને રોજગારલક્ષી સેવાઓ:*
- વ્યાવસાયિક પ્રશિક્ષણઃ અંબર ચરખા, પશુપાલન અને સૂક્ષ્મ છિદ્ર રબરના પગરખાં બનાવવાની
- અંબર ચરખા ઉપર કાંતેલા સુતરના તારના કાપડનું ઉત્પાદન કેન્દ્ર
- ધીરાણ આપવું
- સૂક્ષ્મ શાખ (માઈક્રોક્રેડીટ)
- ધીરાણ માટે સહાય
- કારકિર્દી સલાહ–સૂચન (કાઉન્સેલીંગ)
- કોમ્પ્યુટર તાલીમ

*સામાજિક ટેકા–સહાયની સેવાઓ:*
- વૈવાહિક જીવન અંગે સલાહ–સૂચન (કાઉન્સેલીંગ)
- કુટુંબ માટે સલાહ–સૂચન (કાઉન્સેલીંગ) અને માર્ગદર્શન

*ક્ષમતાવર્ધન અંગેની તાલીમ:*
- ક્ષેત્રીય કાર્યકરો, આરોગ્ય કાર્યકરો, તબીબી વિદ્યાર્થીઓ, તબીબી સહાયક કાર્યકરો, તબીબોને કુષ્ઠ રોગ અને મંદબુદ્ધિતા વિશે આરોગ્ય શિક્ષણ અને કર્મચારીગણને તાલીમ

*સંસ્થાના સાધનો:*
- સહયોગ કુષ્ઠ યજ્ઞ ટ્રસ્ટ દ્વારા ચલાવાતા બે નિવાસીય તાલીમ કેન્દ્રો છે. ૧૮ વર્ષની વય ઉપરના મંદબુદ્ધિ ધરાવતા પુરુષો માટેનું આવું ગુજરાતમાં એકમાત્ર કેન્દ્ર છે. બીજું કેન્દ્ર મહિલાઓ માટે છે. માનસિક દવાખાના, સમાજ સુરક્ષા ખાતું અથવા ન્યાયાલયના હુકમો મારફતે આ કેન્દ્રો માટે તાલીમાર્થીઓની ભલામણ થાય છે.

| | |
|---|---|
| *સહાયકો, સાધનો અને ઉપકરણો:* | • ત્રણ પૈડાંવાળી સાઈકલો, બગલઘોડીઓ, કમરપટ્ટા સાથેના જોડા (કેલીપર્સ) અને સૂક્ષ્મ છિદ્ર રબરના પગરખાંનું ઉત્પાદન, વિતરણ, સમારકામ અને વેચાણ |
| *પુનર્વસન સાથે સંકળાયેલી સેવાઓ:* | • યોજનાનો લાભ અને/અથવા પ્રમાણપત્ર મેળવવા માટે મદદ: કુષ્ઠ રોગ અને મંદબુદ્ધિતા ધરાવતી વ્યક્તિઓ પુરતી મર્યાદિત<br>• વિકલાંગ વ્યક્તિઓને અનુકૂલન તાલીમ<br>• કુષ્ઠ રોગ અને મંદબુદ્ધિતા ધરાવતી વ્યક્તિઓ માટે વિકલાંગતાની આકારણી |
| *તાત્કાલિક સેવાઓ:* | • એમ્બ્યુલન્સ – ફોન: ૦૨૭૭૨–૨૫૪૩૩૭ |
| **કામકાજના દિવસો** | બધા દિવસો |

## ૭. બહેરા–મૂંગાની શાળા*

*મહિલા જાગૃતિ અભિયાન ટ્રસ્ટ દ્વારા સંચાલિત*

| | |
|---|---|
| **સંપર્ક સરનામું** | તાલુકા પંચાયતની ઓફિસ સામે,<br>દહેગામ, જિ. ગાંધીનગર.<br>ફોન: ૦૨૭૧૬–૨૩૩૦૭૦ |
| **આચાર્ય** | શ્રી મહેન્દ્રભાઈ એસ. પટેલ |
| **પૂરી પાડવામાં આવતી સેવાઓ** | શ્રવણક્ષતિ અને વાણી ક્ષતિ ધરાવતી વ્યક્તિઓ માટે |
| **આવરી લેવાતો ક્ષેત્ર વિસ્તાર** | ગુજરાત અને ઉત્તર પ્રદેશ |
| **સેવાઓનું સ્વરૂપ** | • કેન્દ્ર આધારિત:<br>‣ દિવસ દરમ્યાન સાર–સંભાળ<br>‣ છાત્રાલય<br>• બહાર પહોંચની સેવાઓ |
| **સેવાઓ મેળવવા માટેના માપદંડ** | ૫થી ૧૬ વર્ષની વય વચ્ચેના દરેક માટે ઉપલબ્ધ |

**ઉપલબ્ધ સેવાઓના પ્રકાર**

| | |
|---|---|
| *પૂર્વતૈયારીની સેવાઓ:* | • વહેલાસરની નિશ્ચિત ઓળખ અને અંતરક્ષેપણ |
| *નિવારણ (રોકથામ)ની સેવાઓ:* | • જનજાગૃતિના કાર્યક્રમો |
| *ઉપચારલક્ષી સેવાઓ:* | સંદર્ભ વિનિમય સેવા:<br>• વાણી ઉપચાર (સ્પીચ થેરાપી)<br>• શ્રવણ ઉપચાર (હિંયરીંગ થેરાપી) |
| *શૈક્ષણિક સેવાઓ:* | • પ્રાથમિક શિક્ષણ<br>• વિશેષ શિક્ષણ આપનારાઓ<br>• ગ્રંથાલયઃ પુસ્તકો |
| *વ્યાવસાયિક તાલીમ અને રોજગારલક્ષી સેવાઓ:* | • સિવણ, ચિત્રકામ અને ભરતકામ માટે વર્ગો<br>• કારકિર્દી સલાહસૂચન |
| *સામાજિક ટેકા-સહાયની સેવાઓ:* | • લગ્નસંબંધી સેવાઓ<br>• વૈવાહિક જીવન અંગે સલાહ-સૂચન (કાઉન્સેલીંગ)<br>• કુટુંબ માટે સલાહ-સૂચન (કાઉન્સેલીંગ) અને માર્ગદર્શન |
| *સહાયકો, સાધનો અને ઉપકરણો:* | • શ્રવણ ઉપકરણોનું વિતરણ |
| *પુનર્વસન સાથે સંકળાયેલી સેવાઓ:* | • યોજનાનો લાભ અને/અથવા પ્રમાણપત્ર મેળવવા માટે મદદ<br>• પ્રમાણપત્રીકરણ માટે શિબિરોનું આયોજન<br>• વિકલાંગ વ્યક્તિઓને અનુકૂલન તાલીમ<br>• શ્રવણ ક્ષતિ અને વાણી ક્ષતિ ધરાવતી વ્યક્તિઓ માટે વિકલાંગતાની આકારણી |
| **કામકાજના દિવસો** | રવિવાર અને જાહેર રજાઓ સિવાયના દિવસો |

---

*****આ સંસ્થા ભૌગોલિક દષ્ટિએ સાબરકાંઠા અને અમદાવાદના થોડા ભાગોથી નજીક છે તેથી તેનો સમાવેશ આ માહિતી પુસ્તિકામાં કરવામાં આવ્યો છે.*

## ૮. શેઠ શ્રી જે. બી. ઉપાધ્યાય બહેરા–મૂંગાની શાળા

*શ્રી કલ્યાણ મંડળ દ્વારા સંચાલિત*

| | |
|---|---|
| **સંપર્ક સરનામું** | મુ. તલોદ, જિ. સાબરકાંઠા–૩૮૩૨૧૫.<br>ફોનઃ ૦૨૭૭૦–૨૨૦૨૭૪ |
| **માનદ મંત્રી** | શ્રી મહેશભાઈ પી. ઉપાધ્યાય |
| **પૂરી પાડવામાં આવતી સેવાઓ** | શ્રવણ ક્ષતિ અને વાણી ક્ષતિ ધરાવતી વ્યક્તિઓ માટે |
| **આવરી લેવાતો ક્ષેત્ર વિસ્તાર** | સમગ્ર ગુજરાત |
| **સેવાઓનું સ્વરૂપ** | • કેન્દ્ર આધારિતઃ<br>‣ દિવસ દરમ્યાન સાર–સંભાળ<br>‣ છાત્રાલય<br>• બહાર પહોંચની સેવાઓ |
| **સેવાઓ મેળવવા માટેના માપદંડ** | દરેક માટે ઉપલબ્ધ |

### ઉપલબ્ધ સેવાઓના પ્રકાર

| | |
|---|---|
| *પૂર્વતૈયારીની સેવાઓ:* | • વહેલાસરની નિશ્ચિત ઓળખ અને અંતરક્ષેપણ |
| *નિવારણ (રોકથામ)ની સેવાઓ:* | • જનજાગૃતિના કાર્યક્રમો |
| *ઉપચારલક્ષી સેવાઓ:* | • શ્રવણ અને વાણી ઉપચાર (સ્પીચ થેરાપી) |
| *શૈક્ષણિક સેવાઓ:* | • પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ<br>• વિશેષ શિક્ષણ આપનારાઓ |
| *વ્યાવસાયિક તાલીમ અને રોજગારલક્ષી સેવાઓ:* | • સિવણ અને ચિત્રકામની તાલીમ<br>• કારકિર્દી સલાહ–સૂચન (કાઉન્સેલીંગ) |
| *સહાયકો, સાધનો અને ઉપકરણો:* | • શ્રવણ ઉપકરણોનું વિતરણ |
| *પુનર્વસન સાથે સંકળાયેલી સેવાઓ:* | • યોજનાનો લાભ અને/અથવા પ્રમાણપત્ર મેળવવા માટે મદદ<br>• પ્રમાણપત્રીકરણ માટે શિબિરોનું આયોજન<br>• વિકલાંગ વ્યક્તિઓને અનુકૂલન તાલીમ<br>• વિકલાંગતાની આકારણી |
| **કામકાજના દિવસો** | રવિવાર અને જાહેર રજાઓ સિવાયના દિવસો |

## ૯. શ્રી પી. વી. મેહતા આંખની હોસ્પિટલ

*લાયન્સ ક્લબ – ઈડર દ્વારા સંચાલિત*

| | |
|---|---|
| **સંપર્ક સરનામું** | નાયકનગર વિસ્તાર, ઈડર,<br>જિ. સાબરકાંઠા–૩૮૩૪૩૦.<br>ફોનઃ ૦૨૭૭૮–૨૫૦૫૯૮, (ઘર) ૨૫૦૪૯૦ |
| **અધ્યક્ષ** | ડૉ. જે. સી. શાહ |
| **પૂરી પાડવામાં આવતી સેવાઓ** | દૃષ્ટિ ક્ષતિ ધરાવતી વ્યક્તિઓ માટે |
| **આવરી લેવાતો ક્ષેત્ર વિસ્તાર** | ઈડર અને આસપાસનો ૩૦ કિમી. સુધીનો વિસ્તાર |
| **સેવાઓનું સ્વરૂપ** | • કેન્દ્ર આધારિતઃ નિવાસી અને બહારના દર્દીઓ માટે સુવિધા<br>• બહાર પહોંચની સેવાઓઃ રાષ્ટ્રીય અંધજન મંડળ, ઈડરના સહયોગથી |
| **સેવાઓ મેળવવા માટેના માપદંડ** | દરેક માટે ઉપલબ્ધ |

### ઉપલબ્ધ સેવાઓના પ્રકાર

| | |
|---|---|
| *નિવારણ (રોકથામ)ની સેવાઓ:* | • જનજાગૃતિના કાર્યક્રમો |
| *ઉપચારલક્ષી સેવાઓ:* | • રોજિંદી આંખની શસ્ત્રક્રિયાઓ |
| *પુનર્વસન સાથે સંકળાયેલી સેવાઓ:* | • શિબિર અભિગમઃ નેત્ર શિબિરો ઓક્ટોબર અને ૧૫મી એપ્રિલ દરમિયાન યોજવામાં આવે છે. બાકીના સમયમાં ચકાસણી કરવામાં આવે છે અને બે માસમાં સરેરાશ એક વાર શિબિરો યોજવામાં આવે છે. |
| **કામકાજના દિવસો** | વહીવટી અને બહારના દર્દીઓનો વિભાગઃ રવિવાર સિવાયના દિવસો |

## ૧૦. શ્રી વી. એચ. ગાંધી બહેરા-મૂંગાની શાળા

*લાયન્સ ક્લબ સોસાયટી દ્વારા સંચાલિત*

| | |
|---|---|
| **સંપર્ક સરનામું** | એસ.ટી. ડેપો પાછળ, મોડાસા,<br>જિ. સાબરકાંઠા-૩૮૩૩૧૫.<br>ફોનઃ ૦૨૭૭૪-૨૪૬૮૦૧ |
| **પ્રમુખ** | ડૉ. ટી. બી. પટેલ |
| **મંત્રી** | શ્રી ઈન્દ્રવદન જોષી |
| **પૂરી પાડવામાં આવતી સેવાઓ** | શ્રવણ ક્ષતિ અને વાણી ક્ષતિ ધરાવતી વ્યક્તિઓ માટે |
| **આવરી લેવાતો ક્ષેત્ર વિસ્તાર** | ગુજરાત, રાજસ્થાન અને મધ્ય પ્રદેશ |
| **સેવાઓનું સ્વરૂપ** | • કેન્દ્ર આધારિતઃ<br>‣ દિવસ દરમ્યાન સાર-સંભાળ<br>‣ છાત્રાલય<br>• બહાર પહોંચની સેવાઓ |
| **સેવાઓ મેળવવા માટેના માપદંડ** | ૫થી ૧૮ વર્ષની વય વચ્ચેના દરેક માટે ઉપલબ્ધ |

**ઉપલબ્ધ સેવાઓના પ્રકાર**

| | |
|---|---|
| *પૂર્વતૈયારીની સેવાઓ:* | • વહેલાસરની નિશ્ચિત ઓળખ અને અંતરક્ષેપણ |
| *નિવારણ (રોકથામ)ની સેવાઓ:* | • જનજાગૃતિના કાર્યક્રમો |
| *શૈક્ષણિક સેવાઓ:* | • પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ<br>• વિશેષ શિક્ષણ આપનારાઓ<br>• ગ્રંથાલયઃ પુસ્તકો |
| *વ્યાવસાયિક તાલીમ અને રોજગારલક્ષી સેવાઓ:* | • કારકિર્દી સલાહ-સૂચન (કાઉન્સેલીંગ) |
| *સામાજિક ટેકા-સહાયની સેવાઓ:* | • કુટુંબ માટે સલાહ-સૂચન (કાઉન્સેલીંગ) અને માર્ગદર્શન |
| *સંસ્થાના સાધનો:* | • વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર |

| | |
|---|---|
| *સહાયકો, સાધનો અને ઉપકરણો:* | • શ્રવણ ઉપકરણોનું વિતરણ |
| *પુનર્વસન સાથે સંકળાયેલી સેવાઓ:* | • યોજનાનો લાભ અને/અથવા પ્રમાણપત્ર મેળવવા માટે મદદ<br>• પ્રમાણપત્રીકરણ માટે શિબિરોનું આયોજન<br>• શ્રવણ ક્ષતિ ધરાવતી વ્યક્તિઓને વિકલાંગતાની આકારણી<br>• શ્રવણ ક્ષતિ ધરાવતી વ્યક્તિઓ માટે અનુકૂલન તાલીમ |
| **કામકાજના દિવસો** | રવિવાર અને જાહેર રજાઓ સિવાયના દિવસો |

## ૧૧. વિકલાંગ વિદ્યાલય*

*અંધ અપંગ સહાયક સંઘ દ્વારા સંચાલિત*

| | |
|---|---|
| **સંપર્ક સરનામું** | પલઈયા જકાત નાકા, મોડાસા રોડ,<br>દેહગામ, જિ. ગાંધીનગર–૩૮૨૩૦૫.<br>ફોનઃ ૦૨૭૧૬–૨૩૦૧૮૦ |
| **પ્રમુખ** | શ્રી અજરભાઈ જી. પટેલ |
| **આચાર્ય** | શ્રી જગદીશભાઈ એ. પટેલ |
| **પૂરી પાડવામાં આવતી સેવાઓ** | હલનચલનની ક્ષતિ અને અલ્પ દૃષ્ટિ ધરાવતી વ્યક્તિઓ માટે |
| **આવરી લેવાતો ક્ષેત્ર વિસ્તાર** | સ્થાનિક અને આસપાસના વિસ્તારો |
| **સેવાઓનું સ્વરૂપ** | કેન્દ્ર આધારિતઃ<br>› દિવસ દરમ્યાન સાર–સંભાળ<br>› છાત્રાલય |
| **સેવાઓ મેળવવા માટેના માપદંડ** | ૧૪થી ૧૬ વર્ષની વય વચ્ચેના છોકરાઓ માટે ઉપલબ્ધ |

**ઉપલબ્ધ સેવાઓના પ્રકાર**

| | |
|---|---|
| *પૂર્વતૈયારીની સેવાઓ:* | • વહેલાસરની નિશ્ચિત ઓળખ અને અંતરક્ષેપણ |
| *નિવારણ (રોકથામ)ની સેવાઓ:* | • જનજાગૃતિના કાર્યક્રમો |
| *ઉપચારલક્ષી સેવાઓ:* | • કસરત ઉપચાર (ફિઝિઓથેરાપી) માટે સંદર્ભ |

| | |
|---|---|
| *શૈક્ષણિક સેવાઓ:* | • માધ્યમિક શિક્ષણ<br>• કોમ્પ્યુટર શિક્ષણ<br>• ગ્રંથાલયઃ પુસ્તકો |
| *વ્યાવસાયિક તાલીમ અને રોજગારલક્ષી સેવાઓ:* | • કારકિર્દી સલાહ–સૂચન (કાઉન્સેલીંગ) |
| *સહાયકો, સાધનો અને ઉપકરણો:* | • મધ્યસ્થી સંસ્થાઓ અને લાભાર્થીઓ વચ્ચે ત્રણ પૈડાંવાળી સાઈકલો, બગલઘોડીઓ, કમરપટ્ટા સાથેના જોડા (કેલીપર્સ) મેળવવા માટે સંકલન |
| *પુનર્વસન સાથે સંકળાયેલી સેવાઓ:* | • યોજનાનો લાભ અને/અથવા પ્રમાણપત્ર મેળવવા માટે મદદ<br>• વિકલાંગતાની આકારણી<br>• વધુ અભ્યાસ માટે ફી પુરસ્કૃત કરવામાં આવે છે. |
| **કામકાજના દિવસો** | રવિવાર અને જાહેર રજાઓ સિવાયના દિવસો |

---

**આ સંસ્થા ભૌગોલિક દૃષ્ટિએ સાબરકાંઠા અને અમદાવાદના થોડા ભાગોથી નજીક છે તેથી તેનો સમાવેશ આ માહિતી પુસ્તિકામાં કરવામાં આવ્યો છે.*

# હોસ્પિટલ

## ૧૨. દેસાઈ એમ. સી. એન્ડ એન. એમ. દલાલ જનરલ હોસ્પિટલ

*શ્રેયસ ટ્રસ્ટ દ્વારા સંચાલિત*

**સંપર્ક સરનામું** — પ્રાંતિજ, જિ. સાબરકાંઠા–૩૮૩૨૦૫
ફોનઃ ૦૨૭૭૦–૨૩૩૦૬૪

**અધીક્ષક અને જનરલ સર્જન** — ડૉ. અમીત શાહ

**પૂરી પાડવામાં આવતી સેવાઓ** — હલનચલનની વિકલાંગતા અને મગજનો લકવો (સેરેબ્રલ પોલ્સી) ધરાવતી વ્યક્તિઓ માટે

**આવરી લેવાતો ક્ષેત્ર વિસ્તાર** — પ્રાંતિજ અને આસપાસના વિસ્તારો

**સેવાઓનું સ્વરૂપ** — કેન્દ્ર આધારિતઃ નિવાસી અને બહારના દર્દીઓ માટે સુવિધા

**સેવાઓ મેળવવા માટેના માપદંડ** — દરેક માટે ઉપલબ્ધ

**ઉપલબ્ધ સેવાઓના પ્રકાર**

*નિવારણ (રોકથામ)ની સેવાઓ:*
- જનજાગૃતિના કાર્યક્રમો
- રસીકરણના કાર્યક્રમ દ્વારા રોકથામ

*ઉપચારલક્ષી સેવાઓ/વિભાગો:*
- ફિઝિયોથેરાપીઃ કસરત અને ઈલેક્ટ્રોથેરાપી
- તાત્કાલિક સારવાર
- મનોચિકિત્સા
- નેત્ર ચિકિત્સા
- કાન–નાક–ગળુ
- રેડિયોલોજી
- ચર્મવિભાગ
- દંત ચિકિત્સા
- પ્રસૂતિ અને સ્ત્રીરોગ
- જ્ઞાનતંતુ વિભાગ (ન્યુરોલોજી)

*પુનર્વસન સાથે સંકળાયેલી સેવાઓ:*
- હલનચલનની વિકલાંગતા અને મગજનો લકવો (સેરેબ્રલ પોલ્સી) ધરાવતી વ્યક્તિઓ માટે વિકલાંગ વ્યક્તિઓને અનુકૂલન તાલીમ

*તાત્કાલિક સેવાઓઃ*
- એમ્બ્યુલન્સ – ફોનઃ ૦૨૭૭૦–૨૩૩૦૬૪

**કામકાજના દિવસો** — વહીવટી અને બહારના દર્દીઓનો વિભાગઃ રવિવાર સિવાયના દિવસો

## ૧૩. ડૉ. રસિકલાલ શાહ સાર્વજનિક હોસ્પિટલ

**સંપર્ક સરનામું**

મોડાસા,
જિ. સાબરકાંઠા–૩૮૩૩૧૫.
ફોનઃ ૦૨૭૭૪–૨૪૬૨૩૬, ૨૪૦૩૧૧, ૨૪૭૪૦૮

**તબીબી અધિકારી**

ડૉ. ડી. એમ. દવે

**પૂરી પાડવામાં આવતી સેવાઓ**

હલનચલનની ક્ષતિ, શ્રવણક્ષતિ અને વાણી ક્ષતિ, દૃષ્ટિ ક્ષતિ, મગજનો લકવા, મંદબુદ્ધિતા અને માનસિક ક્ષતિ ધરાવતી વ્યક્તિઓ માટે

**આવરી લેવાતો ક્ષેત્ર વિસ્તાર**

સાબરકાંઠા જિલ્લો અને રાજસ્થાનનાં સરહદી ગામડાંઓ

**સેવાઓનું સ્વરૂપ**

કેન્દ્ર આધારિતઃ નિવાસી અને બહારના દર્દીઓ માટે સુવિધા

**સેવાઓ મેળવવા માટેના માપદંડ**

દરેક માટે ઉપલબ્ધ

**ઉપલબ્ધ સેવાઓના પ્રકાર**

*ઉપચારલક્ષી સેવાઓ/વિભાગોઃ*

- કસરત ઉપચાર (ફિઝિઓથેરાપી)
- સ્કીઝોફ્રેનીયાના દર્દીઓનો ઉપચાર
- હાડકાંનો વિભાગ
- કાન–નાક–ગળુ
- નેત્ર ચિકિત્સા
- તાત્કાલિક સારવાર
- મનોચિકિત્સા
- પ્રસૂતિ અને સ્ત્રીરોગ

*પુનર્વસન સાથે સંકળાયેલી સેવાઓઃ*

- પ્રમાણપત્રીકરણ માટે સહાય શિબિરોનું આયોજન

*તાત્કાલિક સેવાઓઃ*

- એમ્બ્યુલન્સ – ફોનઃ ૦૨૭૭૪–૨૪૬૨૩૬, ૨૪૦૩૧૧, ૨૪૭૪૦૮

**કામકાજના દિવસો**

- વહીવટી અને બહારના દર્દીઓનો વિભાગઃ રવિવાર સિવાયના દિવસો
- પહેલા અને ત્રીજા રવિવારો વધુ વિશિષ્ટ સેવાઓ માટેના દિવસો છે.

## ૧૪. શેઠ કસ્તુરભાઈ લાલભાઈ હોસ્પિટલ

| | |
|---|---|
| **સંપર્ક સરનામું** | લક્ષ્મીપુરા, તા. ખેડબ્રહ્મા,<br>જિ. સાબરકાંઠા–૩૮૩૨૭૫.<br>ફોનઃ ૦૨૭૭૫–૨૪૧૨૬૫, ૨૪૧૬૮૨, ૨૪૧૨૧૯ |
| **તબીબી સુપ્રિટેન્ડન્ટ** | ડૉ. પલ્લવ દેસાઈ |
| **પૂરી પાડવામાં આવતી સેવાઓ** | વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને તેમ જ જરૂરિયાતમંદ વ્યક્તિઓને સારવાર |
| **આવરી લેવાતો ક્ષેત્ર વિસ્તાર** | ખેડબ્રહ્મા તાલુકા |
| **સેવાઓનું સ્વરૂપ** | • કેન્દ્ર આધારિતઃ નિવાસી અને બહારના દર્દીઓ માટે સુવિધા<br>• બહાર પહોંચની સેવાઓ |
| **સેવાઓ મેળવવા માટેના માપદંડ** | દરેક માટે ઉપલબ્ધ |

**ઉપલબ્ધ સેવાઓના પ્રકાર**

| | |
|---|---|
| *વિભાગોઃ* | • તાત્કાલિક સારવાર<br>• કાન–નાક–ગળુ<br>• સામાન્ય ચિકિત્સા<br>• પ્રસૂતિ અને સ્ત્રીરોગ |
| *પુનર્વસન સાથે સંકળાયેલી સેવાઓઃ* | • બાળ લકવા (પોલિયો)ની શસ્ત્રક્રિયાની શિબિરો માટે સંકલન કરવું અને સહાય શિબિરો |
| *તાત્કાલિક સેવાઓઃ* | • એમ્બ્યુલન્સ – ફોનઃ ૦૨૭૭૫–૨૪૧૨૬૫, ૨૪૧૬૮૨, ૨૪૧૨૧૯ |
| **કામકાજના દિવસો** | • વહીવટી અને બહારના દર્દીઓનો વિભાગઃ રવિવાર સિવાયના દિવસો |

## ૧૫. શ્રી આત્મવલ્લભ હોસ્પિટલ એન્ડ એમ. ડી.શાહ મેડિકલ ઈન્સ્ટિટ્યુટ

**સંપર્ક સરનામું** — વિજય સમુદ્ર નગર, ઈડર,
જિ. સાબરકાંઠા–૩૮૩૪૩૦.
ફોનઃ ૦૨૭૭૮–૨૫૧૧૭૫, ૨૫૦૮૩૦
Website: www.vishvakalyansociety.org

**મેનેજિંગ ટ્રસ્ટી** — ડૉ. દિનેશ સી. પરીખ

**પૂરી પાડવામાં આવતી સેવાઓ** — હલનચલનની ક્ષતિ ધરાવતી વ્યક્તિઓ માટે

**આવરી લેવાતો ક્ષેત્ર વિસ્તાર** — ઉત્તર સાબરકાંઠા અને રાજસ્થાન

**સેવાઓનું સ્વરૂપ**
- કેન્દ્ર આધારિતઃ નિવાસી અને બહારના દર્દીઓ માટે સુવિધા
- બહાર પહોંચની સેવાઓઃ મોતિયા માટે શિબિરો

**સેવાઓ મેળવવા માટેના માપદંડ** — દરેક માટે ઉપલબ્ધ

**ઉપલબ્ધ સેવાઓના પ્રકાર**

*ઉપચારલક્ષી સેવાઓ/વિભાગો:*
- કસરત ઉપચાર (ફિઝિઓથેરાપી)
- હાડકાંનો વિભાગ
- તાત્કાલિક સારવાર
- મનોચિકિત્સા
- સામાન્ય શસ્ત્રક્રિયા
- પ્રસૂતિ અને સ્ત્રીરોગ
- બાળક થવા માટે (રિપ્રોડકટીવ)ની ચિકિત્સા

*સહાયકો, સાધનો અને ઉપકરણો:*
- ત્રણ પૈડાંવાળી સાયકલો, બગલઘોડીઓ, કમરપટ્ટા સાથેના જોડા (કેલીપર્સ) અને વ્હીલચેરનું વિતરણ

*તાત્કાલિક સેવાઓઃ*
- એમ્બ્યુલન્સ – ફોનઃ ૦૨૭૭૮–૨૫૧૧૭૫

**કામકાજના દિવસો**
- વહીવટી અને બહારના દર્દીઓનો વિભાગઃ રવિવાર સિવાયના દિવસો

## ૧૬. શ્રીમંત ફતેહસિંહરાવ ગાયકવાડ જનરલ હોસ્પિટલ

*કે. કે. શાહ સાબરકાંઠા આરોગ્ય મંડળ દ્વારા સંચાલિત*

| | |
|---|---|
| **સંપર્ક સરનામું** | વાત્રક, તા. બાયડ,<br>જિ. સાબરકાંઠા–૩૮૩૩૨૫.<br>ફોનઃ ૦૨૭૭૯–૨૨૨૦૧૮ |
| **સંપર્ક વ્યક્તિ** | નિવાસી તબીબી અધિકારી (આરએમઓ), હાડકાના સર્જન (ઓર્થોપેડિક સર્જન), કસરત ચિકિત્સક (ફિઝિઓથેરાપીસ્ટ) |
| **પૂરી પાડવામાં આવતી સેવાઓ** | હલનચલનની ક્ષતિ, મંદબુદ્ધિતા અને મગજનો લકવો (સેરેબ્રલ પોલ્સી) ધરાવતી વ્યક્તિઓ માટે |
| **આવરી લેવાતો ક્ષેત્ર વિસ્તાર** | બાયડ તાલુકા |
| **સેવાઓનું સ્વરૂપ** | કેન્દ્ર આધારિતઃ નિવાસી અને બહારના દર્દીઓ માટે સુવિધા |
| **સેવાઓ મેળવવા માટેના માપદંડ** | દરેક માટે ઉપલબ્ધ |

**ઉપલબ્ધ સેવાઓના પ્રકાર**

| | |
|---|---|
| *નિવારણ (રોકથામ)ની સેવાઓ:* | • જનજાગૃતિના કાર્યક્રમો |
| *ઉપચારલક્ષી સેવાઓ/વિભાગો:* | • ફિઝિઓથેરાપીઃ કસરત અને ઈલેક્ટ્રોથેરાપી<br>• મનોવૈજ્ઞાનિક ઉપચાર<br>• હાડકાંનો વિભાગ<br>• તાત્કાલિક સારવાર<br>• મનોચિકિત્સા<br>• સામાન્ય શસ્ત્રક્રિયા<br>• પ્રસૂતિ અને સ્ત્રીરોગ |
| *તાત્કાલિક સેવાઓઃ* | • એમ્બ્યુલન્સ – ફોનઃ ૦૨૭૭૯–૨૨૨૦૧૮ |
| **કામકાજના દિવસો** | વહીવટી અને બહારના દર્દીઓનો વિભાગઃ રવિવાર સિવાયના દિવસો |

## ૧૭. સર પ્રતાપ જનરલ હોસ્પિટલ (સિવિલ હોસ્પિટલ)

**સંપર્ક સરનામું** — હિંમતનગર,
જિ. સાબરકાંઠા-૩૮૩૦૦૧.
ફોનઃ ૦૨૭૭૨-૨૪૬૬૧૮

**સિવિલ સર્જન** — ડૉ. વી. એસ નીનામા

**પૂરી પાડવામાં આવતી સેવાઓ** — દરેક પ્રકારની વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે

**આવરી લેવાતો ક્ષેત્ર વિસ્તાર** — સાબરકાંઠા જિલ્લો અને રાજસ્થાન

**સેવાઓનું સ્વરૂપ**
- કેન્દ્ર આધારિતઃ નિવાસી અને બહારના દર્દીઓ માટે સુવિધા
- બહાર પહોંચની સેવાઓઃ (અન્ય સંસ્થાઓના સંકલનથી)

**સેવાઓ મેળવવા માટેના માપદંડ** — દરેક માટે ઉપલબ્ધ

**ઉપલબ્ધ સેવાઓના પ્રકાર**

*પૂર્વતૈયારીની સેવાઓ:*
- વહેલાસરની નિશ્ચિત ઓળખ અને અંતરક્ષેપણ

*નિવારણ (રોકથામ)ની સેવાઓ:*
- જનજાગૃતિના કાર્યક્રમો

*ઉપચારલક્ષી સેવાઓ/વિભાગો:*
- કસરત ઉપચાર (ફિઝિઓથેરાપી)
- વાણી ઉપચાર (સ્પીચ થેરાપી)
- મનોવૈજ્ઞાનિક ઉપચાર
- કાન-નાક-ગળુ
- નેત્ર ચિકિત્સા
- તાત્કાલિક સારવાર
- મનોચિકિત્સા
- સામાન્ય શસ્ત્રક્રિયા
- પ્રસૂતિ અને સ્ત્રીરોગ
- બાળક થવા માટે (રિપ્રોડકટીવ)ની ચિકિત્સા

*પુનર્વસન સાથે સંકળાયેલી સેવાઓ:*
- અન્ય સંસ્થાઓ દ્વારા યોજાતી શિબિરમાં સહાય અને સહભાગી થાય છે.
- વિકલાંગ વ્યક્તિઓને અનુકૂલન તાલીમ
- શિબિર અભિગમ: વર્ષમાં આશરે ૪થી ૫ મોટી નિદાન શિબિરો યોજવામાં આવે છે.

| | |
|---|---|
| તાત્કાલિક સેવાઃ | • એમ્બ્યુલન્સ – ફોનઃ ૦૨૭૭૨–૨૪૬૬૧૮ |
| **કામકાજના દિવસો** | વહીવટી અને બહારના દર્દીઓનો વિભાગઃ રવિવાર સિવાયના દિવસો |

**અન્ય માહિતીઃ**

હલનચલનની વિકલાંગતા, દૃષ્ટિ ક્ષતિ અને શ્રવણ ક્ષતિ માટે પ્રમાણપત્રો કાઢી આપવામાં આવે છે. (બુધવારે સવારે– ૯:૦૦થી ૧:૦૦ અને સાંજે ૪:૦૦થી ૬:૦૦), દૃષ્ટિ ક્ષતિ માટે પ્રમાણપત્રો સોમવારે પણ કાઢી આપવામાં આવે છે.

# વિકાસ સંસ્થાઓ

## ૧૮. એનાર્ડે ફાઉન્ડેશન

*એસીલ નવસર્જન રૂરલ ડેવલપમેન્ટ ફાઉન્ડેશન*

| | |
|---|---|
| **સંપર્ક સરનામું** | ન્યુ એજ્યુકેશન હાઈસ્કૂલ પાસે,<br>ખેડ–તસીયા રોડ,<br>હિંમતનગર,<br>જિ. સાબરકાંઠા–૩૮૩૦૦૧.<br>ફોનઃ ૦૨૭૭૨–૨૩૪૦૩૩ |
| **જિલ્લા સંકલન અધિકારી** | શ્રી ચૈતન્ય એન. સોની |
| **પૂરી પાડવામાં આવતી સેવાઓ** | હલનચલનની ક્ષતિ, શ્રવણ ક્ષતિ અને વાણી ક્ષતિ તેમ જ કુષ્ઠ રોગ સાજા થયેલી વ્યક્તિઓ માટે |
| **આવરી લેવાતો ક્ષેત્ર વિસ્તાર** | સાબરકાંઠા જિલ્લો |
| **સેવાઓનું સ્વરૂપ** | • બહાર પહોંચની સેવાઓઃ સાબરકાંઠા જિલ્લાના ૨૦૦ ગામડાઓ<br>• સંકલન, માહિતી સંદર્ભ વિનિમય (રેફરલ) અને સંપર્ક જોડાણ |
| **સેવાઓ મેળવવા માટેના માપદંડ** | ૧૮થી ૪૦ વર્ષની વય વચ્ચેના દરેક માટે ઉપલબ્ધ |

**ઉપલબ્ધ સેવાઓના પ્રકાર**

| | |
|---|---|
| *વ્યાવસાયિક તાલીમ અને રોજગારલક્ષી સેવાઓ:* | • કારકિર્દી સલાહ–સૂચન (કાઉન્સેલીંગ)<br>• ધીરાણ આપવું<br>• સૂક્ષ્મ શાખ (માઈક્રોક્રેડિટ)<br>• ધીરાણ માટે સહાય<br>• સ્વ–સહાય જૂથને ધીરાણ પૂરી પાડવામાં આવે છે. |
| **કામકાજના દિવસો** | રવિવાર અને જાહેર રજાઓ સિવાયના દિવસો |

# ૧૯. દિવ્ય જ્યોતિ સેવા આશ્રમ-સિસોદરા

| | |
|---|---|
| **સંપર્ક સરનામું** | મુ.પો. સિસોદરા (મેઘાઈ),<br>પો. બાંઠીવાડા,<br>તા. મેઘરજ,<br>જિ. સાબરકાંઠા-૩૮૩૩૫૦<br>ફોનઃ ૦૨૭૭૩-૨૪૫૪૧૮ |
| **મંત્રી** | શ્રી ત્રિભોવનદાસ એલ. સેવક |
| **પૂરી પાડવામાં આવતી સેવાઓ** | સંગઠનના ચાલી રહેલા વિકાસ કાર્યક્રમો દ્વારા દરેક પ્રકારની વિકલાંગતાઓ માટે |
| **આવરી લેવાતો ક્ષેત્ર વિસ્તાર** | મેઘરજ તાલુકો |
| **સેવાઓનું સ્વરૂપ** | કેન્દ્ર આધારિતઃ મુખ્યપ્રવાહની શાળા સાથે છાત્રાલય |
| **સેવાઓ મેળવવા માટેના માપદંડ** | ૧૫થી ૧૮ વર્ષની વય વચ્ચેના દરેક માટે ઉપલબ્ધ |

**ઉપલબ્ધ સેવાઓના પ્રકાર**

| | |
|---|---|
| *શૈક્ષણિક સેવાઓ:* | • મુખ્યપ્રવાહની શાળા |
| *સહાયકો, સાધનો અને ઉપકરણો:* | • સહાયક સાધનો અને ઉપકરણો પૂરા પાડવા માટે સંકલન, માહિતી સંદર્ભ વિનિમય અને સંપર્ક જોડાણ |
| **કામકાજના દિવસો** | રવિવાર અને જાહેર રજાઓ સિવાયના દિવસો |

## ૨૦. ગાયત્રી વિકલાંગ માનવ મંડળ

| | |
|---|---|
| **સંપર્ક સરનામું** | હરિઓમ શોપિંગ સેન્ટર,<br>બસ સ્ટેન્ડ સામે,<br>બાયડ, જિ. સાબરકાંઠા–૩૮૩૩૨૫.<br>ફોનઃ ૦૨૭૭૯–૨૨૨૪૩૪ |
| **મેનેજિંગ ટ્રસ્ટી** | શ્રી રૂક્ષમણીબહેન જે. શાહ |
| **પૂરી પાડવામાં આવતી સેવાઓ** | સંગઠનમાં ચાલી રહેલા વિકાસ કાર્યક્રમો દ્વારા દરેક પ્રકારની વિકલાંગતાઓ માટે |
| **આવરી લેવાતો ક્ષેત્ર વિસ્તાર** | બાયડ તાલુકો |
| **સેવાઓનું સ્વરૂપ** | સંકલન, માહિતી સંદર્ભ વિનિમય અને સંપર્ક જોડાણ |
| **સેવાઓ મેળવવા માટેના માપદંડ** | દરેક માટે ઉપલબ્ધ |

### ઉપલબ્ધ સેવાઓના પ્રકાર

| | |
|---|---|
| *વ્યાવસાયિક તાલીમ અને રોજગારલક્ષી સેવાઓ:* | • સિવણના વર્ગો |
| *સહાયકો, સાધનો અને ઉપકરણો:* | • મધ્યસ્થી સંસ્થાઓ અને લાભાર્થીઓ વચ્ચે સહાયક સાધનો અને ઉપકરણો જેવા કે, ત્રણ પૈડાંવાળી સાઈકલ, બગલઘોડીઓ, કમરપટ્ટા સાથેનાં જોડાઓ (કેલીપર્સ) મેળવવા માટે સંકલન |
| *પુનર્વસન સાથે સંકળાયેલી સેવાઓ:* | • યોજનાનો લાભ અને/અથવા પ્રમાણપત્ર મેળવવા માટે મદદ<br>• પ્રમાણપત્રીકરણ માટે શિબિરોનું આયોજન |
| **કામકાજના દિવસો** | બધા દિવસો |

## ૨૧. ગ્રામ વિકાસ સેવા ટ્રસ્ટ

| | |
|---|---|
| **સંપર્ક સરનામું** | ઈડર તાલુકા ખરીદ-વેચાણ સંઘ,<br>પહેલો માળ, ટાવર રોડ,<br>એલઆઈસી ઓફિસ સામે, ઈડર,<br>જિ. સાબરકાંઠા-૩૮૩૪૩૦.<br>ફોનઃ ૦૨૭૭૮-૨૫૩૯૩૩, (ઘર) ૨૮૩૩૮૪<br>મોબાઈલઃ ૯૮૯૮૩૩૭૭૫૦ |
| **મેનેજિંગ ટ્રસ્ટી** | શ્રી મનોજભાઈ રાજન |
| **પૂરી પાડવામાં આવતી સેવાઓ** | સંગઠનના ચાલી રહેલા વિકાસ કાર્યક્રમો દ્વારા દરેક પ્રકારની વિકલાંગતાઓ માટે |
| **આવરી લેવાતો ક્ષેત્ર વિસ્તાર** | ઈડર, વડાલી, વિજયનગર, ભીલોડા અને મહેસાણા |
| **સેવાઓનું સ્વરૂપ** | કેન્દ્ર આધારિત |
| **સેવાઓ મેળવવા માટેના માપદંડ** | દરેક માટે ઉપલબ્ધ |

**ઉપલબ્ધ સેવાઓના પ્રકાર**

| | |
|---|---|
| *નિવારણ (રોકથામ)ની સેવાઓ:* | • જનજાગૃતિના કાર્યક્રમો |
| *વ્યાવસાયિક તાલીમ અને રોજગારલક્ષી સેવાઓ:* | • ધીરાણ માટે સહાય<br>• કારકિર્દી સલાહ-સૂચન (કાઉન્સેલીંગ) |
| *પુનર્વસન સાથે સંકળાયેલી સેવાઓ:* | • યોજનાનો લાભ અને/અથવા પ્રમાણપત્ર મેળવવા માટે મદદ |

| | |
|---|---|
| **કામકાજના દિવસો** | રવિવાર અને જાહેર રજાઓ સિવાયના દિવસો |

## ૨૨. લાયન્સ ક્લબ ઓફ તલોદ

| | |
|---|---|
| **સંપર્ક સરનામું** | ૧૦૧, માર્કેટ યાર્ડ, તલોદ,<br>જિ. સાબરકાંઠા-૩૮૩૨૧૫.<br>ફોનઃ ૦૨૭૭૦-૨૨૧૪૨૮<br>મોબાઈલઃ ૯૮૯૮૩૨૧૨૩૩ |
| **પ્રમુખ** | શ્રી ઝમનભાઈ શાહ |
| **પૂરી પાડવામાં આવતી સેવાઓ** | સંગઠનના ચાલી રહેલા વિકાસ કાર્યક્રમો દ્વારા દરેક પ્રકારની વિકલાંગતાઓ માટે |
| **આવરી લેવાતો ક્ષેત્ર વિસ્તાર** | તલોદ અને આસપાસના ૮૪ ગામો |
| **સેવાઓનું સ્વરૂપ** | બહાર પહોંચની સેવાઓઃ સંકલન, માહિતી સંદર્ભ વિનિમય અને સંપર્ક જોડાણ |
| **સેવાઓ મેળવવા માટેના માપદંડ** | દરેક માટે ઉપલબ્ધ |

**ઉપલબ્ધ સેવાઓના પ્રકાર**

| | |
|---|---|
| *નિવારણ (રોકથામ)ની સેવાઓ:* | • જનજાગૃતિના કાર્યક્રમો |
| *વ્યાવસાયિક તાલીમ અને રોજગારલક્ષી સેવાઓ:* | • ધીરાણ માટે સહાય<br>• કારકિર્દી સલાહ-સૂચન (કાઉન્સેલીંગ) |
| *સામાજિક ટેકા-સહાયની સેવાઓ:* | • વૈવાહિક જીવન અંગે સલાહ-સૂચન (કાઉન્સેલીંગ) |
| *સંસ્થાના સાધનો:* | • પ્રકાશનઃ 'ગાઈડન્સ બુક' ગુજરાતીમાં |
| *સહાયકો, સાધનો અને ઉપકરણો:* | • રત્નનિધિ દાતા ટ્રસ્ટ-સુરેન્દ્રનગર દ્વારા ત્રણ પૈડાંવાળી સાઈકલો, બગલઘોડીઓ, કમરપટ્ટા સાથેના જોડા (કેલીપર્સ) અને જયપુર પગનું વિતરણ |
| *પુનર્વસન સાથે સંકળાયેલી સેવાઓ:* | • યોજનાનો લાભ અને/અથવા પ્રમાણપત્ર મેળવવા માટે મદદ<br>• પ્રમાણપત્રીકરણ માટે શિબિરોનું આયોજન |
| **કામકાજના દિવસો** | બધા દિવસો |

## ૨૩. લોકસેવા યુવા ટ્રસ્ટ

| | |
|---|---|
| **સંપર્ક સરનામું** | મુ. દરામલી, તા. ઈડર,<br>જિ. સાબરકાંઠા.<br>ફોનઃ ૦૨૭૭૮–૨૪૦૫૨૩<br>મોબાઈલઃ ૯૨૨૮૧૩૧૫૭૮ |
| **પ્રમુખ** | શ્રી શંકરભાઈ વણકર |
| **પૂરી પાડ્વામાં આવતી સેવાઓ** | સંગઠનના ચાલી રહેલા વિકાસ કાર્યક્રમો દ્વારા દરેક પ્રકારની વિકલાંગતાઓ માટે |
| **આવરી લેવાતો ક્ષેત્ર વિસ્તાર** | સાબરકાંઠા જિલ્લો |
| **સેવાઓનું સ્વરૂપ** | સંકલન, માહિતી સંદર્ભ વિનિમય અને સંપર્ક જોડાણ |
| **સેવાઓ મેળવવા માટેના માપદંડ** | દરેક માટે ઉપલબ્ધ |

**ઉપલબ્ધ સેવાઓના પ્રકાર**

| | |
|---|---|
| *નિવારણ (રોકથામ)ની સેવાઓ:* | • જનજાગૃતિના કાર્યક્રમો |
| *વ્યાવસાયિક તાલીમ અને રોજગારલક્ષી સેવાઓ:* | • કારકિર્દી સલાહ–સૂચન (કાઉન્સેલીંગ) |
| *સામાજિક ટેકા–સહાયની સેવાઓ:* | • વૈવાહિક જીવન અંગે સલાહ–સૂચન (કાઉન્સેલીંગ) |
| *સહાયકો, સાધનો અને ઉપકરણો:* | • સહાયક સાધનો અને ઉપકરણો પૂરા પાડવા માટે સંકલન, માહિતી સંદર્ભ વિનિમય અને સંપર્ક જોડાણ |
| *પુનર્વસન સાથે સંકળાયેલી સેવાઓ:* | • યોજનાનો લાભ અને/અથવા પ્રમાણપત્ર મેળવવા માટે મદદ<br>• પ્રમાણપત્રીકરણ માટે શિબિરનું આયોજન |

| | |
|---|---|
| **કામકાજના દિવસો** | રવિવાર સિવાયના દિવસો |

## ૨૪. નરોત્તમ લાલભાઈ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ

**સંપર્ક સરનામું**

ગાયત્રી મંદિર પાસે,
ખેડબ્રહ્મા,
જિ. સાબરકાંઠા– ૩૮૩૨૫૫.
ફોનઃ ૦૨૭૭૫–૨૨૦૦૩૭

**પ્રભારી** — શ્રી મુકેશભાઈ એમ. પંડ્યા

**ક્ષેત્રીય મદદનીશ** — શ્રી મણીભાઈ પટેલ

**પૂરી પાડવામાં આવતી સેવાઓ** — સંગઠનના ચાલી રહેલા વિકાસ કાર્યક્રમો દ્વારા દરેક પ્રકારની વિકલાંગતાઓ માટે

**આવરી લેવાતો ક્ષેત્ર વિસ્તાર** — ખેડબ્રહ્મા તાલુકાના ૫૦ ગામડાઓ

**સેવાઓનું સ્વરૂપ**

- કેન્દ્ર આધારિતઃ સંકલન, માહિતી સંદર્ભ વિનિમય અને સંપર્ક જોડાણ
- બહાર પહોંચની સેવાઓઃ સ્વયંસેવકો દ્વારા

**સેવાઓ મેળવવા માટેના માપદંડ**

- દરેક માટે ઉપલબ્ધ
- મહિલાઓ પ્રત્યે વિશેષ ધ્યાન

**ઉપલબ્ધ સેવાઓના પ્રકાર**

*વ્યાવસાયિક તાલીમ અને રોજગારલક્ષી સેવાઓ:*

- વિકલાંગ વ્યક્તિઓને અગ્રતાક્રમ સાથે સ્વ–સહાય જૂથોને ધીરાણ પૂરું પાડવામાં આવે છે.
- કારકિર્દી સલાહ–સૂચન (કાઉન્સેલીંગ)

*સહાયકો, સાધનો અને ઉપકરણો:*

- સહાયક સાધનો અને ઉપકરણો પૂરા પાડવા માટે સંકલન, માહિતી સંદર્ભ વિનિમય અને સંપર્ક જોડાણ

**કામકાજના દિવસો** — રવિવાર અને જાહેર રજાઓ સિવાયના દિવસો

## ૨૫. નવગુજરાત ચેરિટેબલ ટ્રસ્ટ

| | |
|---|---|
| **સંપર્ક સરનામું** | સી–ગ્રુપ–૭, સાબરકાંઠા બેંક સોસાયટી,<br>મહાવીરનગર, હિંમતનગર, જિ. સાબરકાંઠા–૩૮૩૦૦૧.<br>ફોનઃ ૦૨૭૭૨–(ઘર) ૨૩૪૮૯૧, મોબાઈલઃ ૯૪૨૬૩૬૫૬૬૨ |
| **મુખ્ય ટ્રસ્ટી** | શ્રી જીતુભાઈ એસ. પટેલ |
| **પૂરી પાડવામાં આવતી સેવાઓ** | સંગઠનના ચાલી રહેલા વિકાસ કાર્યક્રમો દ્વારા દરેક પ્રકારની વિકલાંગતાઓ માટે |
| **આવરી લેવાતો ક્ષેત્ર વિસ્તાર** | હિંમતનગર |
| **સેવાઓનું સ્વરૂપ** | કેન્દ્ર આધારિતઃ<br>‣ સંકલન, માહિતી સંદર્ભ વિનિમય અને સંપર્ક જોડાણ<br>‣ છાત્રાલય |
| **સેવાઓ મેળવવા માટેના માપદંડ** | • દરેક માટે ઉપલબ્ધ |

**ઉપલબ્ધ સેવાઓના પ્રકાર**

| | |
|---|---|
| *પૂર્વતૈયારીની સેવાઓ:* | • વહેલાસરની નિશ્ચિત ઓળખ અને અંતરક્ષેપણ |
| *નિવારણ (રોકથામ)ની સેવાઓ:* | • જનજાગૃતિના કાર્યક્રમો |
| *ઉપચારલક્ષી સેવાઓ:* | નીચેના માટે સંદર્ભ વિનિમય સેવાઓ:<br>• કસરત ઉપચાર (ફિઝિઓથેરાપી)<br>• વાણી ઉપચાર (સ્પીચ થેરાપી)<br>• શ્રવણ ઉપચાર (હિયરીંગ થેરાપી)<br>• મનોવૈજ્ઞાનિક ઉપચાર<br>• વ્યાવસાયિક ઉપચાર (ઓક્યુપેશનલ થેરાપી) |
| *વ્યવસાયિક તાલીમ અને રોજગારલક્ષી સેવાઓ:* | • કારકિર્દી સલાહ–સૂચન |
| *પુનર્વસન સાથે સંકળાયેલી સેવાઓ:* | • પ્રમાણપત્રીકરણ માટે સંકલન, સંદર્ભ વિનિમય અને સંપર્ક જોડાણ<br>• યોજનાનો લાભ અને/અથવા પ્રમાણપત્ર મેળવવા માટે મદદ<br>• વિકલાંગતાની આકારણી માટે સહાય |
| **કામકાજના દિવસો** | રવિવાર અને જાહેર રજાઓ સિવાયના દિવસો |

# ૨૬. ન્યુ ગુજરાત ગ્રામ વિકાસ કોમ્પ્યુટર એજ્યુકેશન સોસાયટી

| | |
|---|---|
| **સંપર્ક સરનામું** | ૫૭, પહેલો માળ, તાલુકા પંચાયત શોપીંગ સેન્ટર,<br>પેટ્રોલ પંપની બાજુમાં, ભીલોડા,<br>જિ. સાબરકાંઠા–૩૮૩૨૪૫.<br>ફોનઃ ૦૨૭૭૧–૨૩૨૨૫૩ |
| **પ્રમુખ** | શ્રી રાકેશભાઈ ડી. પ્રજાપતિ |
| **પૂરી પાડવામાં આવતી સેવાઓ** | અષ્ટાવક્ર (સીબીઆર) યોજના અંતર્ગત દરેક પ્રકારની વિકલાંગતા માટે |
| **આવરી લેવાતો ક્ષેત્ર વિસ્તાર** | વિજયનગર તાલુકાના ૮૫ ગામડાઓ |
| **સેવાઓનું સ્વરૂપ** | બહાર પહોંચની સેવાઓ:<br>› વિજયનગર તાલુકામાં સમુદાય આધારિત પુનર્વસન કાર્યક્રમનું અમલીકરણ<br>› સંકલન, માહિતી સંદર્ભ વિનિમય અને સંપર્ક જોડાણ |
| **સેવાઓ મેળવવા માટેના માપદંડ** | દરેક માટે ઉપલબ્ધ |

**ઉપલબ્ધ સેવાઓના પ્રકાર**

| | |
|---|---|
| *પૂર્વતૈયારીની સેવાઓ:* | • વહેલાસરની નિશ્ચિત ઓળખ અને અંતરક્ષેપણ |
| *નિવારણ (રોકથામ)ની સેવાઓ:* | • જનજાગૃતિના કાર્યક્રમો |
| *વ્યાવસાયિક તાલીમ અને રોજગારલક્ષી સેવાઓ:* | • ધીરાણ માટે સહાય<br>• કારકિર્દી સલાહ–સૂચન (કાઉન્સેલીંગ)<br>• વિકલાંગ વ્યક્તિઓ માટે કોમ્પ્યુટર તાલીમ રાહત દરે |
| *સામાજિક ટેકા–સહાયની સેવાઓ:* | • લગ્નસંબંધી સેવાઓ<br>• વૈવાહિક જીવન અંગે સલાહ–સૂચન (કાઉન્સેલીંગ) |
| *સંસ્થાના સાધનો:* | • કોમ્પ્યુટર લેબ – નિત્યક્રમના અભ્યાસક્રમ અને એપ્ટેક |
| *સહાયકો, સાધનો અને ઉપકરણો:* | • દાતા સંસ્થાઓ અને લાભાર્થીઓ વચ્ચે ત્રણ પૈડાંવાળી સાઈકલો, બગલઘોડીઓ, કમરપટ્ટા સાથેના જોડાઓ મેળવવા માટે સંપર્ક જોડાણ |

| | |
|---|---|
| *પુનર્વસન સાથે સંકળાયેલી સેવાઓ:* | • યોજનાનો લાભ અને/અથવા પ્રમાણપત્ર મેળવવા માટે મદદ<br>• પ્રમાણપત્રીકરણ માટે શિબિરોનું આયોજન<br>• વિકલાંગતાની આકારણી માટે સહાય |
| **કામકાજના દિવસો** | રવિવાર અને જાહેર રજાઓ સિવાયના દિવસો |

## ૨૭. પરખ ટ્રસ્ટ

| | |
|---|---|
| **સંપર્ક સરનામું** | આંબાવાડી, ૧૨ બંગલો, કચ્છી સમાજ વાડી પાછળ,<br>હિંમતનગર, જિ. સાબરકાંઠા–૩૮૩૦૦૧.<br>ફોનઃ ૦૨૭૭૨–૨૪૭૯૪૧ |
| **મંત્રી** | શ્રી કૌશલ્યાકુંવરબા વી. પરમાર |
| **પૂરી પાડવામાં આવતી સેવાઓ** | સંગઠનના ચાલી રહેલા વિકાસ કાર્યક્રમો દ્વારા દરેક પ્રકારની વિકલાંગતાઓ માટે |
| **આવરી લેવાતો ક્ષેત્ર વિસ્તાર** | સાબરકાંઠા, બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લાઓ |
| **સેવાઓનું સ્વરૂપ** | કેન્દ્ર આધારિત અને બહાર પહોંચની સેવાઓઃ સંકલન, માહિતી સંદર્ભ વિનિમય અને સંપર્ક જોડાણ |
| **સેવાઓ મેળવવા માટેના માપદંડ** | દરેક માટે ઉપલબ્ધ |

### ઉપલબ્ધ સેવાઓના પ્રકાર

| | |
|---|---|
| *પૂર્વતૈયારીની સેવાઓ:* | • વહેલાસરની નિશ્ચિત ઓળખ અને અંતરક્ષેપણ |
| *નિવારણ (રોકથામ)ની સેવાઓ:* | • જનજાગૃતિના કાર્યક્રમો |
| *ઉપચારલક્ષી સેવાઓ:* | નીચેના માટે સંદર્ભ વિનિમય સેવાઃ<br>• કસરત ઉપચાર (ફિઝિઓથેરાપી)<br>• વાણી ઉપચાર (સ્પીચ થેરાપી)<br>• શ્રવણ ઉપચાર (હિયરીંગ થેરાપી)<br>• મનોવૈજ્ઞાનિક ઉપચાર |

| | |
|---|---|
| | • વ્યાવસાયિક ઉપચાર (ઓક્યુપેશનલ થેરાપી) |
| *શૈક્ષણિક સેવાઓ:* | • ગ્રંથાલયઃ પુસ્તકો અને વાંચન સામગ્રી |
| *વ્યાવસાયિક તાલીમ અને રોજગારલક્ષી સેવાઓ:* | • સિવણ<br>• ધીરાણ માટે સહાય<br>• કારકિર્દી સલાહ-સૂચન (કાઉન્સેલીંગ) |
| *સામાજિક ટેકા-સહાયની સેવાઓ:* | • વૈવાહિક જીવન અંગે સલાહ-સૂચન (કાઉન્સેલીંગ) |
| *સહાયકો, સાધનો અને ઉપકરણો:* | • ત્રણ પૈડાંવાળી સાઈકલો, બગલઘોડીઓ, કમરપટ્ટા સાથેના જોડા (કેલીપર્સ) અને મંદબુદ્ધિતા ધરાવતી વ્યક્તિઓ માટે સાધન પેટીનું વિતરણ |
| *પુનર્વસન સાથે સંકળાયેલી સેવાઓ:* | • યોજનાનો લાભ અને/અથવા પ્રમાણપત્ર મેળવવા માટે મદદ<br>• પ્રમાણપત્રીકરણ માટે શિબિરોનું આયોજન<br>• કાનૂની સહાય |
| **કામકાજના દિવસો** | રવિવાર સિવાયના દિવસો |

## ૨૮. સદવિચાર પરિવાર-હિંમતનગર

| | |
|---|---|
| **સંપર્ક સરનામું** | સર પ્રતાપ જનરલ હોસ્પિટલ (સિવિલ હોસ્પિટલ) કમ્પાઉન્ડ, હિંમતનગર, જિ. સાબરકાંઠા-૩૮૩૦૦૧ |
| **વહીવટદાર** | શ્રી અરવીંદભાઈ પટેલ – મોબાઈલઃ ૯૮૯૮૨૫૬૪૭૧<br>શ્રી અંબાલાલ પ્રજાપતિ – ૦૨૭૭૨-૨૪૧૧૫૭<br>શ્રી રતનચંદ શાહ – ૦૨૭૭૨-૨૭૦૨૯૦ |
| **પૂરી પાડવામાં આવતી સેવાઓ** | સંગઠનના ચાલી રહેલા વિકાસ કાર્યક્રમો દ્વારા દરેક પ્રકારની વિકલાંગતાઓ માટે |
| **આવરી લેવાતો ક્ષેત્ર વિસ્તાર** | હિંમતનગર તાલુકા |
| **સેવાઓનું સ્વરૂપ** | કેન્દ્ર આધારિતઃ સંકલન, માહિતી સંદર્ભ વિનિમય અને સંપર્ક જોડાણ |

**સેવાઓ મેળવવા માટેના માપદંડ** • દરેક માટે ઉપલબ્ધ

**ઉપલબ્ધ સેવાઓના પ્રકાર**

*સહાયકો, સાધનો અને ઉપકરણો:*
- ત્રણ પૈડાંવાળી સાઈકલો, બગલઘોડીઓ અને કમરપટ્ટા સાથેના જોડા (કેલીપર્સ)નું વિતરણ
- સાધન, સહાયકો અને ઉપકરણો પૂરા પાડવા માટે સંકલન, માહિતી સંદર્ભ વિનિમય અને સંપર્ક જોડાણ

*તાત્કાલિક સેવાઓ:*
- **એમ્બ્યુલન્સ – ફોન:** ૯૮૯૮૦૫૬૪૭૧, ૨૪૧૧૫૭, ૨૩૫૧૪૧

**કામકાજના દિવસો** બધા દિવસો, રવિવારે બપોર પછી

## ૨૯. સદવિચાર પરિવાર–ઈડર

**સંપર્ક સરનામું** હનુમાન મંદિર પાછળ, સ્ટેશન રોડ ઈડર,
જિ. સાબરકાંઠા–૩૮૩૪૩૦
ફોન: ૦૨૭૭૮–(ઓ) ૨૫૦૩૩૦, (ઘર) ૨૫૦૬૮૩

**પ્રમુખ** શ્રી બાબુભાઈ વી. પટેલ

**પૂરી પાડવામાં આવતી સેવાઓ** હલનચલનની ક્ષતિ, શ્રવણક્ષતિ અને વાણી ક્ષતિ, અલ્પ દૃષ્ટિ, દૃષ્ટિ ક્ષતિ અને બધિર–અંધ વ્યક્તિઓ માટે

**આવરી લેવાતો ક્ષેત્ર વિસ્તાર** ઇડર, વિજયનગર, ખેડબ્રહ્મા અને ભિલોડા તાલુકાઓ

**સેવાઓનું સ્વરૂપ** સંકલન, માહિતી સંદર્ભ વિનિમય અને સંપર્ક જોડાણ

**સેવાઓ મેળવવા માટેના માપદંડ** દરેક માટે ઉપલબ્ધ

**ઉપલબ્ધ સેવાઓના પ્રકાર**

*નિવારણ (રોકથામ)ની સેવાઓ:*
- જનજાગૃતિના કાર્યક્રમો

*ઉપચારલક્ષી સેવાઓ:*
- મોતિયાની શસ્ત્રક્રિયાઓ

*વ્યાવસાયિક તાલીમ અને રોજગારલક્ષી સેવાઓ:*
- ધીરાણ માટે સહાય

*સામાજિક ટેકા-સહાયની સેવાઓ:* • લગ્નસંબંધી સેવાઓ

*ક્ષમતાવર્ધન અંગેની તાલીમ:* • વિશેષ શાળાઓના વાલીઓ અને શિક્ષકોને

*સહાયકો, સાધનો અને ઉપકરણો:* • હિંમતનગરના સદવિચાર પરિવાર દ્વારા ત્રણ પૈડાંવાળી સાયકલો, બગલઘોડીઓ અને કમરપટ્ટા સાથેના જોડાઓ (કેલીપર્સ)નું વિતરણ

**કામકાજના દિવસો** રવિવાર સિવાયના દિવસો

## ૩૦. સદવિચાર પરિવાર-મોડાસા

**સંપર્ક સરનામું** હીરાલાલ ભવન, ચાર રસ્તા, મોડાસા,
જિ. સાબરકાંઠા-૩૮૩૩૧૫.
ફોનઃ ૦૨૭૭૪-૨૪૬૭૫૩, ૨૪૭૭૦૪, ૨૪૭૬૯૬
(ઘર) ૨૪૧૦૫૩

**અધ્યક્ષ** શ્રી જગમોહનદાસ દોશી

**પૂરી પાડવામાં આવતી સેવાઓ** હલનચલનની ક્ષતિ ધરાવતી વ્યક્તિઓ માટે

**આવરી લેવાતો ક્ષેત્ર વિસ્તાર** મોડાસા, મેઘરજ અને માલપુર તાલુકાઓ

**સેવાઓનું સ્વરૂપ** સંકલન, માહિતી સંદર્ભ વિનિમય અને સંપર્ક જોડાણ

**સેવાઓ મેળવવા માટેનાં માપદંડ** દરેક માટે ઉપલબ્ધ

**ઉપલબ્ધ સેવાઓના પ્રકાર**

*પૂર્વતૈયારીની સેવાઓ:* • અન્ય સંસ્થાઓ દ્વારા યોજાતી શિબિરોમાં વહેલાસરની નિશ્ચિત ઓળખ અને અંતરક્ષેપણ

*નિવારણ (રોકથામ)ની સેવાઓ:* • જનજાગૃતિના કાર્યક્રમો

| | |
|---|---|
| *સહાયકો, સાધનો અને ઉપકરણો:* | • ત્રણ પૈડાંવાળી સાયકલો, બગલઘોડી અને કમરપટ્ટા સાથેના જોડાઓનું વિતરણ<br>• ભાડેથી અથવા ઉછીની અનામત લઈને વોકર અને પાણી ભરેલી પથારી |
| *પુનર્વસન સાથે સંકળાયેલી સેવાઓ:* | • યોજનાનો લાભ અને/અથવા પ્રમાણપત્ર મેળવવા માટે મદદ<br>• પ્રમાણપત્રીકરણ માટે શિબિરોનું આયોજન<br>• હલનચલનની વિકલાંગતાની આકારણી માટે સહાય |
| *તાત્કાલિક સેવા:* | • એમ્બ્યુલન્સ – ફોનઃ ૦૨૭૭૪–૨૪૬૭૫૩<br>કટોકટીના સમયમાં ફોન નં. ૨૪૬૯૦૬ ઉપર ડ્રાઈવરનો સંપર્ક કરવો |
| **કામકાજના દિવસો** | રવિવાર અને જાહેર રજાઓ સિવાયના દિવસો |

## ૩૧. સેવા મંડળ – મેઘરજ

| | |
|---|---|
| **સંપર્ક સરનામું** | મુ.પો. કસાણા,<br>સબરી ઉત્તર બુનિયાદી કન્યા વિદ્યાલય–ઉકરડી,<br>તા. મેઘરજ, જિ. સાબરકાંઠા–૩૮૩૩૫૦.<br>ફોનઃ ૦૨૭૭૩–૨૮૪૨૪૨, ૨૮૪૬૪૨ |
| **મેનેજિંગ ટ્રસ્ટી** | શ્રી વલ્લભદાસ દોશી |
| **પૂરી પાડવામાં આવતી સેવાઓ** | સંગઠનના ચાલી રહેલા વિકાસ કાર્યક્રમો દ્વારા દરેક પ્રકારની વિકલાંગતાઓ માટે |
| **આવરી લેવાતો ક્ષેત્ર વિસ્તાર** | સમગ્ર ગુજરાત |
| **સેવાઓનું સ્વરૂપ** | કેન્દ્ર આધારિતઃ છોકરીઓ માટે છાત્રાલય સાથે શાળા |
| **સેવાઓ મેળવવા માટેના માપદંડ** | દરેક માટે ઉપલબ્ધ |

**ઉપલબ્ધ સેવાઓના પ્રકાર**

| | |
|---|---|
| *શૈક્ષણિક સેવાઓ:* | • માધ્યમિક અને ઉચ્ચતર શાળા કક્ષાનું શિક્ષણ |
| *સહાયકો, સાધનો અને ઉપકરણો:* | • સાધન અને સહાયકો મેળવવા સંકલન, માહિતી સંદર્ભ વિનિમય અને સંપર્ક જોડાણ |
| *પુનર્વસન સાથે સંકળાયેલી સેવાઓ:* | • યોજનાનો લાભ અને/અથવા પ્રમાણપત્ર મેળવવા માટે મદદ<br>• પ્રમાણપત્રીકરણ માટેની શિબિરો માટે સહાય |
| **કામકાજના દિવસો** | રવિવાર સિવાયના દિવસો |

આ સંસ્થા દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે જેવી કે, છોકરા અને છોકરીઓ માટે શાળા, બાલવાડી, ગૌશાળા, અળસિયા આધારિત જૈવિક ખાતર, રાહત કાર્ય, ચેક ડેમ, મોતિયા માટે શિબિરો અને ખાદ્યાન્નનું વિતરણ.

## ૩૨. શ્રી આંબેડકર એજ્યુકેશન ટ્રસ્ટ

| | |
|---|---|
| **સંપર્ક સરનામું** | C/o. પંચાયતી રાજ માહિતી કેન્દ્ર, દેવચંદ નગર,<br>રેલવે સ્ટેશન સામે, હિંમતનગર, જિ. સાબરકાંઠા–૩૮૩૦૦૧<br>ફોનઃ ૦૨૭૭૨–(ઘર) ૨૫૬૧૧૭ |
| **પ્રમુખ** | શ્રી ભીખાભાઈ કે. ગોહિલ |
| **પૂરી પાડવામાં આવતી સેવાઓ** | સંગઠનના ચાલતા વિકાસ કાર્યક્રમો દ્વારા દરેક પ્રકારની વિકલાંગતાઓ માટે |
| **આવરી લેવાતો ક્ષેત્ર વિસ્તાર** | ભિલોડા તાલુકાના ૧૮૮ ગામડાંઓ |
| **સેવાઓનું સ્વરૂપ** | બહાર પહોંચની સેવાઓ:<br>‣ સંકલન, માહિતી સંદર્ભ વિનિમય અને સંપર્ક જોડાણ<br>‣ ભિલોડા તાલુકામાં સમુદાય આધારિત પુનર્વસન (સીબીઆર) અષ્ટાવક્ર યોજના કાર્યક્રમનું અમલીકરણ |
| **સેવાઓ મેળવવા માટેના માપદંડ** | દરેક માટે ઉપલબ્ધ |

**ઉપલબ્ધ સેવાઓના પ્રકાર**

| | |
|---|---|
| *નિવારણ (રોકથામ)ની સેવાઓ:* | • જનજાગૃતિના કાર્યક્રમો |
| *વ્યાવસાયિક તાલીમ અને રોજગારલક્ષી સેવાઓ:* | • કારકિર્દી સલાહ–સૂચન (કાઉન્સેલીંગ) |
| *સામાજિક ટેકા–સહાયની સેવાઓ:* | • લગ્નસંબંધી સેવાઓ |
| *સહાયકો, સાધનો અને ઉપકરણો:* | • સહાયક સાધનો અને ઉપકરણો પૂરા પાડવા માટે સંકલન, માહિતી સંદર્ભ વિનિમય અને સંપર્ક જોડાણ |
| *પુનર્વસન સાથે સંકળાયેલી સેવાઓ:* | • યોજનાનો લાભ અને/અથવા પ્રમાણપત્ર મેળવવા માટે મદદ<br>• પ્રમાણપત્રીકરણ માટેની શિબિરો માટે સહાય<br>• કાનૂની સહાય |
| **કામકાજના દિવસો** | રવિવાર સિવાયના દિવસો |

## ૩૩. શ્રી ભવાની એજ્યુકેશન ટ્રસ્ટ

| | |
|---|---|
| **સંપર્ક સરનામું** | કાર્યાલયઃ વિશ્વકર્મા સોસાયટી, હાઈસ્કૂલ પાછળ, તા. માલપુર, વાયા– ગાબર, જિ. સાબરકાંઠા. ફોનઃ ૦૨૭૭૩–૨૩૩૫૫૮, ૨૨૪૧૭૮ |
| **ટ્રસ્ટી** | શ્રી ભીખીબહેન (એમએલએ) |
| નિરીક્ષક | શ્રી જવાનસિંહ આર. પરમાર |
| **પૂરી પાડ્વામાં આવતી સેવાઓ** | અષ્ટાવક્ર (સીબીઆર) યોજના અંતર્ગત દરેક પ્રકારની વિકલાંગતા માટે |
| **આવરી લેવાતો ક્ષેત્ર વિસ્તાર** | માલપુર તાલુકા |
| **સેવાઓનું સ્વરૂપ** | બહાર પહોંચની સેવાઓ:<br>• સંકલન, માહિતી સંદર્ભ વિનિમય અને સંપર્ક જોડાણ<br>• માલપુર તાલુકામાં સમુદાય આધારિત પુનર્વસન (સીબીઆર) અષ્ટાવક્ર યોજના કાર્યક્રમનું અમલીકરણ |

**સેવાઓ મેળવવા માટેના માપદંડ** દરેક માટે ઉપલબ્ધ

**ઉપલબ્ધ સેવાઓના પ્રકાર**

*નિવારણ (રોકથામ)ની સેવાઓ:*
- જનજાગૃતિના કાર્યક્રમો

*વ્યાવસાયિક તાલીમ અને રોજગારલક્ષી સેવાઓ:*
- કારકિર્દી સલાહ-સૂચન (કાઉન્સેલીંગ)

*સહાયકો, સાધનો અને ઉપકરણો:*
- સહાયક સાધનો અને ઉપકરણો પૂરા પાડવા માટે સંકલન, માહિતી સંદર્ભ વિનિમય અને સંપર્ક જોડાણ

*પુનર્વસન સાથે સંકળાયેલી સેવાઓ:*
- યોજનાનો લાભ અને/અથવા પ્રમાણપત્ર મેળવવા માટે મદદ

**કામકાજના દિવસો** રવિવાર સિવાયના દિવસો

## ૩૪. શ્રી રામ ભક્ત સંસ્કાર મંડળ

**સંપર્ક સરનામું**
પંચદેવ મંદિર પાસે, રાજેન્દ્રબાગ, પોલોગ્રાઉન્ડ,
હાથમતી નદીના કિનારે, હિંમતનગર,
જિ. સાબરકાંઠા-૩૮૩૦૦૧.
ફોનઃ ૦૨૭૭૨-૨૨૪૨૯૪, ૨૪૭૭૭૩, મો. ૯૮૨૫૧૯૭૭૩૯

**પ્રમુખ** શ્રી નટુભાઈ કે. પટેલ (વકીલ)

**પૂરી પાડવામાં આવતી સેવાઓ** સંગઠનના ચાલી રહેલાં વિકાસ કાર્યક્રમો દ્વારા દરેક પ્રકારની વિકલાંગતા માટે

**આવરી લેવાતો ક્ષેત્ર વિસ્તાર** સાબરકાંઠા અને દાહોદ

**સેવાઓનું સ્વરૂપ**
- સંકલન, માહિતી સંદર્ભ વિનિમય અને સંપર્ક જોડાણ
- બહાર પહોંચની સેવાઓ

**સેવાઓ મેળવવા માટેના માપદંડ** દરેક માટે ઉપલબ્ધ

**ઉપલબ્ધ સેવાઓના પ્રકાર**

| | |
|---|---|
| *વ્યાવસાયિક તાલીમ અને રોજગારલક્ષી સેવાઓ:* | • કારકિર્દી સલાહ–સૂચન (કાઉન્સેલીંગ) |
| *સામાજિક ટેકા–સહાયની સેવાઓ:* | • લગ્નસંબંધી સેવાઓ |
| *સહાયકો, સાધનો અને ઉપકરણો:* | • ત્રણ પૈડાંવાળી સાયકલોનું વિતરણ |
| *પુનર્વસન સાથે સંકળાયેલી સેવાઓ:* | • યોજનાનો લાભ અને/અથવા પ્રમાણપત્ર મેળવવા માટે મદદ<br>• પ્રમાણપત્રીકરણ માટે શિબિરોનું આયોજન<br>• કાનૂની સહાય |
| **કામકાજના દિવસો** | રવિવાર સિવાયના દિવસો |

## ૩૫. શ્રી સાધના કેળવણી મંડળ

| | |
|---|---|
| **સંપર્ક સરનામું** | રેલવે સ્ટેશન સામે, દેવચંદ નગર, હિંમતનગર,<br>જિ. સાબરકાંઠા–૩૮૩૦૦૧.<br>ફોનઃ ૦૨૭૭૨–૨૪૭૪૧૬, મોબાઈલઃ ૯૪૨૬૦૪૭૨૨૪ |
| **પ્રમુખ** | શ્રી મુકેશભાઈ કે. પ્રજાપતિ |
| **પૂરી પાડવામાં આવતી સેવાઓ** | અષ્ટાવક્ર (સીબીઆર) યોજના અંતર્ગત દરેક પ્રકારની વિકલાંગતા માટે |
| **આવરી લેવાતો ક્ષેત્ર વિસ્તાર** | • હિંમતનગર તાલુકા<br>• સીબીઆર યોજના અંતર્ગત ધનસુરા તાલુકાના ૭૨ ગામડાંઓ |
| **સેવાઓનું સ્વરૂપ** | બહાર પહોંચની સેવાઓ:<br>• સંકલન, માહિતી સંદર્ભ વિનિમય અને સંપર્ક જોડાણ<br>• ધનસુરા તાલુકામાં સમુદાય આધારિત પુનર્વસન (સીબીઆર) અષ્ટાવક્ર યોજના કાર્યક્રમનું અમલીકરણ |
| **સેવાઓ મેળવવા માટેના માપદંડ** | દરેક માટે ઉપલબ્ધ |

**ઉપલબ્ધ સેવાઓના પ્રકાર**

*નિવારણ (રોકથામ)ની સેવાઓ:* • જનજાગૃતિના કાર્યક્રમો

*શૈક્ષણિક સેવાઓ:* • પ્રવેશ મેળવવા માટે સહાય

*સહાયકો, સાધનો અને ઉપકરણો:* • સહાયક સાધનો અને ઉપકરણો પૂરા પાડવા માટે સંકલન, માહિતી સંદર્ભ વિનિમય અને સંપર્ક જોડાણ

*પુનર્વસન સાથે સંકળાયેલી સેવાઓ:*
- યોજનાનો લાભ અને/અથવા પ્રમાણપત્ર મેળવવા માટે મદદ
- પ્રમાણપત્રીકરણ માટે શિબિરોનું આયોજન

**કામકાજના દિવસો** રવિવાર અને જાહેર રજાઓ સિવાયના દિવસો

## ૩૬. ધ મોડાસા મહિલા ગૃહ ઉદ્યોગ સહકારી મંડળ લિ.

**સંપર્ક સરનામું** અભિલાષા પાર્ક સામે, કુંભારવાડા,
મોડાસા, જિ સાબરકાંઠા–૩૮૩૩૧૫.
ફોનઃ પીપી ૦૨૭૭૪–૨૪૮૪૫૨

**મંત્રી** શ્રી એન. કે. મીર્ઝા

**પૂરી પાડ્વામાં આવતી સેવાઓ** સંગઠનના ચાલી રહેલા વિકાસ કાર્યક્રમો દ્વારા દરેક પ્રકારની વિકલાંગતાઓ માટે

**આવરી લેવાતો ક્ષેત્ર વિસ્તાર** મોડાસા તાલુકા

**સેવાઓનું સ્વરૂપ** સંકલન, માહિતી સંદર્ભ વિનિમય અને સંપર્ક જોડાણ

**સેવાઓ મેળવવા માટેના માપદંડ** ૧૮ વર્ષની વયથી ઉપરની મહિલાઓ માટે ઉપલબ્ધ

**ઉપલબ્ધ સેવાઓના પ્રકાર**

*નિવારણ (રોકથામ)ની સેવાઓ:* • જનજાગૃતિના કાર્યક્રમો (વિવિધ સરકારી યોજનાઓ વિશે માહિતી પ્રસિદ્ધ કરવામાં આવે છે.)

| | |
|---|---|
| *વ્યાવસાયિક તાલીમ અને રોજગારલક્ષી સેવાઓ:* | • વિકલાંગ મહિલાઓ સહિત મહિલાઓને સિવણ, ભરતકામ અને જરદોશી કામની તાલીમ<br>• ધીરાણ માટે સહાય<br>• કારકિર્દી સલાહ–સૂચન (કાઉન્સેલીંગ) |
| *ક્ષમતાવર્ધન અંગેની તાલીમ:* | • આવક સર્જન કાર્યક્રમ હેઠળ હાલમાં વિકલાંગ મહિલાઓ સહિત ૨૩ મહિલાઓને તાલીમ આપવામાં આવી રહી છે. |
| *સહાયકો, સાધનો અને ઉપકરણો:* | • સહાયક સાધનો અને ઉપકરણો પૂરા પાડવા માટે સંકલન, માહિતી સંદર્ભ વિનિમય અને સંપર્ક જોડાણ |
| *પુનર્વસન સાથે સંકળાયેલી સેવાઓ:* | • યોજનાનો લાભ અને/અથવા પ્રમાણપત્ર મેળવવા માટે મદદ<br>• વિકલાંગતાની આકારણી માટે સહાય |
| **કામકાજના દિવસો** | રવિવાર અને જાહેર રજાઓ સિવાયના દિવસો |

## ૩૭. વિનોબા આશ્રમશાળા–વડથલી

| | |
|---|---|
| **સંપર્ક સરનામું** | મુ.પો. વડથલી, તા. મેઘરજ,<br>જિ. સાબરકાંઠા–૩૮૩૩૫૦.<br>ફોનઃ ૦૨૭૭૩–૨૮૪૬૩૪ |
| **આચાર્ય** | શ્રી રામભાઈ પી. પટેલ |
| **પૂરી પાડવામાં આવતી સેવાઓ** | સંગઠનના ચાલી રહેલાં વિકાસ કાર્યક્રમો દ્વારા દરેક પ્રકારની વિકલાંગતાઓ માટે |
| **આવરી લેવાતો ક્ષેત્ર વિસ્તાર** | મેઘરજ તાલુકાનો આદિવાસી વિસ્તાર |
| **સેવાઓનું સ્વરૂપ** | સંકલન, માહિતી સંદર્ભ વિનિમય અને સંપર્ક જોડાણ |
| **સેવાઓ મેળવવા માટેના માપદંડ** | ૧૮થી ૨૫ વર્ષની વય વચ્ચેના દરેક માટે ઉપલબ્ધ |

**ઉપલબ્ધ સેવાઓના પ્રકાર**

| | |
|---|---|
| *નિવારણ (રોકથામ)ની સેવાઓ:* | • જનજાગૃતિના કાર્યક્રમો |
| *શૈક્ષણિક સેવાઓ:* | • પ્રાથમિક શિક્ષણ<br>• વિશેષ શિક્ષણ આપનારાઓ<br>• ગ્રંથાલયઃ પુસ્તકો |
| *પુનર્વસન સાથે સંકળાયેલી સેવાઓ:* | • યોજનાનો લાભ અને/અથવા પ્રમાણપત્ર મેળવવા માટે મદદ<br>• વિકલાંગતાની આકારણી અને ઉપચાર માટે સહાય પૂરી પાડવામાં આવે છે |
| **કામકાજના દિવસો** | રવિવાર સિવાયના દિવસો |

## ૩૮. યુવા ચેતના

| | |
|---|---|
| **સંપર્ક સરનામું** | યુવા ચેતના ભવન, કે. ડી. ગાંધી કોમ્પલેક્સ,<br>પહેલો માળ, એ-વીંગ, મહાવીરનગર, હિંમતનગર,<br>જિ. સાબરકાંઠા-૩૮૩૦૦૧.<br>ફોનઃ ૦૨૭૭૨-૩૦૯૪૩૫ |
| **મેનેજિંગ ટ્રસ્ટી** | શ્રી જીજ્ઞાબહેન શાહ |
| **પૂરી પાડવામાં આવતી સેવાઓ** | • મોડાસા તાલુકામાં અષ્ટાવક્ર (સીબીઆર) યોજના અંતર્ગત દરેક પ્રકારની વિકલાંગતા માટે<br>• સંગઠનના ચાલી રહેલાં વિકાસ કાર્યક્રમો દ્વારા દરેક પ્રકારની વિકલાંગતાઓ માટે |
| **આવરી લેવાતો ક્ષેત્ર વિસ્તાર** | હિંમતનગર અને મોડાસા તાલુકાઓ |
| **સેવાઓનું સ્વરૂપ** | બહાર પહોંચની સેવાઓ:<br>‣ સંકલન, માહિતી સંદર્ભ વિનિમય અને સંપર્ક જોડાણ<br>‣ મોડાસા તાલુકામાં સમુદાય આધારિત પુનર્વસન (સીબીઆર) અષ્ટાવક્ર યોજના કાર્યક્રમનું અમલીકરણ |
| **સેવાઓ મેળવવા માટેના માપદંડ** | દરેક માટે ઉપલબ્ધ |

**ઉપલબ્ધ સેવાઓના પ્રકાર**

| | |
|---|---|
| *પૂર્વતૈયારીની સેવાઓ:* | • સીબીઆર યોજના દ્વારા વહેલાસરની નિશ્ચિત ઓળખ અને અંતરક્ષેપણ |
| *નિવારણ (રોકથામ)ની સેવાઓ:* | • જનજાગૃતિના કાર્યક્રમો |
| *ઉપચારલક્ષી સેવાઓ:* | • કસરત ઉપચાર (ફિઝિઓથેરાપી)<br>• વાણી ઉપચાર (સ્પીચ થેરાપી)<br>• શ્રવણ ઉપચાર (હિયરીંગ થેરાપી)<br>• મનોવૈજ્ઞાનિક ઉપચાર (સાઈકોલોજિકલ થેરાપી)<br>• વ્યાવસાયિક ઉપચાર (ઓક્યુપેશનલ થેરાપી) |
| *વ્યાવસાયિક તાલીમ અને રોજગારલક્ષી સેવાઓ:* | • ગૃહઉદ્યોગ હેઠળ કાગળના પરબિડિયા બનાવવા<br>• ધીરાણ માટે સહાય<br>• કારકિર્દી સલાહ–સૂચન (કાઉન્સેલીંગ) |
| *સહાયકો, સાધનો અને ઉપકરણો:* | • રત્નનિધિ ટ્રસ્ટ, મુંબઈના સંકલનથી ત્રણ પૈડાંવાળી સાયકલો, બગલઘોડીઓ અને કમરપટ્ટા સાથેના જોડાઓ (કેલીપર્સ)નું વિતરણ |
| *પુનર્વસન સાથે સંકળાયેલી સેવાઓ:* | • યોજનાનો લાભ અને/અથવા પ્રમાણપત્ર મેળવવા માટે મદદ<br>• પ્રમાણપત્રીકરણ માટે શિબિરોનું આયોજન<br>• વિકલાંગતાની આકારણી માટે સહાય અને સંકલન |
| **કામકાજના દિવસો** | રવિવાર સિવાયના દિવસો |

# સંસ્થાઓની વિષય સૂચિ

# સેવાઓની વિષય સૂચિ

| સેવાઓ | સંસ્થાઓનાં ક્રમાંક |
|---|---|
| અનુકૂલન તાલીમ | ૧, ૨, ૪, ૫, ૬, ૭, ૮, ૧૦, ૧૨, ૧૭ |
| અલ્પ દૃષ્ટિ | ૫, ૧૧, ૧૭, ૨૯ |
| આંખની હોસ્પિટલ | ૯ |
| ઉત્પાદન કેન્દ્રો (ઉપજીવિકા) | ૬ |
| એમ્બ્યુલન્સ | ૬, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૨૮, ૩૦ |
| કમર પટ્ટા સાથેના જોડા | ૨, ૪, ૫, ૬,૧૧,૧૫, ૨૦, ૨૨, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૮ |
| કસરત ઉપચાર | ૨, ૫, ૬, ૧૧, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૭ |
| કારખાનાઓ | ૪ |
| કારકિર્દી સલાહ–સૂચન | ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૧૦, ૧૧, ૧૮, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૩૨, ૩૩, ૩૪, ૩૬, ૩૮ |
| કાનૂની સહાય | ૧, ૫, ૨૭, ૩૨, ૩૪ |
| કોમ્પ્યુટર તાલીમ | ૧, ૬, ૧૧, ૨૬ |
| કુટુંબ માટે સલાહ સૂચન અને માર્ગદર્શન | ૧,૨,૬,૧૦ |
| કુષ્ઠ રોગથી અસર પામેલા/ કુષ્ઠ રોગથી સાજા થયેલા | ૩,૬,૧૮ |
| કૃત્રિમ અવયવો | ૨૨ |
| ગ્રંથાલય | ૧, ૨, ૪, ૫, ૬, ૭, ૧૦, ૧૧, ૨૭, ૩૭ |
| ચાલવાના સાધનો (વોકર્સ) | ૩૦ |
| છાત્રાલય સુવિધા | |
| – પુરુષો અને મહિલાઓ માટે | ૧, ૩, ૪, ૬, ૭, ૮, ૧૦, ૧૯, ૨૫ |
| – છોકરીઓ/મહિલાઓ માટે | ૫, ૩૧ |
| – છોકરાઓ/પુરુષો માટે | ૨, ૧૧ |
| જયપુર પગ | ૨૨ |
| જીવનના કૌશલ્યનું શિક્ષણ/ એડીએલ | ૨ |

| સેવાઓ | સંસ્થાઓનાં ક્રમાંક |
|---|---|
| દિવસ દરમ્યાનના સાર-સંભાળના કેન્દ્ર | |
| – પુરુષો અને મહિલાઓ બન્ને | ૧, ૨, ૪, ૫, ૭, ૮,૧૦ |
| – છોકરાઓ/પુરુષો | ૧૧ |
| દૈનિક જીવનની પ્રવૃત્તિઓ | ૨ |
| દૃષ્ટિ ક્ષતિ | ૫, ૯, ૧૩, ૧૭, ૨૯ |
| દૃષ્ટિ ક્ષતિ ધરાવતી વ્યક્તિ માટે લહિયાઓ | ૫ |
| દૃષ્ટિ ક્ષતિ ધરાવતી વ્યક્તિઓ માટે વાચકો | ૫ |
| પાણીની પથારી | ૩૦ |
| પુનર્વસન સંસ્થાઓ | ૧ થી ૧૧ |
| પાઠ્યપુસ્તકો શ્રાવ્ય/બ્રેઈલ રૂપમાં તૈયાર કરવા | ૪, ૫ |
| પ્રમાણપત્રીકરણ | ૧૭ |
| પ્રમાણપત્રીકરણ શિબિરો | ૧, ૨, ૪, ૫, ૭, ૮, ૧૦, ૧૩, ૧૭, ૨૦, ૨૨, ૨૫, ૨૬, ૨૭, ૩૦, ૩૧, ૩૨, ૩૪, ૩૫, ૩૮ |
| બધિર અંધ | ૧૭, ૨૯ |
| બગલ ઘોડીઓ | ૨, ૪, ૫, ૬, ૧૧, ૧૫, ૨૦, ૨૨, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૮ |
| બહુવિધ વિકલાંગતાઓ | ૫ |
| બહાર પહોંચની સેવાઓ | ૨, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૪, ૧૫, ૧૭, ૧૮, ૨૨, ૨૪, ૨૬, ૨૭, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૮ |
| બાળલકવાની શસ્ત્રક્રિયાઓ | ૧૪ |
| મનોચિકિત્સકીય સારવાર/સેવાઓ | ૫, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૭ |
| મનોવૈજ્ઞાનિક ઉપચાર | ૨, ૫, ૬, ૧૬, ૧૭ |
| મગજનો લકવો | ૨ , ૫, ૧૨, ૧૩, ૧૬, ૧૭ |
| માનસિક બિમારી | ૫, ૧૩, ૧૭ |
| મંદબુદ્ધિતા | ૨, ૫, ૬, ૧૩, ૧૬, ૧૭ |
| મંદબુદ્ધિતા ધરાવતા બાળકો માટે પૂર્વવ્યાવસાયિક પ્રવૃત્તિઓ | ૨ |
| રોગપ્રતિકારીકરણ | ૧૨ |

| સેવાઓ | સંસ્થાઓનાં ક્રમાંક |
|---|---|
| રોજગાર માટે ધીરાણ | ૪, ૫, ૬,૧૮, ૨૧, ૨૨, ૨૪, ૨૬, ૨૭, ૨૯, ૩૬, ૩૮ |
| લગ્ન સંબંધી સેવાઓ | ૧, ૩, ૫, ૨૨, ૨૩, ૨૬, ૨૭, ૩૨, ૩૪ |
| વ્હીલ ચેર (પૈડાંવાળી ખુરશીઓ) | ૫, ૧૫ |
| વ્યાવસાયિક તાલીમ | ૧, ૪, ૫, ૬, ૭, ૮, ૧૦, ૨૭, ૩૬, ૩૮ |
| વ્યાવસાયિક ઉપચાર | ૨, ૬ |
| વહેલાસરની નિશ્ચિત ઓળખ અને અંતરક્ષેપણ | ૧, ૫, ૬, ૭, ૮, ૧૦, ૧૧, ૧૭, ૨૧, ૨૫, ૨૬, ૨૭, ૩૦, ૩૮ |
| વિકલાંગતાની આકારણી | ૧, ૨, ૫, ૬, ૭, ૮, ૧૦, ૧૧, ૨૬, ૩૦, ૩૫, ૩૬, ૩૭, ૩૮ |
| વિકલાંગતાઓ ધરાવતા બાળકો માટે સંકલિત શિક્ષણ | ૫ |
| વિશેષ શિક્ષણ આપનારાઓ | ૧, ૫, ૭, ૮, ૧૦, ૩૭ |
| વિકાસ સંસ્થાઓ | ૧૮ થી ૩૮ |
| વાણી ઉપચાર | ૧, ૨, ૫, ૬, ૭, ૮, ૧૭ |
| વૈવાહિક જીવન અંગે સલાહ–સૂચન | ૧, ૩, ૫, ૬, ૨૬, ૨૯ |
| શૈક્ષણિક સેવાઓ | ૧, ૨, ૫, ૬, ૭, ૮, ૧૦, ૧૧, ૧૯, ૩૧, ૩૭ |
| સ્વસહાય જૂથો માટે ધીરાણ | ૧૮ |
| સ્કીઝોફ્રેનીયા | ૧૩ |
| સકલન, માહિતી સંદર્ભ વિનિમય અને સંપર્ક જોડાણ માટે ટેકા–સહાય | ૧૮, ૧૯, ૨૦, ૨૨,૨૩,૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮ |
| સરકારી યોજનાઓ/સેવાઓ મેળવવા માટે ટેકા–સહાય | ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૧૦, ૧૧, ૨૦, ૨૧, ૨૫, ૨૬, ૨૭, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૬, ૩૭, ૩૮ |
| સમુદાય આધારિત પુનર્વસન | ૫, ૨૬, ૩૨, ૩૩, ૩૫, ૩૮ |
| સૂક્ષ્મ છિદ્ર રબર જોડા | ૬ |
| સૂક્ષ્મ શાખ | ૫, ૬, ૧૮, ૨૧ |
| હલનચલનની વિકલાંગતા | ૪, ૫, ૧૧, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૯, ૩૦ |

| સેવાઓ | સંસ્થાઓનાં ક્રમાંક |
|---|---|
| હોસ્પિટલ | ૧૨ થી ૧૭ |
| ક્ષમતાવર્ધન /તાલીમ | ૫, ૬, ૩૬ |
| ત્રણ પૈડાંવાળી સાઈકલો | ૨, ૪, ૫, ૬, ૧૧, ૧૫, ૨૦, ૨૨, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૪, ૩૮ |
| શ્રવણ સહાય ઉપકરણો | ૧, ૪, ૭, ૮,૧૦ |
| શ્રવણ અને વાણી ક્ષતિ | ૧, ૪, ૫, ૭, ૮, ૧૦, ૧૩, ૧૭, ૧૮ |
| શ્રવણ ઉપચાર | ૧, ૨, ૭, ૮ |

# પરિશિષ્ટો

# પરિશિષ્ટ – ૧

## ભારત સરકાર ની કલ્યાણકારી યોજનાઓ

### અંધ/બહેરા-મૂંગા, અપંગ, મંદબુધ્ધિ, વૃધ્ધ નિરાધાર ભાઈઓ-બહેનો તથા ત્યકતા/વિધવા બહેનો માટેની ગુજરાત/ભારત સરકારની કલ્યાણકારી યોજનાઓ

ગુજરાત સરકારે અને ભારત સરકારે નીચે જણાવેલ વિગતે સમાજના દરેક વર્ગના લોકો માટે કેટલીક કલ્યાણકારી યોજનાઓ ઘણા સમયથી અમલમાં મૂકી છે અને તેમાં સમયાંતરે વધુ ઉદારતા બતાવી વધુ લોકોને આવરી લીધા છે. જેમાં વિકલાંગોને મળતી સવલતો / સહાયો બાબતની વિગતવાર માહિતી તથા વિકલાંગ ધારો, ૧૯૯૫ અન્વયે અપંગોને અપાતી સવલતો અંગે સરકારે તાજેતરમાં કરેલા નિર્ણયો પણ આ પુસ્તિકામાં આવરી લીધા છે.

### ૧. વિકલાંગતાનો દાખલો :

અપંગતાનો દાખલો જે તે જિલ્લામાં આવેલી ''સિવિલ હોસ્પિટલો'' માંથી વિકલાંગ વ્યકિતઓને તેમની વિકલાંગતા રૂબરૂમાં જોઈ કેટલા ટકા છે તે બાબતનો દાખલો સિવિલ સર્જન તરફથી આપવામાં આવે છે.

વિકલાંગતા અંગેનો દાખલો તેઓને ઓળખપત્ર/એસ.ટી.બસમાં મફત મુસાફરી/સ્કોલરશીપ/લોન તથા અન્ય લાભો મેળવવા માટે ઉપયોગી બને છે. તેથી વિકલાંગ વ્યકિતઓએ આવો દાખલો મેળવી લેવો જરૂરી છે, જેથી રાજય સરકાર તરફથી વિકલાંગોને મળતી સવલતો તેઓને ઝડપથી મળી શકે અને દરેક વખતે પ્રમાણપત્ર મેળવવું ન પડે.

### ૨. વિકલાંગોને ઓળખપત્ર :

વિકલાંગ હોવા અંગેનું ઓળખપત્ર મેળવવા માટેનું નિયત છાપેલું ''અરજી ફોર્મ'' જે તે જિલ્લામાં આવેલ જિલ્લા ''સમાજ સુરક્ષા અધિકારીની કચેરી'' પાસેથી મેળવવાનું રહે છે. જે વિના મૂલ્યે આપવામાં આવે છે. આ નિયત અરજી ફોર્મમાં માગેલ વિગતો ભરવી અને તે સાથે નીચેના દાખલાઓની પ્રમાણિત નકલો બીડવી.

(અ) સિવિલ સર્જન દ્વારા અપાયેલા વિકલાંગતાની ટકાવારી દર્શાવતા દાખલાની ઝેરોક્ષ નકલ.

(બ) સ્ટેમ્પ (ટીકીટ) સાઈઝના બે ફોટા

(ક) રેશન કાર્ડની ઝેરોક્ષ નકલ

સાથે આ ફોર્મ પોતાના જિલ્લાના સમાજ સુરક્ષા અધિકારીને મોકલવાથી, લેમીનેટેડ કરાવેલું કાયમી ઓળખપત્ર વિના મૂલ્યે આપવામાં આવશે. તેમાં વિકલાંગતાનો પ્રકાર, તેની માત્રા તથા એસ.ટી. પ્રવાસમાં કેવા પ્રકારની રાહત મળશે વગેરે દર્શાવવામાં આવે છે.

- આ કાર્ડ મેળવવા માટે ઉંમર, અભ્યાસ અને આવકની કોઈ મર્યાદા નથી.
- જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી ૧૦ વર્ષ સુધી માન્ય ગણવામાં આવે છે, જેથી વિકલાંગ લાભાર્થીને સર્ટીફિકેટ માટે અવારનવાર સિવિલ હોસ્પિટલમાં જવું ન પડે.
- અંધ-અપંગ-બહેરા-મૂંગા મંદબુધ્ધિના તમામ ભાઈઓ-બહેનોને ઓળખપત્ર જે તે જિલ્લાના સમાજ સુરક્ષા અધિકારીશ્રી તરફથી જ આપવામાં આવે છે.
- આ ઓળખપત્ર જરૂરિયાતના પ્રસંગે રજૂ કરી વિવિધ યોજનાઓનો લાભ પણ મેળવી શકાય છે.
- જિલ્લાની સિવિલ હોસ્પિટલના સિવિલ સર્જન તરફથી અપાતા વિકલાંગતાના દાખલામાં વ્યકિત કેટલા ટકા વિકલાંગ છે તેનો ઉલ્લેખ કરવામાં આવે છે અને તે ઉપરથી મેળવેલ લેમીનેશન કરાવેલા ઓળખ કાર્ડ અનુસાર નીચે મુજબ લાભ અપાય છે :

## ૩. ગુજરાતની હદમાં એસ.ટી. બસમાં મુસાફરીના મળતા લાભ :

### (અ) અપંગ વ્યકિતઓને :

(૧) શરીરમાં ૪૦ ટકાથી ૭૪ ટકા સુધીની વિકલાંગતા ધરાવતી વ્યકિતઓને એસ.ટી. દ્વારા પ્રવાસ ભાડામાં સંપૂર્ણ રાહત અપાય છે. (મફત મુસાફરી) અને

(૨) ૭૫ ટકા કે તેથી વધુ વિકલાંગતા ધરાવતી વ્યકિતઓને પોતાને માટે પ્રવાસ ભાડામાં સંપૂર્ણ રાહત અને તેના સાથીદાર (અનુરક્ષક) માટે પ્રવાસ ભાડામાં ૫૦ ટકા રાહત અપાય છે.

### (બ) મંદબુદ્ધિવાળી વ્યકિતઓને :

(૧) ૭૦ અથવા તેથી ઓછો બુદ્ધિઆંક ધરાવતી મંદબુદ્ધિવાળી વ્યકિતઓને પોતાના પ્રવાસ ભાડામાં સંપૂર્ણ રાહત આપવામાં આવે છે.

(૨) તેમના સાથીદાર (અનુરક્ષક-એસ્કોર્ટસ) ને પ્રવાસભાડામાં ૫૦ ટકા રાહત અપાય છે.

### (ક) બહેરી-મૂંગી વ્યકિતઓને :

(૧) બહેરી-મૂંગી વ્યકિતઓ (**Deaf & Mute**) ને પોતાના પ્રવાસ માટે ભાડામાં સંપૂર્ણ રાહત અપાય છે.

### (ડ) અંધ વ્યકિતઓને :

અંધ વ્યકિતઓને પોતાના તેમજ તેમના સહાયક અનુરક્ષકના પ્રવાસભાડામાં સંપૂર્ણ રાહત આપવામાં આવે છે.

નોંધ :
૧. સેમી લકઝરી તથા લકઝરી બસમાં આ સવલત મળવાપાત્ર નથી.
૨. બસમાં વિકલાંગો માટે ત્રણ સીટો (સીટ નં. ૨૫,૨૬, અને ૨૭) અનામત રાખવામાં આવે છે.
૩. અંધ જનોના સંગઠન (સંસ્થા) તરફથી બન્ને તરફી વર્ધીની બસો ભાડે લઈ જવામાં આવે ત્યારે તેના દરમાં એસ.ટી. વિભાગના વડાના નિર્ણયને આધિન ૫૦ ટકા રાહત આપવામાં આવે છે.

### <u>વિકલાંગ વ્યકિતઓને એસ.ટી. બસમાં મફત મુસાફરી કરવાની યોજનાનું સરળીકરણ :</u>

અંધ-વિકલાંગ, બહેરી મૂંગી તથા મંદ બુદ્ધિવાળી વ્યકિતઓને અભ્યાસ, સારવાર, નોકરી ધંધાના સ્થળે જવા માટે કે અન્ય સામાજિક કારણોસર રાજય માર્ગ વાહન-વ્યવહાર નિગમની બસમાં મુસાફરી કરવા માટે પ્રવાસ ભાડામાં રાહત મેળવવા લેમીનેશન કરેલાં ઓળખકાર્ડ આપવામાં આવે છે. જે અનુસાર

## ૧. એસ.ટી. બસમાં મફત મુસાફરી કરવા માટે.

૧. વિકલાંગ વ્યકિતએ લેમીનેટેડ કરાવેલુ ઓોળખકાર્ડ કઢાવેલું હોવું જોઇએ.
૨. ૪૦ ટકા કે તેથી વધુ શારીરિક ખોડ-ખાંપણ હોવી જોઈએ.
૩. બહેરી મૂંગી વ્યકિતને લાભ મળી શકે.
૪. અંધ વ્યકિતને લાભ મળી શકે.
૫. ૭૦ ટકા કે તેથી ઓછો બુદ્ધિઆંક ધરાવતી મંદ બુદ્ધિવાળી વ્યકિતને લાભ મળી શકે.
૬. ગુજરાત રાજયમાં કાયમી વસવાટ હોવો જોઈએ.

## ૨. વિકલાંગ વ્યકિત સાથે સાથીદારને એસ.ટી. પ્રવાસમાં મળવાપાત્ર રાહત

૧. અંધ વ્યકિતના સાથીદારને એસ.ટી. બસમાં ૧૦૦ ટકા રાહત આપવામાં આવે છે.

૨. ૭૫ ટકા કે તેથી વધુ શારીરિક વિકલાંગતા ધરાવતી વ્યકિતના સાથીદારને એસ.ટી. બસમાં ૫૦ ટકા રાહત આપવામાં આવે છે.

૩. મંદ બુધ્ધિવાળી વ્યકિતના સાથીદારને એસ.ટી બસમાં ૫૦ ટકા રાહત આપવામાં આવે છે.

આ લાભનો સરળતાથી ઉપયોગ કરી શકાય તે માટે તથા બસ કન્ડકટરોને પણ લાભના પ્રકારની સરળતાથી જાણકારી લેમીનેશન કાર્ડ જોતાં જ મળી શકે તે માટે ઓળખકાર્ડના નીચે પ્રમાણે કલરો નક્કી કરવામાં આવેલ છે.

૧. ગુલાબી પાસ : ૧) ૭૫ ટકાથી વધારે અપંગતા માટે-એસ્કોર્ટ (સાથીદાર) સાથે દોઢ ટીકીટનો લાભ
૨) મંદ બુધ્ધિવાળી વ્યકિતને એસ્કોર્ટ (સાથીદાર) સાથે દોઢ ટીકીટનો લાભ

૨. વાદળી પાસ : ૧) ૪૦ ટકાથી ૭૪ ટકા સુધીનાને એકલાને એક ટીકીટનો લાભ
૨) બહેરી મૂંગી વ્યકિતને એકલાને એક ટીકીટનો લાભ

૩. સફેદ પાસ : અંધ વ્યકિત માટે-એસ્કોર્ટ (સાથીદાર) સાથે બે ટીકીટનો લાભ

**નોંધ :** આ લાભ ફકત ગુજરાત રાજ્યની હદની અંદરના પ્રવાસ માટે જ આપવામાં આવે છે. અત્યાર સુધીમાં એસ.ટી. બસમાં વિકલાંગોને મફત મુસાફરીની યોજના અન્વયે રૂા. ૩૬૩ લાખના ખર્ચે ૧,૪૦,૧૫૦ વ્યકિતઓને ઓળખકાર્ડ આપી મુસાફરીનો લાભ આપવામાં આવ્યો છે.

## ૩. વિકલાંગ ઓળખકાર્ડ ખોવાઇ જાય કે રદ કરવા માટે ડુપ્લીકેટ કાર્ડ કઢાવવા અંગે :-

વિકલાંગ ઓળખાર્ડ ખોવાઇ જાય કે રદ કરવા પાત્ર થતા ડુપ્લીકેટ કાર્ડ કઢાવવા અંગે વિકલાંગ ઓળખકાર્ડ ગુમ થાય/ચોરી થઇ જવાના પ્રસંગે પોલિસ સ્ટેશનમાં આવેલ ફરિયાદના આધારે પોલીસ અધિકારીએ આપેલ લખાણ ઉપરથી તેમજ સાથે એફિડેવિટ રજુ કરવાથી મળવા પાત્ર થાય છે.

જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીને સંપૂર્ણ વિગતો સાથે અરજીપત્રક રજુ કરતાં તે કચેરી દ્વારા કાયમી ઓળખકાર્ડ ઇસ્યુ કરવામાં આવે છે.

## ૪. રાજ્ય સરકાર તરફથી મળતી વિકલાંગ સાધન - સહાય :

(અ) (૧) અપંગ વ્યકિતઓને-બેપૈડાંની સાઇકલ, ત્રણ પૈડાંની સાઇકલ, બગલઘોડી, સીવવાનું મશીન, કેલીપર્સ (નકલી પગ-જયપુર ફુટ)

(૨) બહેરી-મૂંગી વ્યકિતઓને-શ્રવણયંત્ર, સાઇકલ, સીલાઇ મશીન.

(૩) અંધ વ્યકિતઓને - સંગીતનાં સાધનોની સહાય આપવામાં આવે છે.

(બ) ઉપર જણાવેલ સાધનોમાંથી કોઇ પણ એક સાધનની ખરીદી માટે રૂા. ૧૫૦૦/- ની મર્યાદામાં નીચે પ્રમાણે સહાય (સાધનના રૂપમાં) આપવામાં આવે છે :

આ અપંગ સાધન-મેળવવા માટે જે તે જિલ્લાના સમાજ સુરક્ષા અધિકારી પાસેથી નિયત અરજી ફોર્મ વિના મૂલ્યે મેળવી તેમાં માગેલ વિગતો (ફોર્મનો નમૂનો પાન-૧૫૪ ઉપર છે.) ભરીને તે જ કચેરીમાં પરત આપવાનું હોય છે. આ માટે સંબંધિત વિકલાંગ વ્યકિત અથવા વાલીની વાર્ષિક આવક રૂા. ૧૧,૦૦૦/- થી ઓછી હોવી જોઇએ. (આ સહાય માટે

અપંગની વય મર્યાદા ૫ વર્ષથી ૫૦ વર્ષની છે) પાંચ વર્ષ બાદ ત્રણ પૈડાંની સાઇક-સાધન બગડી-તૂટી જાય તેવા સંજોગોમાં બીજી વખત સાધન સહાય મંજૂર કરવામાં આવે છે.

નોંધ : આ યોજના હેઠળ સહાયની રકમની રોકડામાં ચૂકવણી થતી નથી. સઘન સ્વરૂપે જ આપવામાં આવે છે.

| ક્રમ | સાધન | કિંમત |
|---|---|---|
| ૧. | ટ્રાયસીકલ | રૂા. ૧,૫૦૦/- |
| ૨. | કેલીપર્સ (બન્ને પગના) | રૂા. ૧,૫૦૦/- |
| ૩. | સીલાઇ મશીન | રૂા. ૧,૫૦૦/- |
| ૪. | સાઇકલ | રૂા. ૧,૩૦૦/- |
| ૫. | હાથલારી | રૂા. ૧,૩૦૦/- |
| ૬. | સંગીતનાં સાધનો | રૂા. ૧,૨૦૦/- |
| ૭. | મોચી કામનાં સાધનો | રૂા. ૧,૦૦૦/- |
| ૮. | શ્રવણયંત્ર માટે | રૂા. ૮૦૦/- |
| ૯. | કેલીપર્સ (એક પગના) | રૂા. ૭૫૦/- |
| ૧૦. | બુટ કે ઘોડી | રૂા. ૫૦૦/- |

## ૫. ભારત સરકારના કલ્યાણ મંત્રાલય દ્વારા મળતી અપંગ સાધન-સહાય.

જરૂરિયાતવાળા વિકલાંગોને ટ્રાઇસીકલ, વ્હીલચેર, કેલીપર્સ, કૃત્રિમ અવયવો, શૈક્ષણિક અને હલન-ચલનનાં સાધનો આપવામાં આવે છે. આ લાભ તેમની તાસેના ઉપલબ્ધ ફંડની મર્યાદામાં મેળવી શકાય છે.

(અ) (૧) ધોરણ-૧ થી ૭ અને સેકન્ડરીમાં અભ્યાસ કરતા અંધ વિદ્યાર્થીઓને બ્રેઇલકીટ (Brail Kit) નાં સાધન આપવામાં આવે છે.

(૨) અનુસ્નાતકમાં અભ્યાસ કરતાં અંધ વિદ્યાર્થીને જુદું ટેપરેકોર્ડર અને બ્રેઇલ કીટ આપવામાં આવે છે.

(૩) શારીરિક ક્ષતિ ધરાવતી વ્યકિતઓને કેલીપર્સ, ઘોડી, સર્જિકલ બુટ, કૃત્રિમ પગ અથવા હાથ આપવામાં આવે છે.

(૪) બંને પગથી અપંગ વ્યકિતને વ્હિલ ચેર/ટ્રાઇસિકલ આપવામાં આવે છે.

(૫) મૂક-બધિરને શ્રવણયંત્ર આપવામાં આવે છે.

(બ) (૧) અપંગ વ્યકિત અથવા તેના વાલીની આવક મહિને રૂા. ૧,૨૦૦/- કરતાં ઓછી હોય તો સાધન વિના મૂલ્યે મળશે.

(૨) અપંગ વ્યકિત અથવા તેના વાલીની આવક મહિને રૂા. ૧,૨૫૦/- થી રૂા. ૨,૫૦૦/- હોય તો ૫૦ ટકા રકમ ભરવાથી મળશે.

(ક) ઉપરોકત સહાય મેળવવા માટે સંબંધિત સંસ્થાને અરજી કરવાની રહે છે. અરજી નીચે દર્શાવેલ વિગતો સાથે કરવી.

(અ) વિકલાંગતા દર્શાવતો સિવિલ સર્જનનો દાખલો

(બ) આવકનો પ્રમાણિત દાખલો

(ક) બંને પગથી અપંગ વ્યકિતનો પોતાની અપંગતા દર્શાવતો આખો ફોટો.

(ડ) કોઈપણ વ્યકિતને સરકારી / અર્ધસરકારી કે ખાનગી સંસ્થાઓમાંથી ઉપરોકત સહાય ન મળી હોય તો જ આ લાભ મળશે.

(ઈ) ભારત સરકારના કલ્યાણ મંત્રાલય દ્વારા, આ યોજનાના હેતુઆ માટે, કંપનીના કાયદા મુજબ નોંધણી પામેલ કંપની, સોસાયટી ટ્રસ્ટ અથવા સંસ્થા કે જેને માન્યતા આપવામાં આવેલ હોય તેવા ઉમેદવારોએ અરજી કરવાની રહેશે. અંબંધિત કંપની/સોસાયટી/ટ્રસ્ટ/સંસ્થા દ્વારા સહાય માટેની સંપૂર્ણ ચકાસણી બાદ ઉમેદવારોની લાયકાત નક્કી કરશે અને ત્યારબાદ ઉમેદવારને જે તે સાધનો ઉપરોકત મર્યાદા મુજબ ફાળવશે.

## શૈક્ષણિક

ગુજરાત રાજ્યમાં વિકલાંગોના કલ્યાણ ક્ષેત્રે તાલીમ, શિક્ષણ અને પુનઃવસવાટ તેમજ અશકતો માટે વિવિધ પ્રવૃતિઓ સરકારશ્રી દ્વારા તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચલાવાય છે. રાજ્યમાં આવેલી કુલ ૧૬૮ સંસ્થાઓ કાર્યરત છે.

સંસ્થાઓમાં ૧૨,૦૦૦ જેટલા લાભાર્થીઓ લાભ લઈ રહ્યા છે. આ સંસ્થાઓમાં તબીબી સારવાર, શૈક્ષણિક કાર્ય ઉપરાંત વ્યવસાયિક, ઔદ્યોગિક તાલીમ ખાસ પ્રકારની તાલીમી સ્ટાફ દ્વારા અપાય છે.

અમદાવાદ, જામનગર, અમરેલી, વલસાડ ખાતે વ્યવસાયિક, તાલીમ કેન્દ્રો કાર્યરત છે. તેમાં એન્જિયરીંગ, આર્મેચર વાઈન્ડીંગ, બુક બાઈન્ડીંગ, પ્લાસ્ટિક મોલ્ડીંગ, બ્રાસવર્ક, જેવી તાલીમ આપવામાં આવે છે.

## વિકલાંગ વિદ્યાર્થીઓને વિકલાંગ શિષ્યવૃતિ આપવાની યોજના.

### (અ) અપંગ શિષ્યવૃત્તિ મેળવવાની પાત્રતા

૧. અભ્યાસ કરતાં વિકલાંગ વિદ્યાર્થીની વિકલાંગ ટકાવારી ૨૫ ટકાથી ઓછી હોવી ન જોઇએ.

૨ છેલ્લી વાર્ષિક પરીક્ષા ઓછામાં ઓછાં ૪૦ ટકા ગુણથી ઉતીર્ણ હોવા જોઇએ.

૩. જે તે અભ્યાસમાં હાજરીની સંતોષકારક નિયમિતતા જરૂરી છે.

૪. ધોરણ - ૧ થી ધોરણ - ૮ માં અભ્યાસ કરતાં વિકલાંગ વિદ્યાર્થીના વાલીની કૌટુંબિક વાર્ષિક આવક રૂા. ૧૧,૦૦૦/- થી વધુ ન હોય.

૫. ધોરણ-૯ કે તેથી ઉપર અભ્યાસ કરતા વિકલાંગ વિદ્યાર્થીના વાલીની કૌટુંબિક વાર્ષિક આવક રૂા.૨૪,૦૦૦/- થી વધુ ન હોય

૬. વિકલાંગ ઓળખકાર્ડ ધરાવતા હોવા જોઇએ.

### (બ) વિકલાંગ શિષ્યવૃત્તિ શું મળે ?

૧. ધોરણ - ૧ થી ધોરણ - ૮ સુધીમાં ભણતા વિકલાંગ વિદ્યાર્થીને વાર્ષિક રૂા. ૫૦૦/-

૨. ધોરણ - ૯ કે તેથી વધુ અભ્યાસ કરતા વિકલાંગ વિદ્યાર્થીને રૂા. ૮૫૦/- કે તેથી વધુમાં વધુ રૂા. ૩૪૦૦/- સુધી.

૩. વિકલાંગ શિષ્યવૃત્તિ જે તે પ્રાથમિક શાળો તાલુકા વિકાસ અધિકારી દ્વારા મોકલવામાં આવે છે.

### (ક) વિકલાંગ શિષ્યવૃત્તિના અરજીપત્રકો મેળવવા અંગે

૧. દર વર્ષે શૈક્ષણિક કાર્ય શરુ થતાં ૧૫ મી જુન થી ૩૧ મી ઓગષ્ટ સુધી મળવા પાત્ર છે અને સંપૂર્ણ રીતે ભરીને પરત ઓગષ્ટનાં અંત સુધીમાં કરવાના હોય છે.

૨. અરજી પત્રકો શાળા, સ્કૂલ કે કોલેજ દ્વારા લખાણ આપવાથી રીન્યુઅલ ફોર્મ કે ફ્રેશ ફોર્મ આપવામાં આવે છે.

૩. અરજી પત્રકો જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીમાંથી વિના મૂલ્ય મળે છે.

### (ડ) વિકલાંગ શિષ્યવૃત્તિ અરજીપત્રકો સાથે સામેલ કરવાના પુરાવા

૧. વિકલાંગ વિદ્યાર્થીનું વિકલાંગ ઓળખકાર્ડ તથા જે તે નિષ્ણાત તબીબનું ટકાવારીનું પ્રમાણપત્ર.

૨. વાલીની વાર્ષિક આવકનો સક્ષમ અધિકારીનો દાખલો.

૩. ગત વર્ષની વાર્ષિક પરિણામની પ્રમાણિત નકલ

૪. અરજીપત્રકો જે તે શૈક્ષણિક સંસ્થા દ્વારા માહિતી સાથે મોકલવાના હોય છે.

૫. વિદ્યાથીએ એસ. સી. એસ. ટી. બક્ષીપંચ, કે સામાન્ય હોવા અંગે અલગ અલગ પત્રક સાથે અરજીપત્રકો મોકલવા.

## (ઈ) વિકલાંગ શિષ્યવૃત્તિ કયારે મળવા પાત્ર થતી નથી ?

૧. વિકલાંગ વિદ્યાર્થી શાળા, સ્કૂલ કોલેજ કે શૈક્ષણિક સંસ્થામાં અનિયમિત હોય ત્યારે.

૨. અભ્યાસ છોડી દેવાથી.

૩. વિદ્યાર્થીનું આકસ્મિક મુત્યુ થવાથી.

૪. પછાત વર્ગ કે આદિજાતિની શિષ્યવૃત્તિ મેળવતા હોય તો.

**શિષ્યવૃત્તિ મંજુર કરવાની સત્તા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીને સોપવામાં આવી છે.**

## વિકલાંગ વ્યકિતઓને સાધન સહાય આપવાની યોજના

### (અ) વિકલાંગ સાધન સહાય કોને મળે ? (તેની પાત્રતા)

૧. અરજદારની ઉંમર ૫ (પાંચ) વર્ષથી ૫૦ વર્ષની ઉંમર સુધીની વ્યકિતને મળવા પાત્ર

૨. ૪૦ ટકા કે તેથી વધુ અપંગતા ધરાવતી વ્યકિતને

૩. અંધ વ્યકિત તેમજ બહેરી-મૂંગી વ્યકિતને

૪. કુટુંબની વાર્ષિક આવક રૂા. ૧૧૦૦૦/- થી વધુ ન હોવી જોઇએ.

૫. ગુજરાત રાજયના વતની હોવા જોઇએ

૬. વિકલાંગ ઓળખકાર્ડ ધરાવતા હોવા જોઇએ.

### (બ) આર્થિક સાધન સહાય શું મળી શકે ?

૧. અપંગ. વ્યકિતને કુત્રિમ અવયવ માટે, ઘોડી (બુટ. કેલીપર્સ, ત્રણ પૈડાંવાળી સાયકલ, બે પૈંડાવાળી સાયકલ.

૨. સ્વરોજગારી માટે હાથલારી, સિલાઇમશીન, મોચીકામ માટેના સાધન.

૩. બહેરી-મૂંગી વ્યકિત માટે હીયરીંગ એઇડ તેમજ અન્ય સાધન સહાય.

૪. અંધ વ્યકિત માટે સંગીતના સાધનો.

૫. ઉપરોક્ત આર્થિક સાધન સહાય રૂા. ૧૫૦૦/- ની મર્યાદામાં આપવામાં આવે છે.

૬. અરજીપત્રક જિલ્લા સમાજસુરક્ષા કચેરીમાંથી વિનામૂલ્ય મળે છે.

૭. અરજદારે અરજીપત્રક જિલ્લા સમાજસુરક્ષા અધિકારીને રજૂ કરવાનું રહેશે.

### (ક) અરજીપત્રક સાથે સામેલ કરવાના પુરાવા

૧. ઉંમરનો પુરાવો.

૨. વિકલાંગ ઓળખકાર્ડની ઝેરોક્ષ નકલ.

૩. સક્ષમ અધિકારીનો આવકનો દાખલો.

૪. સ્વરોજગારી માટે અનુભવ કે તાલીમનો દાખલો.

- વિકલાંગ વ્યકિતને તેમની જરૂરિયાત મુજબ સહાય મેળવવા અરજી કરતાં ચાલુ નાણાકીય વર્ષમાં મંજૂર કરવામાં આવે છે. અને સ્વૈચ્છિક સામાજિક સંસ્થાઓના સૌજન્યથી વિકલાંગ વ્યકિતને સાધન સહાય આપવામાં આવે છે.
- મંજૂર કરવાની સત્તા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીને સોંપવામાં આવેલ છે.

## વિકલાંગો માટેની ખાસ રોજગાર કચેરીઓ

વિકલાંગોને નોકરી અપાવામાટે આવી કચેરીઓ અમદાવાદ, વડોદરા, સુરત, મહેસાણા, રાજકોટ અને જુનાગઢ ખાતે આવેલી છે. જુનાગઢ ખાતે નવી કચેરી શર કરવાની મંજૂરી તાજેતરમાં મળી છે. ઉપરાંત દરેક જિલ્લાની રોજગાર કચેરીમાં વિકલાંગો માટે અલગ નોંધણી કરવામાં આવે છે.

## રાષ્ટ્રીય પારિતોષિક

વિકલાંગ કલ્યાણક્ષેત્રે કામ કરતી વ્યકિત અને સંસ્થાઓને શ્રેષ્ઠ કામગીરી બદલ ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય પારિતોષિક દ્વારા સન્માનિત કરવા જુન ૧૯૯૨ થી આ યોજના અમલમાં છે.

૧. વ્યકિતગત રૂા. ૨૦,૦૦૦ અને પ્રશસ્તિપત્ર.

૨. સંસ્થાકીય રૂા. ૧,૦૦,૦૦૦ અને પ્રશસ્તિપત્ર.

તંદુપરાંત રાજ્ય પારિતોષિક યોજના હેઠળ આ ક્ષેત્રે કામગીરી કરતી બે વ્યકિત અને બે સંસ્થાઓને સન્માનીત કરવાના હેતુથી જુનુ ૧૯૯૨ થી આ યોજના અમલમાં છે.

૧. વ્યકિતગત રૂા. ૧૦,૦૦૦ અને પ્રશસ્તિપત્ર (બે વ્યકિત)

૨. સંસ્થાગીય દરેકને રૂા. ૨૫,૦૦૦ અને પ્રશસ્પિત્ર (બે સસ્થાને)

## કેન્દ્રીય પુરસ્કૃત યોજના

ભારત સરકારશ્રીના કલ્યાણ મંત્રાલય દ્વારા સ્વૈચ્છિક સંસ્થાઓને શાળા-છાત્રાલયોના મકાનો તેમજ વ્યવાસાયિક તાલીમના સાધનો માટે તેમજ કૃત્રિમ અવયવો માટે ગ્રાન્ટ મંજુર કરવામાં આવે છે. આ કામગીરી સ્વૈચ્છિક સંસ્થા દ્વારા થાય છે.

## વૃદ્ધાશ્રમ

રાજયમાં વૃદ્ધ અને અશકત નિરાધાર વ્યકિતઓ, નિરાધાર હાલતમાં મુકાય ત્યારે તેમને આશ્રય મળી રહે અને પાછાળની જિંદગી શાંતિથી ગાળી શકે તે માટે ૨૧ વૃદ્ધાશ્રમો સ્વૈચ્છિક ધોરણે કાર્યરત છે.

### તીવ્ર વિકલાંગતા ધરાવતી વ્યકિતને આર્થિક સહાય આપવા માટેની સંત સુરદાસ યોજના

આ યોજના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક અંગે અપંગ / ૧૦૨૦૦૦/ન. બા-૪/ છ તા. ૨૨/૯/૨૦૦૦ ના ઠરાવથી રાજયમાં અમલમાં આવેલ છે.

૧. આ યોજના ૪૫ વર્ષ કરતાં વય જુથની ૭૫ ટકા કરતાં કે તેથી વધારે વિકલાંગતા ધરાવતી વ્યકિતઓને લાગુ પડશે. અથવા તો જે કૃત્રિમ અંગોથી પણ સ્વતંત્ર રીતે હલનચલન કે હરીફરી શકતા નથી તેમને લાગુ પડશે.

૨. ૭૫ ટકા કે તેથી વધુ વિકલાંગતા ધરાવતી અને ૧૮ વર્ષથી નીચેની વય જુથની વ્યકિતઓને માસિક રૂા. ૧૦૦/- (અંકે રૂપિયા સો પુરા. ની (સહાય આરોગ્ય) અને શિક્ષણ પેટે ચુકવવામાં આવશે.

૩. આ યોજના તળે ૧૮ થી ૪૫ વર્ષના વય જુથના અને ૭૫ ટકા કે તેથી વધુ વિકલાંગતા ધરાવતી વ્યકિતઓને માસિક રૂા. ૨૦૦/- (અંકે રૂપિયા બસો પુરા. ની સહાય ચુકવવામાં આવશે.

૪. અરજદારના કુટુંબના કોઇપણ સભ્યનું નામ ગરીબી રેખા નીચે જીવતા કુટુંબની યાદીમાં સમાવિષ્ટ થતું હોવું જોઇએ.

૫. આ યોજના હેઠળ સહાય મેળવતી વિકલાંગ વ્યકિતઓને સરકાર શ્રી તરફથી નિયમાનુસાર મળતી અન્ય સહાય પણ મળી શકશે.

૬. અરજદાર રાજય સરકાર તરફથી આપવામાં આવતું અપંગ ઓળખકાર્ડ ધરાવતા હોવા જોઇએ.

૭. લાભાર્થીનો કોઇ પુત્ર ૨૧ વર્ષથી વધુ વયનો ન હોવો જોઇએ.

૮. પુત્ર ૨૧ વર્ષથી વધુ ઉંમરનો હોય પરંતુ માનસિક અસ્થિર, અશકત અને વિકલાંગતા ૭૫ ટકાથી વધારે હોય તો સહાય મળવા પાત્ર થશે.

૯. સંબંધિત વિકલાંગ વ્યકિતને તેના વાલી ઓછામાં ઓછાં ૧૦ વર્ષથી ગુજરાત રાજયમાં કાયમી વસવાટ હોવા અંગે સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર.

૧૦. અરજદારે આ લાભ મેળવવા માટે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી દ્વારા નિયત થયેલ અરજીફોર્મમાં સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીને અરજી કરવાની રહેશે.

### અરજીપત્રક સાથે સામેલ રાખવાના પુરાવા

૧. ઉંમરનો પુરાવો.

૨. વિકલાંગ ઓળખકાર્ડની ઝેરોક્ષ નકલ તથા નિષ્ણાત તબીબીનું અપંગતાનું ટકાવારીનું પ્રમાણપત્ર.

૩. ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની યાદીમાં સમાવિષ્ટ હોવા અંગેનો પુરાવો.

## રાજયના વિકલાંગ વ્યકિતઓને, શિક્ષણ, તાલીમ અને સામુહિક પુન:સ્થાપના માટે મહર્ષિ અષ્ટ્રાવક સમુદાય આધારિત વિકલાંગ પુન:સ્થાપના યોજના.

રાજય સરકારે વિકલાંગ વ્યકિતઓને કેન્દ્ર તેમજ રાજય સરકાર તરફથી આપવામાં આવતી સુવિધાઓની જાણકારી મળી રહે તે માટે મહર્ષિ અષ્ટ્રાવક સમુદાય આધારીત વિકલાંગ પુન:સ્થાપન યોજના અમલમાં મુકેલ છે. રાજયમાં કુલ ૨૨૫ તાલુકા પૈકી ૭૫ તાલુકામાં નીચે મુજબની શરતોને આધીન નોડેલ એજન્સી દ્વારા સ્વૈચ્છિક સંસ્થા મારફત યોજના રાજયમાં અમલમાં બનશે.

૧. મહર્ષિ અષ્ટ્રવક્ર સમુદાય આધારીત વિકલાંગ પુન:સ્થાપન યોજના હેઠળ સ્વૈ. સંસ્થાઓ, પબ્લિક ટ્રસ્ટ એકટ, અથાવ રજીસ્ટ્રેશન ઓફ સોસાયટી એકટ ૧૯૬૦ અન્વયે નોંધાયેલી હોવી જોઇએ.

૨. વિકલાંગ ધારા - ૧૯૯૫ ની કલમ-૫૨ હેઠળ સંસ્થાએ માન્યતા મેળવી હોવી જોઇએ, આ માન્યતા માટે નવા નિયમો બનાવ્યા બાદ તેની અમલ કરવાની રહેશે.

૩. સ્વૈચ્છિક સંસ્થાઓ પૈકી જે સંસ્થાઓ વિકલાંગના વિકાસ, પુર્નવસન, શિક્ષણ આરોગ્ય સાથે સંકળાયેલ હોય તેને અગ્રીમતા આપવામાં આવશે.

૪. સ્વૈચ્છિક સંસ્થાની પ્રવૃત્તિનો આશય ધંધાદારી હોવો જોઇએ નહીં.

૫. સંસ્થાને સરકારી ગ્રાન્ટ મળે ત્યાં સુધી પોતાના નાણામાંથી પ્રોજેકટ ચલાવી શકે તેવી સદ્ધરતા ધરાવતી સંસ્થાને અગ્રતા આપવામાં આવશે.

સદર યોજના સમાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક અપંગ/૧૦૯૯/ ના-બા-૧/છ તા. ૧૫-૨-૨૦૦૧ અમલમાં આવેલ છે.

## નિરાધાર વૃદ્ધો અને અશકતો માટે પેન્શન યોજના
## ગુજરાત રાજ્યમાં ૧૯૭૮ થી અમલી.

રાજ્ય સરકાર તરફથી ૬૦ વર્ષથી ઉપરના વૃદ્ધો પુરૂષો, સ્ત્રીઓ અને ૪૫ વર્ષ કે તેથી મોટા વયના વિકલાંગ કે જેને ૨૧ વર્ષનો પુત્ર ન હોય અને જો હોય તો તે વિકલાંગ કે અશકત હોય અને કમાવા માટે અશકિતમાન હોય તો તેવું તબીબી પ્રમાણપત્ર હોય તથા વ્યકિતગ વાર્ષિક આવક રૂા. ૨૪૦૦ થી વધારે અને કૌટુંબિક વાર્ષિક આવક રૂા. ૪,૫૦૦ થી વધતી ન હોય તેવી વ્યકિતઓને માસિક રૂા. ૨૦૦ નું પેન્શન ચુકવવામાં આવે છે. તા. ૧૫-૮-૯૫ થી ૬૫ વર્ષ થી ઉપરના લાભાર્થીઓને રૂા. ૭૫ ભારત સરકારશ્રી તરફથી વધારાની સહાય કરવામાં આવે છે. આનો અમલ જિલ્લા કલેકટરશ્રીઓ દ્વારા હાથ ધરવામાં આવે છે.

**અ. લાભ કોને મળી શકે ?**

૧. સ્ત્રી કે પુરુષ ૬૦ વર્ષ કે તે કરતાં વધુ ઉંમરના નિરધાર વૃદ્ધ વ્યકિતને.

૨. ૨૧ વર્ષનો પુત્ર ન હોય.

૩. વિકલાંગ હોય તો વિકલાંગતા ૭૫ ટકા થી વધારે અને ઉંમર ૪૫ વર્ષ કે તે કરતાં વધુ હોવી જોઇએ.

૪. પુત્ર માનસિક અસ્થિર હોય તો.

૫. અરજદારની વ્યકિતગત આવક રૂા. ૨૪૦૦/- અથવા કુટુંબની વાર્ષિક આવક રૂા. ૪૫૦૦/- થી વધુ ન હોવી જોઇએ

૬. ઓછામાં ઓછાં ૧૦ વર્ષથી ગુજરાત રાજ્યમાં કાયમી વસવાટ હોય તો.

**બ. લાભ શું મળે ?**

૧. અરજદારની ઉંમર ૬૦ વર્ષ કે તેથી ઉપરની ઉંમર હોય તો માસિક રૂા. ૨૦૦/-

૨. ભારત સરકારશ્રીની યોજના મુજબ નિરાધાર વૃદ્ધ પુરુષ કે સ્ત્રીની ઉંમર ૬૫ વર્ષથી વધુ હોય તો રૂા. ૭૫/- માસિક મળવા પાત્ર.

આમ ગુજરાત રાજ્ય અને ભારત સરકારશ્રીની યોજના મુજબ અરજદારની ઉંમર ૬૫ વર્ષ કે તેથી વધુ હોય તેમને રૂા. ૨૭૫/- (૨૦૦/+૭૫. માસિક પેન્શન મળવા પાત્ર થાય છે.

૩. સહાય/પેન્શન રૂા. ૨૦૦/- કે રૂા. ૨૭૫/- મનીઓર્ડર દ્વારા મોકલી આપવામાં આવે છે

**ક. અરજીપત્રક કયાંથી મળવા પાત્ર થાય છે.**

૧. જિલ્લા કલેકટર કચેરી,

૨. પ્રાંત કચેરીએ અરજીફોર્મ વિનામૂલ્યે મળે છે.

અરજીપત્રક ઉપરોકત કચેરીએથી વિના મુલ્યે મળે છે.

૬૫ વર્ષથી ઉપરના વૃદ્ધો માટેની ભારત સરકારની રૂા. ૭૫ની વધારાની સહાય યોજના તા. ૧૫-૮-૧૯૯૫ થી અમલમાં આવેલ છેઇ

અરજદારની અરજી કચેરીને મળે તેની ચકાસણી માટે જે તે તાલુકાના મામલતદારને મોકલી આપવામાં આવે છે. જે આવેથી મંજૂર/ના મંજૂર કરવાની સત્તા પ્રાંત અધિકારીને સોંપવામાં આવેલ છે.

## રાષ્ટ્રીય કૌટુંબિક આર્થિક સહાય યોજના
## નેશનલ ફેમીલી બેનેફીટ સ્કીમ.
## યોજનાનો અમલ ૧૫-૮-૧૯૯૫ થી.

**અ. લાભ કોને મળી શકે ?**

૧. અરજદાર ગરીબી રેખા નીચે આવતા હોય અથવા કુટુંબની વાર્ષિક આવક રૂા. ૧૧,૦૦૦/- થી વધુ ન હોવી જોઇએ. કુટુંબના મુખ્ય કમાઉ વ્યકિત સ્ત્રી કે પુરૂષનું મૃત્યુ કુદરતી રીતે અથવા અકસ્માતથી થયેલ હોવું જોઇએ.

૨. મૃત્યુ પામનાર પુરુષ / સ્ત્રીના ઉંમર ૧૮ વર્ષથી વધુ અને ૬૫ વર્ષથી ઓછી હોવી જોઇએ.

**બ. લાભ શું મળવા પાત્ર થાય ?**

૧. કુદરતી રીતે મૃત્યુ પામનારના કુટુંબને રૂા. ૫,૦૦૦/- પણ.

૨. તા. ૧-૮-૧૯૯૮ થી કુદરતી રીતે મૃત્યુ પામનારના કુટુંબને રૂા. ૧૦,૦૦૦/- મળવાપાત્ર થાય છે.

૩. અકસ્માતના સંજોગોથી મૃત્યુ પામનારના કુટુંબને રૂા. ૧૦,૦૦૦/- મળવા પાત્ર થાય છે.

**ક. અરજી કયાં કરવી ?**

૧. શહેર વિસ્તાર માટે જે તે પ્રાંત કચેરીને અરજી કરવાની રહેશે.

૨. ગ્રામ્ય વિસ્તાર માટે આ યોજના હેઠળ દાવો જિલ્લા નાયબ વિકાસ અધિકારીશ્રીને અરજી કરી કરવાનો રહેશે.

૩. મહાનગરપાલિકા વિસ્તાર માટે કમિશનર મહાનગરપાલિકાને અરજી કરવાની રેહશે

આ યોજના હેઠળની રકમ મંજૂર કરવાની સત્તા ઉપરોકત અધિકારીશ્રીઓ હસ્તક રહેશે. આ યોજના હેઠળ મંજૂર થયેલ રકમ ચેકથી અરજદારને મહાનગરપાલિકા, તાલુકા વિકાસ અધિકારી કે મામલતદાર દ્વારા આપવાની રહેશે.

**સરકાર તરફથી મળતા લાભોની વિસ્તૃત માહિતી**

**૧. મકાન સહાય :**

- રૂા. ૩૦,૦૦૦/- નવીન મકાન
- રૂા. ૧૦,૦૦૦/- રીપેરીંગ

**(અ) આદિજાતિ જ્ઞાતિ માટે :**

**(બ) બક્ષીપંચ માટે :**

**(ક) અનુસુચિ જાતિ માટે (શહેર) :**

**(ડ) અનુસુચિત જાતિ માટે (ગ્રામ્ય) :**

- બી.પી. એલ. કાર્ડની પ્રમાણિત નકલ.
- ખુલ્લા પ્લોટની પ્રોપર્ટી કાર્ડની નકલ.
- બાંધકામ પરવાનગી ચિઠ્ઠી.
- મકાનનો નકશો.
- જાતિ તથા આવકનો ટી.ડી.ઓ. અથવા મામલતદારશ્રીનો દાખલો.
- મકાનપેટે આ પહેલાં કોઇ લાભ લીધેલ નથી તેવો ટી.ડી.ઓ શ્રીનો દાખલો.
- રેશનકાર્ડની ઝેરોક્ષ.

**૨ દીકરી સાચી મૂડી : (મુદત : જનમ તારીખથી બારમાસ દરમિયાન રૂા. ૫૦૦/- રોકડા તથા રૂા. ૨,૫૦૦/- ની ૧૮ વર્ષની ફિકસ ડિપોઝીટ રસીદ.**

**(અ) આદિજાતિ જ્ઞાતિ માટે :**

**(બ) બક્ષીપંચ માટે :**

**(ક) અનુસુચિત જાતિ માટે (શહેર) :**

**(ડ) અનુસુચિત જાતિ માટે (ગ્રામ્ય) :**

→ બાળકીનો તથા તેના માતા-પિતાના જન્મના દાખલા.

→ રૂા. ૧૧,૦૦૦/- થી ઓછી વાર્ષિક આવકનો દાખલો.

→ રેશનકાર્ડની ઝેરોક્ષ.

→ બાળકીની માતાનો જાતિનો દાખલો.

→ આ યોજના હેઠળ કોઈ લાભ લીધેલ નથી કે ત્રણ કરતાં વધારે બેબી નથી તેવો તલાટીશ્રીનો દાખલો.

**૩. કુંવરબાઈનું મામેરું :**

**(રૂા. ૫,૦૦૦/- મુદત:લગ્નથી બારમાસ દરમિયાન)**

**(અ) આદિજાતિ જ્ઞાતિ માટે :**

**(બ) બક્ષી પંચ માટે :**

**(ક) અનુસૂચિત જાતિ માટે (શહેર) :**

**(ડ) અનુસૂચિત જાતિ માટે (ગ્રામ્ય) :**

→ કન્યાની ઉંમરનો દાખલો ૧૮ વર્ષ.

→ યુવકની ઉંમરનો દાખલો ૨૧ વર્ષ.

→ કન્યાના પિતાનું રેશનકાર્ડ.

→ કંકોત્રી

→ આ કન્યાના પિતાની વાર્ષિક આવકનો દાખલો રૂા. ૧૧,૦૦૦/- થી ઓછી.

**૪. અપંગોને સાધન સહાય : (૪૦% થી વધારે અપંગ)**

→ રેશનકાર્ડની નકલ

→ આવકનો દાખલો વાર્ષિક રૂા. ૧૧,૦૦૦/- થી ઓછી. આ અંગે મામલતદાર, રાજયપત્રિત અધિકારી, ધારાસભ્ય કે સંસદ સભ્યનું સર્ટીફિકેટ.

→ ઓળખકાર્ડની ઝેરોક્ષ.

→ અનુભવનું સર્ટીફિકેટ. શિવણ મશીન માટે તાલીમવર્ગનું સર્ટીફિકેટ.

→ સિવિલ સર્જનના સર્ટીફિકેટ ઝેરોક્ષ

→ છેલ્લા ૫ વર્ષમાં અપંગ સહાયમાં સાધન સહાય લીધી નથી ઓછી. ૭૫% થી વધારે અપંગ અને અંધને ૪૫ વર્ષની વચે આ લાભ મળે છે.

તેવું ધારાસભ્ય, ટી. ડી. ઓ. તથા મામલતદારશ્રીનું પ્રમાણપત્ર.

**૫. વૃદ્ધપેન્શન : (૨૧ વર્ષથી મોટો પુત્ર ના હોવો જોઈએ)**

→ પાસપોર્ટ સાઈઝનો ફોટો.

→ ઉંમરના દાખલો (૬૦ વર્ષ

→ રેશનકાર્ડની ઝેરોક્ષ.

→ તલાટીશ્રીનો આવકનો દાખલો (વાર્ષિક રૂા. ૨,૪૦૦/- થી ઓછી. ૭૫% થી વધારે અપંગ અને અંધને ૪૫ વર્ષની વયે આ લાભ મળે છે.

**૬. રાષ્ટ્રીય કુટુંબ સહાય : (રૂા. ૧૦,૦૦૦/-)**
**મુખ્ય માણસનું મૃત્યુ થાય તો.**

→ સ્વ. ના મરણનો દાખલો.

→ રેશનકાર્ડની ઝેરોક્ષ.

→ સ્વ. ની ઉંમરનો દાખલો.

→ ગરીબીરેખા નીચે જીવતા હોવાનો દાખલો.

→ વાર્ષિક રૂ. ત ૧૧,૦૦૦/- થી ઓછી આવકનો દાખલો મામલતદારશ્રી અથવા ટી. ડી. ઓ. શ્રી નો.

→ સર્કલ શ્રી/ટી. ડી. ઓ. શ્રીનો અભિપ્રાય

**૭. ખેડૂત વિમા યોજના : (મુદત : અકસ્માતથી સાઈઠ દિવસ દરમિયાન.**
**એક હાથ કે એક પગ કપાઈ જાય તો રૂા. ૨૫,૦૦૦/-**
**બે હાથ કે બે પગ કપાઈ જાય તો રૂા. ૫૦,૦૦૦/-**

→ પોસ્ટમોર્ટમ રિપોર્ટ : અકસ્માતથી મૃત્યુ થાય તો જેવો કે સાપ કરડવાથી, વાહનમાંથી પડી જવાથી, વીજળી, પાણીમાં ડૂબી જવાથી.

→ રેશનકાર્ડ

→ સાત બારનો ઉતારો.

**૮. નાના કારીગરો માટે :**

હાથલારી, સુથારી કામની પેઢી, શિવણમશીન, કડીયાકામની પેઢી વગેરે.

→ પાસપોર્ટ સાઈઝનો ફોટો

→ રેશનકાર્ડ

→ ધંધાનું અનુભવનું સર્ટીફિકેટ

→ તલાટીશ્રીનો અભિપ્રાય ફોર્મમાં ભરાવી લાવવો.

**૯. ત્યકતા વિધવા પેન્શન સહાય :**

**માસિક : ૫૦૦/- રૂા. + બાળક સુધી રૂા. ૮૦/- પ્રમાણે ૨ બાળક સુધી ૧૬૦/- રૂ..**

→ રેશનકાર્ડની ઝેરોક્ષ

→ પતિના મરણનો દાખલો

→ બાળકોના જન્મના દાખલા.

→ આવકનો દાખલો. ધારાસભ્ય, સંસદ સભ્ય, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, રાજય પત્રિત અધિકારી તાલુકા કે જિલ્લા પંચાયતના પ્રમુખ.

→ પાસપોર્ટ સાઇઝનો ફોટો.

→ ઉંમરનો દાખલો (ચૂંટણીનો ફોટો.

→ પેઢીનામું.

→ ત્યકતા માટે ફારગિત લેખ.

→ ત્યકતા હોવા અંગે માન્ય સંસ્થા કે પોલીસનો દાખલો.

**૧૦. અપંગોને બસનો પાસ : (૪૦%થી વધારે અપંગ)**

→ સ્ટેમ્પ સાઇઝનો ફોટો

→ રેશનકાર્ડની ઝેરોક્ષ

→ સિવિલ સર્જનનું અપંગતાનું ટકાવારીવાળું સર્ટીફિકેટ

**૧૧. ખેતમજૂર (પુરુષ કે સ્ત્રી. અકુદરતી અવસાન સહાય :**

સહાય : રૂા. ૨૧,૦૦૦/-

→ રેશનકાર્ડની ત્રણ નકલ.

→ ખેતમજૂરના દાખલા ત્રણ નકલ તથા તેના મૃત્યુના દાખલા ત્રણ નકલ.

→ પોલીસ ફરિયાદ, પંચનામું, પોસ્ટમોર્ટમ રીપોર્ટ.

→ ખેતમજૂરના નામે જમીન નથી તેવો તલાટીશ્રીનો દાખલો.

→ મરણોતર પંચનામું - ત્રણ નકલ.

કુદરતી મૃત્યુ થાય તો રૂા. ૧,૦૦૦/- (રેશનકાર્ડની ઝેરોક્ષ અને મરણનો દાખલો. જે તે તાલુકામાં મદદનીશ મંજૂર અધિકારને આ નકલો આપવી.)

# ગ્રામ્ય વિકાસ યોજનાઓ

## સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના (એસ.જી.આર.વાય.)

- **વેતન રોજગારી આપતો કાર્યક્રમ સરકારે જાહેર કરેલો છે ?**
  હા જી.

- **આ યોજનાનું નામ શું છે ?**
  સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના (એસ. જી. આર. વાય.)

- **યોજનામાં કેવા પ્રકારની વેતન રોજગારી મળે ?**
  સામાન્ય રીતે ત્રિકમ, પાવડો અને તગારા અને બે માનવહાથ વડે થઇ શકે તેવી શ્રમયુકત વેતન રોજગારી મળી શકે.

- **સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના શું છે ?**
  સંપૂર્ણ ગ્રામીણ રોજગાર એ ગ્રામ્ય વિસ્તારમાં જે કુટુંબો મજૂરી કામ પર આવી શકે તેવા કુટુંબોને વેતન રોજગારી પૂરી પાડતી યોજના છે.

- **આ યોજનામાં પ્રત્યેક માનવ દિન દીઠ કેટલું અનાજ અને રોજગારી / નાણાં મળે છે ?**
  નિયત લઘુતમ વેતન અધિનિયમ મુજબ વેતન તથા વેતનનો અંશતઃ ભાગ અનાજના રૂપમાં મહેનતાણું મળે છે.

- **આ યોજનામાં એક શ્રમજીવીને એક માનવ દિન દીઠ કેટલું અનાજ મળશે ?**
  એક દિવસની વેતન રોજગારી માટે શ્રમજીવીને ૫ કિલોગ્રામ અનાજ અપાય છે.

- **આ યોજનામાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે કોઇ વિશિષ્ટ જોગવાઇ કરવામાં આવી છે ?**
  યોજના હેઠળ ફાળવણીના ૨૨ ૧/૨% રકમો અનુ. જાતિ / જનજાતિ માટે ખર્ચ કરવાની છે.

- **યોજના હેઠળ નાણાકીય ફાળવણી કોને થાય છે અને અમલીકરણ કોના દ્વારા થાય છે ?**
  ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતને નાણાકીય ફાળવણી થાય છે અને તેમના દ્વારા અમલીકરણ કરવામાં આવે છે.

- **પ્રાથમિક તબક્કે રાજ્યની દરેક ગ્રામ પંચાયતને કેટલું રોકડ ફંડ ઉપલબ્ધ થશે ?**

- **રૂા. ૫૦,૦૦૦/- આ યોજનામાં કોન્ટ્રાકટ પદ્ધતિથી કામ કરાવી શકાય ?**
  યોજનામાં કોન્ટ્રાકટ પ્રથા ઉપર પ્રતિબંધ છે.

- **આ યોજના હેઠળ કયા કયા પ્રકારનાં કામો લઈ શકાય છે ?**
  દુષ્કાળ પ્રતિરોધક કામો જેવાં કે ભૂમિ અને વોટરશેઠ, પરંપરાગત જળસ્ત્રોતનો વિકાસ, વનીકરણ, લીન્ક રોડ, પ્રા. શા. ઓરડા, આરોગ્ય કેન્દ્રો તેમજ આરોગ્ય કેન્દ્રોનાં મકાનો, પશુ દવાખાનાંની સવલતો, માર્કેટ યાર્ડની સુવિધાઓ, પંચાયત ઘર વગેરે.

- **યોજનામાં કેવા પ્રકારનાં કામો ન કરી શકાય ?**
  ધાર્મિક હેતુ માટેનાં મકાનો, સ્વાગત મકાનો, પ્રતિમાઓ, સ્વાગત ગેટ, વિશાળ મકાનો અને પુલો, સરકારી મકાન, કમ્પાઉન્ડ વોલ, ઉચ્ચ માધ્યમિક શાળા અને કોલેજનાં મકાનો વગેરે.

- **આ યોજનામાં લાભ લેવા કોનો સંપર્ક કરવો ?**
  આ યોજનાનો લાભ લેવા માટે તલાટી-મંત્રી, ગ્રામ સેવક, તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને જિલ્લા પંચાયત કચેરીનો સંપર્ક કરી શકાય.

## ઈન્દિરા આવાસ યોજના (આઈ. એ. વાય.)

- **ગ્રામ્ય વિસ્તારના ગરીબી રેખા નીચે જીવતા પરિવારો માટે કેન્દ્ર સરકારની કોઈ આવાસ યોજના છે ?**
  હા જી.

- **આવાસ યોજનાનું નામ શું ?**
  ઈન્દિરા આવાસ યોજના.

- **આ યોજનામાં લાભ કોને મળે છે ?**
  ગ્રામ્ય વિસ્તારના ગરીબી રેખા હેઠળ જીવતા લક્ષ્યાંક જૂથના અનુ./જાતિ/ જનજાતિ, મુકત કરાયેલ વેઠિયા મજૂરો તથા અન્ય લક્ષ્યાંક જૂથના લાભાર્થીઓ.

- **આ યોજના હેઠળ શું લાભ આપવામાં આવે છે ?**
  આવાસની નિયત થયેલ યુનિટ કોસ્ટની મર્યાદામાં નવા આવાસ તથા કાચા મકાનની ગુણવત્તા સુધારણા (અપગ્રેડેશન) નો લાભ મળે છે.

- **આવાસના લાભ માટેના લાભાર્થીઓની પસંદગી કોણ કરે છે ?**
  ગરીબી રેખા હેઠળ જીવતા લક્ષ્યાંક જૂથ પૈકીના લાભાર્થીઓમાંથી પસંદગી સ્થાનિક કે ગ્રામ સભા મારફતે કરાય છે. જિલ્લા કક્ષાએ રચાયેલ સમિતિ આ ગ્રામ સભા દ્વારા પસંદ કરેલ લાભાર્થીઓ પૈકી યોજના હેઠળના લાભાર્થીઓની પસંદગી કરે છે.

- **યોજના હેઠળ (એક) આવાસની યુનિટ કોસ્ટ કેટકેટલી હોય છે ?**
  એક નવા આવાસની યુનિટ કોસ્ટ રૂા. ૪૦,૦૦૦/ છે, પણ આવાસ ભૂકંપ પ્રતિરોધક બનાવવું ફરજિયાત છે. એક કાચા મકાનની ગુણવત્તા સુધારણા (અપગ્રેડેશન) ની યુનિટ કોસ્ટ રૂા. ૧૦,૦૦૦/- છે.

- **યોજના હેઠળ આવાસ કેટલા વિસ્તારમાં બાંધવાનું હોય છે ?**
  ૨૦ ચો.મી. પ્લીન્થ એરિયા ધરાવતું આવાસ બાંધવાનું રહે છે.

- **આવાસ લાભાર્થી કયાં કયાં બાંધી શકે છે ?**
  સરકારે ફાળવેલ ઘરથાળનો પ્લોટ અથવા માલિકીના ખેતર કે પ્લોટ ઉપર પાકું મકાન બાંધી શકે છે.

- **આવાસમાં કઈ કઈ સવલત બનાવવી ફરજિયાત છે ?**
  આવાસમાં શૌસાલય અને નિર્ધૂમ ચૂલા બનાવવા ફરજિયાત છે.

- **આવાસ કેવા પ્રકારનું બાંધવાનું હોય છે ?**
  લાભાર્થીઓ જેતે વિસ્તારની આબોહવા, ભૌગોલિક પરિસ્થિતિ અને સ્થાનિક લોકોની રુચિ અન્વયે આવાસ બાંધી શકે છે.

- **આવાસનું કામ કોના દ્વારા કરવાનું રહે છે ?**
  આવાસ લાભાર્થી દ્વારા બાંધવાનું છે, તેમાં કોન્ટ્રાકટ પ્રથા બંધ છે.

- **આવાસ કોના નામે ફાળવવાનું હોય છે ?**
  આવાસ મહિલાના નામે આપવાનું છે. જો શકય ન હોય તો સંયુકત નામે આપવાનું રહે છે અને એ રીતે સનદ સંયુકત રાખવાની રહે છે.

# ગ્રામીણ આવાસ માટે ધિરાણ સહ સબસિડી યોજના

- **ધિરાણ સહ સબસિડી યોજના શું છે ?**
  ઈન્દિરા આવાસ યોજના હેઠળ નહીં આવરી લેવાયેલાં પણ એક મકાન ધરાવવાની ઈચ્છાવાળાં ગ્રામીણ કુટુંબોને આવાસ પૂરું પાડવાની યોજના છે.

- **આ યોજનાનો લાભ કોને મળવાપાત્ર છે ?**
  આ યોજનાનો લાભ વાર્ષિક રૂા. ૩૨,૦૦૦/- આવક ધરાવતાં બધાં જ ગ્રામીણ કુટુંબોને ગરીબી રેખાની સહેજ ઉપર જીવતા ગ્રામીણ ગરીબો પણ આ સ્કીમનો લાભ લઈ શકે છે.

- **આ યોજનામાં આવાસમાં કેટલી લોન આપવામાં આવે છે અને કેટલી સબસિડી આપવામાં આવે છે ?**
  આ યોજનામાં રૂા. ૪૦,૦૦૦/- ની મહત્તમ મર્યાદામાં લોન આપવામાં આવે છે, તેમાં સબસિડીનું પ્રમાણ રૂા.૧૦,૦૦૦/- છે.

- **આ યોજનામાં અનુસૂચિત જાતિ / જનજાતિ માટે કોઈ વિશિષ્ટ જોગવાઈ કરવામાં આવેલી છે ?**
  આ યોજનામાં ૬૦% મકાનો અનુ. જાતિ અને જનજાતિના ગ્રામીણ ગરીબોને ફાળવવામાં આવે છે.

- **સ્વસહાય જૂથ એટલે ૧૦ થી ૨૦ વ્યકિતઓનો સમૂહ.**
  અપવાદરૂપ કિસ્સામાં જેવા કે, રણ તેમજ છૂટાછવાયા વિસ્તારોમાં તેમજ, વિકલાંગના કિસ્સામાં અને લઘુ સિંચાઈ માટે પાંચ વ્યકિતઓનું જૂથ પણ હોઈ શકે.

- જૂથ પોતાની રીતે બચત કરે અન બચત ફંડમાંથી જૂથના સભ્યોને અંદરો-અંદર ધિરાણ કરે.

- જૂથ સક્ષમ થાય પછી ફરતું ભંડોળ મળે.

- જૂથને આર્થિક પ્રવૃત્તિ હાથ ધરવા માટે બેંકમાંથી ધિરાણ પણ મળી શકે.

- જૂથને જરૂરી તાલીમ, કૌશલ્ય વિકાસ માટેની તાલીમ, ઉત્પાદિત ચીજ-વસ્તુઓ માટે બજાર વ્યવસ્થા વગેરે આંતરમાળખાકીય સવલતો પણ યોજના હેઠળ મળી શકે.

---

*સ્રોતઃ (૧) સમાજ સુરક્ષા ખાતાની યોજનાકીય કામગીરી, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, અમદાવાદ.*
*(૨) ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર*

# પરિશિષ્ટ – ૨

## વિકલાંગતા સબંધી ધારાઓ

સંસદ દ્વારા નિયુક્ત કાયદો, ન્યાય અને કંપની બાબતો ના ખાતાએ વિકલાંગતા સબંધી અને ભારતમાં વિકલાંગ બાબતોને જાણવા થોડા કાયદા ઘડયા હતા

તે ચાર કાયદાઓ ની ઝાખી (મેન્ટલ હેલ્થ એકટ, ૧૯૮૭, રિહેબીલીટિશન કાઉશીલ ઓફ ઈન્ડિયા એકટ-૧૯૯૨, ધ પર્સન્સ વીથ ડિસેબેલીટી એકટ-૧૯૯૫ અને નેશનલ ટ્રસ્ટ એકટ-૧૯૯૯) વાંચકોને કાયદા તથા તેના કારણો અને ખ્યાલ આપવા ચાર પાનામાં આપવામાં આવે છે. વિસ્તાર તેના પેટા-મુદા સમજણ સાથે માટે વાચક મૂળને જુવે તેવી વિનંતિ છે

### મેન્ટલ હેલ્થ એક્ટ, ૧૯૮૭
### (૧૯૮૭ નો નંબર ૧૪) ૧

માનસિક માંદગીવાળી વ્યકિતઓ ની સારવાર અને સંભાળ સબંધિત કાયદો સુધારવા અને સુગઠિત કરવા, તેમના સબંધે, તેમની બાબતોમાં, તે સબંધિતબાબતોમાં કે પ્રાસંગિક બાબતો માટેનો કાનૂન.

**પ્રકરણ ૧ - પ્રાથમિક**

૧ ટુંકુ શીર્ષક, વ્યાપ અને

આ કાનૂનને માનસિક સ્વાસ્થ્ય કાનૂન, ૧૯૮૭ કહેવાશે.

તેનો સમગ્ર ભારતમાં વ્યાપ રહેશે.

**પ્રકરણ ૨ - માનસિક સ્વાસ્થ્ય સતાવાળાઓ**

પેટામુદા :

માનસિક સ્વાસ્થ્ય સેવાઓ માટે કેદ્રિય સતા

માનસિક સ્વાસ્થ્ય સેવાઓ માટે રાજય સતા

**પ્રકરણ ૩ - માનસિક સારવારની હોસ્પીટલો અને નર્સીંગ હોમ**

**પ્રકરણ ૪ - માનસિક સારવારની હોસ્પીટલો તથા નર્સીંગ હોમમાં પ્રવેશ અને નિદાન**

પેટામુદા :

ભાગ-૧ સ્વૈચ્છિક ધોરણે પ્રવેશ

ભાગ-૨ વિશિષ્ટ સંજોગામાં પ્રવેશ

ભાગ-૩ સ્વીકાર હુકમ

અ - અરજી આધારે સ્વીકાર હુકમ

બ - મેજિસ્ટ્રેટ સામે માનસિક અસ્વસ્થ વ્યકિતને હાજર કરી સ્વીકાર હુકમ

ક - કેટલાક પ્રકારની માનસિક અસ્વસ્થ વ્યકિતઓના પ્રવેશ તથા રાખવા માટેના વધારાની જોગવાઇ

ડ - આ પ્રકરણ હેઠળના હુકો સબંધમાં પરચુરણ જોગવાઇઓ

**<u>પ્રકરણ ૫ - માનસિક માંદી વ્યકિતઓની તપાસ તેને રજા આપવી, ગેરહાજરીની રજા અને દૂર કરવી</u>**

પેટામુદા :

ભાગ-૧ તપાસ

ભાગ-૨ રજા આપવી

ભાગ-૩ ગેરહાજરી ની રજા

ભાગ-૪ દૂર કરવી

**<u>પ્રકરણ ૬ - મિલકત ધરાવનાર કહેવાતી માનસિક માંદી વ્યકિત સબંધે ન્યાયિક તપાસ વ્યકિતનો કબજો અને તેની મિલકતનું સંચાલન</u>**

**<u>પ્રકરણ ૭ - માનસિક સારવારની હોસ્પિટલ કે નર્સીંગ હોમમાં રાખવામાં આવેલ માનસિક માંદી વ્યકિતના ખર્ચને જાળવવાની જવાબદારી</u>**

**<u>પ્રકરણ ૮ - માનસિક માંદી વ્યકિતના માનવ હકોથી રક્ષા (૮૧)</u>**

**<u>પ્રકરણ ૯ - સજાઓ અને વિધિ</u>**

**<u>પ્રકરણ - અન્ય</u>**

**૧૯૮૭ ના કાયદા ૧૪ ના હેતુઓ તથા કારણોનું વિધાન**

૧. માનસિક માંદગીથી પીડાતી વ્યકિતઓ તરફ સમાજનું વલણમાં ઠીક ઠીક પરિવર્તન આવ્યું છે અને હવે માનવામાં આવે છે કે આ માંદગી જો શકના તબક્કામાં તેનું નિદાન કરવામાં આવે તો, મટી શક તેવી હોવાથી તેના વિષે કોઇ નિદાભાવ રાખવાની જરૂર નથી આમ માનસિક માંદી વ્યકિતઓને અન્ય માંદી વ્યકિતઓ જેમજ સારવાર આપવી જોઇએ અને તેમના આસપાસનું પર્યાવરણ શકય તેટલું સહજ રાખવું જોઇએ.

૨. ૧૯૧૨ ના ‘ઇન્ડિયન લ્યૂન્સી એકટ (૧૯૧૨નોજ) ના અમલના અનુભવથી જણાયું છે કે તે હવે જરી-પૂરાણી બની ગયો છે વૈદકીય વિજ્ઞાનના ઝડપી વિકાસ તથા રોગના સ્વભાવ વિષે ની સમજ વધવાથી હવે એવી આવશ્યકતા ઊભી થઇ છે કે માનસિક માંદી વ્યકિતઓની સારવાર આ નવા અભિગમ સાથે થઇ શકે તેવી સગવડ કરી આપતા નવો કાનૂન આવે.

૩. એવું પણ જરૂરી મનાયું છે કે

- જેમના પાસે સ્વૈચ્છિક રીતે સારવાર મેળવવાની પૂરતી સમજ ન હોય તેવી માનસિક માંદી વ્યકિતઓના માનસિક સારવારની હોસ્પિટલો તથા નર્સીંગ હોમના પ્રવેશને નિમંત્રિત કરવો અને તે ત્યા હોય ત્યારે તેમના અધિકારોનું રક્ષણ કરવું
- જેઓ બીજાઓ માટે ભયજનક અથવા કંટાળાજનક બન્યા છે અથવા બની શકે તેવા માનસિક માંદા લોકોથી સમાજનું રક્ષણ કરવું.

- યોગ્ય કારણ વિના માનસિક સારવારની હોસ્પિટલ કે નર્સીંગ હોમમાં ગોંધી રાખવા સામે નાગરિકોનં રક્ષણ કરવું
- જેઓ પોતાની અંગત બાબતોનું સંચાલન કરી શકવા અશકિતમાન હોય તેવા માનસિક માંદા લોકોની સભાળ તથા રાખવાની સગવડો પૂરી પાડવી
- માનસિક આરોગ્ય સેવાઓ માટે કેન્દ્રિય સતા તથા રાજય સતાની સ્થાપના માટે સગવડ કરવી.
- માનસિક માંદી વ્યકિતઓ માટે માનસિક સારવારની હોસ્પિટલ તથા નર્સીંગ હોમ શરૂ કરવા તેને લાયસન્સ આપવા અને નિમંત્રિત કરવા સરકારની સતાને નિયંત્રિત કરવી.
- કેટલાક કિસ્સાઓમાં માનસિક માંદી વ્યકિતઓને સરકારી ખર્ચે કાનૂની મદદ કરવા વ્યવસ્થા કરવી.

૪. ખારડાનો મૂળભૂત હેતુ આ સૂચનોના અમલીકરણનો છે.

# ધ રિહેબીલીટિશન કાઉન્સીલ ઓફ ઈન્ડિયા એકટ,૧૯૯૨ (૧૯૯૨ નો નંબર-૩૪)

પૂનર્વસન-વ્યાવસાયિકોની તાલીમને નિમંત્રિત કરવા અને કેન્દ્રિય પુનર્વસન રજિસ્ટર જાળવવા અને આ સંબંધી અન્ય બાબતો સાથે સંપર્ક રાખવા ‘‘ભારતીય પુનર્વસન કાઉન્સીલ’’ ને બંધારણ પુરૂ પાળવા આ કાયદો છે.

પ્રજાસતાક ભારતના ૪૩માં વર્ષે ભારતની સંસદ દ્વારા આરીતે તે ઘડાયો છે.

## પ્રકરણ ૧ - સંસદીય

ટૂંકુ શીર્ષક અને આરંભ

૧. આ કાયદાને ‘‘ધ રિહેબીલીટિશન કાઉન્સીલ ઓફ ઈન્ડિયા એકટ ૧૯૯૨ તરીકે આોળખવામાં આવશે.

૨. આ કાનૂન કેન્દ્ર સરકાર તેના કાયદેસરના ગેઝેટમાં જાહેરાત દ્વારા જે તારીખ નકકી કરશે ત્યારથી અમલમાં આવશે.

## પ્રકરણ ૨

ભારતીય પુનર્વસન કાઉન્સીલનું બંધારણ અને કાયદેસરઆ અધ્યક્ષ અને સભ્યોની કચેરીના સભ્યો.
અપાત્રતા
સભ્યોની કચેરી છોડવી
વહીવટી સમિતિ અને અન્ય સમિતિઓ
સમિતિ
સભ્ય સચિવ અને કાઉન્સીલના સભ્યો
પુનર્વસન કાઉન્સીલનું વિસર્જન અને હક બદલી.

**<u>પ્રકરણ ૩ - કાઉન્સીલનાં કાર્યો</u>**

ભારતમાં પુનર્વસન માટે યુનિવર્સિટીઓ વગેરે દ્વારા અપાયેલ ઉપાધિઓને માન્યતા.
ભારત બહારની સંસ્થાઓ દ્વારા અપાયેલ ઉપાધિઓને માન્યતા
અભ્યાસક્રમો તથા પરીક્ષા બાબતે માહિતી મેળવવાની સતા
પરીક્ષાઓમાં નિરીક્ષકો
મુલાકાતીઓની ચકાસણી
માન્યતા રદ કરવી
શિક્ષણનું ન્યૂનતમ ધોરણ
રજિસ્ટરમાં નોંધ
રજિસ્ટરમાં નોંધાયેલ વ્યકિતઓના હકો
વ્યવસાયિક વર્તન અને રજિસ્ટરમાંથી નામ રદ કરવાં
રજિસ્ટરમાંથી રદ હુકમ સામે અપીલ
રજિસ્ટર
કાઉન્સીલ દ્વારા માહિતી પૂરી પાડવી અને તેનું પ્રકાશન
વિવિધ ગુનાઓનો સ્વીકાર
શુભ કે તુથ લીધેલ કાર્મોનું રક્ષણ
કાઉન્સીલના સભ્યો જાહેર સેવકો
નિયમો બનાવવાની સતા
ધારા બનાવવાની સતા
સંસદ સમલ નિયમો અને ધારા મૂકવા.

## વિકલાંગ વ્યકિતઓનો (સમાન તકો અધિકારોનું રક્ષણ અને સંપૂર્ણ સહભાગિતા) ધારો, ૧૯૯૫ - ૧૯૯૬ નો ક્રમાંક

એશિયા અને પેસેફિક વિભાગમાં વિકલાંગ લોકોની પૂરેપૂરી સહભાગિતા અને સમાનતા વિશેના જાહેર ઘોષણાપત્રને અસર આપવા માટેનો ધારો

એશિયા અને પેસેફિક વિભાગમાં ૧૯૯૩ થી ૨૦૦૨ ના વિકલાંગો માટેના દાયકાના શુભારંભ પ્રસંગે તા. ૧ થી ૫ ડીસેમ્બર ૧૯૯૨ માં બૈજિંગ ખાતે એશિયા અને પેસેફિક માટેના આર્થિક અને સામાજિક પંચ દ્વારા ભરાયેલી સભાએ એશિયા અને પેસેફિક વિભાગના વિકલાંગ લોકોની સંપૂર્ણ સહભાગિતા અને સમાનતા વિશેની જાહેર ઘોષણાપત્ર અપનાવ્યો હોવાથી

અને ભારતે સદર જાહેર ઘોષણાપત્ર પર સ્વીકૃતિની મહોર માહેલી હોવાથી
તેમ જ સદરહુ જાહેર ઘોષણાપત્ર અમલ કરવાનું આવશ્યક ગણાયેલું હોવાથી
પ્રજાસતાક ભારતના ૪૬ માં વર્ષમાં સંસદ દ્વારા તે નીચે મુજબ પસાર કરેલ છે.

**<u>પ્રકરણ ૧ - પ્રારંભિક</u>**

**સંક્ષિપ્ત શીર્ષક વ્યાપ વિસ્તાર અને આરંભ**

- આ ધારાને વિકલાંગ વ્યકિતઓનો (સમાન તકો અધિકારોનું રક્ષણ અને સંપૂર્ણ સહભાગિતા) ધારો ૧૯૯૫ કરી શકાશે.
- તે જમ્મુ અને કાશ્મીર રાજ્ય સિવાયના સમગ્ર ભારતમાં લાગુ પડે છે.
- તે કેન્દ્ર સરકાર અધિસૂચના દ્વારા જે તારીખ મુકરર કરે તે તારીખ થી અમલમાં આવશે.

**<u>પ્રકરણ ૨</u>**

કેન્દ્રીય સંકલન સમિતિ

**<u>પ્રકરણ ૩</u>**

રાજ્ય સંકલન સમિતી

**<u>પ્રકરણ ૪</u>**

વિકલાંગતાનું નિવારણ અને વહેલું નિદાન

**<u>પ્રકરણ ૫</u>**

શિક્ષણ

**<u>પ્રકરણ ૬</u>**

રોજગાર

**<u>પ્રકરણ ૭</u>**

સ્વકૃતિ સૂચક હકારાત્મક કાર્ય

**<u>પ્રકરણ ૮</u>**

ભેદભાવ

**<u>પ્રકરણ ૯</u>**

સંશોધન અને માનવશકિત વિકાસ

**<u>પ્રકરણ ૧૦</u>**

વિકલાંગ વ્યકિતઓ માટેની સંસ્થાઓને માન્યતા

**<u>પ્રકરણ ૧૧</u>**

ગંભીર વિકલાંગતાઓ હોય તેવી વ્યકિતઓ માટે સંસ્થા

**<u>પ્રકરણ ૧૨</u>**

વિકલાંગ વ્યકિતઓ માટેના મુખ્ય આયુકત અને આયુકતો

**<u>પ્રકરણ ૧૩</u>**

સામાજિક સુરક્ષા

**<u>પ્રકરણ ૧૪</u>**

સંકીર્ણ

## ધ નેશનલ ટ્રસ્ટ ફોર વેલફર ઓફ પર્સન્સ વીથ ઓટીસમ, સેરિબ્રેલ પાલ્સી, મેન્ટલ રિટાર્ડેશન એન્ડ મલ્ટીપલ ડિસેબીલીટી એકટ ૧૯૯૯ (૧૯૯૯નો નંબર ૪૪)

મગજનો લકવો, માનસિક મંદતા અને વિવિધ વિકલાંગતાવાળી વ્યકિતઓના કલ્યાણ માટે રાષ્ટ્રીય ટ્રસ્ટ નો કાયદો, ૧૯૯૯

મગજનો લકવો, માનસિક મંદતા અને વિવિધ વિકલાંગતા વાળી વ્યકિતઓના કલ્યાણ માટે તથા તે સબંધિત બાબતો માટે રાષ્ટ્રીય સ્તરની સંસ્થાનું બંધારણ પુરૂ પાળવા માટેનો કાયદો

ભારતીય સંસદ દ્વારા પ્રજાસતાકભારતના પચાસ વર્ષે તેને આ રીતે ઘડવામાં આવ્યો છે.

**પ્રકરણ ૧ પ્રાથમિક**

૧ આ કાનૂનને ‘‘ધ નેશનલ ટ્રસ્ટ ફોર વેલફર ઓફ પર્સન્સ વીથ ઓટીસમ, સેરિબ્રેલ પાલ્સી, મેન્ટલ રિટાર્ડેશન એન્ડ મલ્ટીપલ ડિસેબીલીટી એકટ ૧૯૯૯’’ તરીકે ઓળખાશે.

૨ તેનો વ્યાપ જમ્મુ અને કાશ્મિર રાજય સિવાય સમગ્ર ભારતમાં રહેશે.

**પ્રકરણ ૨**

નેશનલ ટ્રસ્ટ ફોર વેલ્ફેર ઓફ પર્સન્સ વીથ ઓરીઝમ, સેરિબ્રેલ પાલ્સ મેન્ટલ રિટાર્ડેશન એન્ડ મલ્ટીપલ ડિસેબીલીટી

**પ્રકરણ ૩**

બોર્ડની સતાઓ અને ફરજો

**પ્રકરણ ૪**

નોંધણી માટે વિધિ

**પ્રકરણ ૫**

સ્થાનિક સમિતિ

**પ્રકરણ ૬**

જવાબદારી અને નિરીક્ષણ

**પ્રકરણ ૭**

નાણા, હિસાબ વ્યવસ્થા અને ઓડીટ

**પ્રકરણ ૮**

પરચુરણ

---

સ્રોતઃ *(૧) વિકલાંગો માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓ, માહિતી ખાતું, ગુજરાત રાજય, ગાંધીનગર, જાન્યુઆરી–૨૦૦૩.*

# પરિશિષ્ટ – ૩

## વિકલાંગ ભાઈ-બહેનો તમારી મુંઝવણ માટે માત્ર એક ફોન કરો.



- ❖ સરકારશ્રી તરફથી મળતા લાભ.
- ❖ વિકલાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત સરકારી અને સ્વૈચ્છિક સંસ્થા-શાળાના નામ સરનામા.
- ❖ વિકલાંગ ઓળખ કાર્ડ અંગેની માહિતી.
- ❖ વિકલાંગ શિષ્યવૃત્તિ અંગેની માહિતી.
- ❖ વિકલાંગ સાધન સહાય ક્યાંથી મળશે.
- ❖ સંત સુરદાસ યોજનમાં મળતા લાભ.
- ❖ ભારત સરકારની વિવિધ યોજનાઓ.
- ❖ વિકલાંગોને રોજગારી માટે માર્ગદર્શન.
- ❖ મહર્ષિ અષ્ટાવક્ર યોજનામાં મળતા લાભ.
- ❖ ઉપરાંત બધીજ યોજનાઓના અરજી પત્રક મેળવવા માટે.

**નિયામક, સમાજ સુરક્ષા, ગુજરાત સરકારની માર્ગદર્શન આપતી**

# હેલ્પ લાઈન

**નો સંપર્ક કરો.**

# ૯૮૨૪૪ ૧૧૦૯૯

# પરિશિષ્ટ – ૪

## જો તમારા અધિકારો નકારવામાં આવી રહ્યા હોય તો,
## તમે તેના વિશે કંઈક કરી શકો છો?

જો તમે વિકલાંગતા ધરાવતી વ્યક્તિ હોવ અને તમારે વિકલાંગતાને કારણે ભેદભાવનો સામનો કરવો પડ્યો હોય તો, હવે તમે તમારી ફરિયાદના નિકાલ/નિવારણ માટે 'વિકલાંગ વ્યક્તિઓનો (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને સંપૂર્ણ સહભાગિતા) ધારો, ૧૯૯૫' હેઠળ સહાય માંગી શકો છો.

**સંપર્ક કરોઃ**
**વિકલાંગ વ્યક્તિઓ માટેના આયુક્તશ્રી**
ગુજરાત રાજ્ય.
પહેલો માળ, જૂનું વિધાન સભા બિલ્ડીંગ,
ટાઉન હૉલ પાસે, સેક્ટર–૧૭,
ગાંધીનગર–૩૮૨ ૦૧૭.
ફોનઃ ૨૩૨૫૬૭૪૬, ૨૩૨૫૬૭૪૭

આ ધારા હેઠળ આયુક્તશ્રી, પોતાની મરજીથી અથવા પીડિત/વ્યથિત વ્યક્તિની અરજીથી નીચેની બાબતોની ફરિયાદો જોશે:

- વિકલાંગ વ્યક્તિઓના અધિકારોનું વંચિત થવું.
- વિકલાંગ વ્યક્તિઓના કલ્યાણ અને અધિકારોના રક્ષણ માટે યથાયોગ્ય સરકાર અને સ્થાનિક સત્તાઓ દ્વારા કરવામાં આવેલા અથવા બહાર પાડવામાં આવેલા કાયદાઓ, નિયમો, પેટા–નિયમો, નિયમનો, કાર્યવાહક હુકમો, માર્ગદર્શનની રૂપરેખા અથવા સૂચનાઓનો અમલ ન થવો અને યથાયોગ્ય સત્તાઓ સાથે તે બાબતની વિચારણા હાથ ધરશે.

આયુક્તશ્રી કરી શકે છેઃ

- વિકલાંગ વ્યક્તિઓ માટે ઉપલબ્ધ કરવામાં આવેલા અધિકારો અને સુવિધાઓને સલામત રાખવા પગલા લેશે.
- રાજ્ય સરકારો દ્વારા આપવામાં આવેલાં ભંડોળોના ઉપયોગ ઉપર અંકુશ નજર રાખશે.

# પ્રતિભાવ માટેનું નમૂનાપત્રક

વાચકોને આ સ્વરૂપના હવે પછીના પ્રકાશનોમાં સુધારા–વધારા કરવાના તેઓના સૂચનોને સમાવવાનું અમારે માટે શક્ય બનાવવા આ નમૂનાનું પત્રક ભરવા નમ્ર વિનંતી કરવામાં આવે છે

૧. માહિતી પુસ્તિકામાંની નીચેની વિગતો મારે માટે ઉપયોગી નીવડી હતી.

________________________________________

________________________________________

૨. આ પ્રકાશનના ભવિષ્યના પ્રકાશનોમાં નીચેની વિગતોને સમાવવામાં આવે તો તે મને ગમશે.

________________________________________

________________________________________

________________________________________

૩. જે વિગતો હું શોધતો હતો/શોધતી હતી તેનું સ્થાન મેળવવાનું મારે માટે સહેલું હતું કારણ કે

________________________________________

________________________________________

________________________________________

૪. જે વિગતો હું શોધતો હતો/શોધતી હતી તેનું સ્થાન મેળવવાનું મારે માટે મુશ્કેલ હતું કારણ કે

________________________________________

________________________________________

________________________________________

મોકલનારનું સરનામુઃ તારીખઃ સહીઃ

---

કૃપા કરી આ પત્રક નીચેના સરનામે મોકલશોઃ

**ઉન્નતિ – વિકાસ શિક્ષણ સંગઠન**

જી–૧/૨૦૦ આઝાદ સોસાયટી,

અમદાવાદ–૩૮૦ ૦૧૫.